The Offer is being made through the Book Building Process, in terms of Rule 19(2)(b) of the SCRR read with Regulation 31 of the SEBI ICDR Regulations and in compliance with Regulation 6(1) of the SEBI ICDR Regulations, wherein not more than 50% of the Net Offer shall be allocated on a proportionate basis to Qualified Institutional Buyers ("**QIBs**") ("**QIB Portion**"), provided that our Company, in consultation with the Book Running Lead Managers may allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations ("**Anchor Investor Portion**"), of which, up to 40% of the Anchor Investor Portion shall be reserved in the following manner: (a) up to 33.33% shall be reserved for domestic Mutual Funds; and (b) up to 6.67% shall be reserved for Life Insurance Companies and Pension Funds, subject to valid Bids being received from domestic Mutual Funds, Life Insurance Companies and Pension Funds at or above the Anchor Investor Allocation Price. In the event of under-subscription in the Anchor Investor Portion reserved for Life Insurance Companies and Pension Funds, the unsubscribed portion shall be available for allocation to domestic Mutual Funds. In the event of under-subscription, or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the QIB Portion ("**Net QIB Portion**"). Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis only to Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIBs, including Mutual Funds subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to all QIBs. Further, not less than 15% of the Net Offer shall be available for allocation to Non-Institutional Bidders and not less than 35% of the Net Offer shall be available for allocation to Retail Individual Bidders ("**RIBs**") in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. One-third of the Non-Institutional Portion shall be available for allocation to Non-Institutional Bidders with a Bid size of more than ₹0.2 million and up to ₹1.0 million and two-thirds of the Non-Institutional Portion shall be available for allocation to Non-Institutional Bidders with a Bid size of more than ₹1.0 million provided that under-subscription in either of these two sub-categories of the Non-Institutional Portion may be allocated to Non-Institutional Bidders in the other sub-category of Non-Institutional Portion in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. Further, Equity Shares will be allocated on a proportionate basis to Eligible ICICI Bank Shareholders Bidding in the ICICI Bank Shareholders Reservation Portion, subject to valid Bids received from them at or above the Offer Price. All potential Bidders (except Anchor Investors) are mandatorily required to participate in the Offer through the Application Supported by Blocked Amount ("**ASBA**") process by providing details of their respective ASBA accounts and UPI ID in case of UPI Bidders, as applicable, pursuant to which their corresponding Bid Amount will be blocked by the Self Certified Syndicate Banks ("**SCSBs**") or by the Sponsor Bank(s) under the UPI Mechanism, as the case may be, to the extent of the respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Offer through the ASBA process. For details, see *"Offer Procedure"* beginning on page 436 of the RHP.

**Bidders/Applicants should ensure that DP ID, PAN, Client ID and UPI ID (for UPI Bidders bidding through UPI Mechanism) are correctly filled in the Bid cum Application Form. The DP ID, PAN and Client ID provided in the Bid cum Application Form should match with the DP ID, PAN, Client ID and UPI ID available (for UPI Bidders bidding through the UPI Mechanism) in the Depository database, otherwise, the Bid cum Application Form is liable to be rejected. Bidders/ Applicants should ensure that the beneficiary account provided in the Bid cum Application Form is active. Bidders/Applicants should note that on the basis of the PAN, DP ID, Client ID and UPI ID (for UPI Bidders bidding through the UPI mechanism) as provided in the Bid cum Application Form, the Bidder/Applicant may be deemed to have authorized the Depositories to provide to the Registrar to the Offer, any requested Demographic Details of the Bidder/Applicant as available on the records of the depositories. These Demographic Details may be used, among other things, for giving Allotment Advice or unblocking of ASBA Account or for other correspondence(s) related to the Offer. Bidders/Applicants are advised to update any changes to their Demographic Details as available in the records of the Depository Participant to ensure accuracy of records. Any delay resulting from failure to update the Demographic Details would be at the Bidders/Applicants' sole risk. Participant to ensure accuracy of records. Any delay resulting from failure to update the Demographic Details would be at the Bidders/Applicants' sole risk.**

**Investors must ensure that their PAN is linked with Aadhaar and are in compliance with the notification issued by Central Board of Direct Taxes notification dated February 13, 2020 and read with press releases dated June 25, 2021, September 17, 2021 and March 28, 2023 and any subsequent press releases in this regard.**

**Contents of the Memorandum of Association of our Company as regards its Objects:** For information on the main objects of our Company, please see *"History and Certain Corporate Matters - Main objects of our Company"* on page 220 of the RHP. The Memorandum of Association of our Company is a material document for inspection in relation to the Offer. For further details, see *"Material Contracts and Documents for Inspection"* on page 474 of the RHP.

**Liability of the Members of our Company:** Limited by shares.

**Amount of Share Capital of our Company and Capital Structure:** As on the date of the RHP, the authorised share capital of our Company is ₹750,000,000 divided into 750,000,000 Equity Shares of face value of ₹1 each. The issued, subscribed and paid-up Equity share capital of our Company is ₹494,258,520 divided into 494,258,520 Equity Shares of face value of ₹1 each. For details of the capital structure of the Company, see *"Capital Structure"* beginning on page 83 of the RHP.

**Names of the Initial Signatories to the Memorandum of Association of the Company and the Number of Equity Shares Subscribed by them:** The names of the initial signatories of the Memorandum of Association of our Company along with their allotment are: N. Vaghul, N. J. Jhaveri, Somnath Roy, K. J. Morparia, F. T. Sadikot, V. T. Gokhale and M. C. Shah. For details of the share capital history of our Company please see *"Capital Structure"* beginning on page 83 of the RHP.

**Listing:** The Equity Shares to be offered through the Red Herring Prospectus are proposed to be listed on the Stock Exchanges. Our Company has received 'in-principle' approvals from BSE and NSE for the listing of the Equity Shares pursuant to their letters each dated November 25, 2025. For the purposes of the Offer, the Designated Stock Exchange shall be NSE. A copy of the Prospectus shall be filed to the RoC in accordance with Sections 26(4) and 32 of the Companies Act, 2013. For details of the material contracts and documents available for inspection from the date of the Red Herring Prospectus up to the Bid/ Offer Closing Date, see *"Material Contracts and Documents for Inspection"* beginning on page 474 of the RHP.

**Disclaimer Clause of Securities and Exchange Board of India ("SEBI"):** SEBI only gives its observations on the offer documents and this does not constitute approval of either the Offer or the specified securities stated in the Offer Documents. The investors are advised to refer to page 400 of the RHP for the full text of the disclaimer clause of SEBI.

**Disclaimer Clause of BSE:** It is to be distinctly understood that the permission given by BSE Limited should not in any way be deemed or construed that the RHP has been cleared or approved by BSE Limited nor does it certify the correctness or completeness of any of the contents of the RHP. The investors are advised to refer to the page 402 of the RHP for the full text of the disclaimer clause of BSE.

**Disclaimer Clause of NSE (the Designated Stock Exchange):** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to page 402 of the RHP for the full text of the disclaimer clause of NSE.

**General Risks:** Investments in equity and equity-related securities involve a degree of risk and Bidders should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their entire investment. Bidders are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, Bidders must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares in the Offer have not been recommended or approved by SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus. Specific attention of the Bidders is invited to *"Risk Factors"* beginning on page 32 of the RHP.

### BOOK RUNNING LEAD MANAGERS TO THE OFFER

**Citigroup Global Markets India Private Limited**
1202, 12th Floor, First International Financial Center
G-Block Bandra Kurla Complex, Bandra (East)
Mumbai 400 098, Maharashtra, India
**Telephone:** +91 22 6175 9999
**E-mail:** icicipruentialamcipo@citi.com
**Investor Grievance e-mail:** investors.cgmib@citi.com
**Website:** www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm
**Contact Person:** Samrat Choudhary
**SEBI registration no.:** INM000010718

**ICICI Securities Limited#**
ICICI Venture House
Appasaheb Marathe Marg, Prabhadevi
Mumbai 400 025, Maharashtra, India
**Telephone:** +91 22 6807 7100
**Email:** ipamc.ipo@icicisecurities.com
**Investor Grievance e-mail:** customercare@icicisecurities.com
**Website:** www.icicisecurities.com
**Contact Person:** Ramesh Vaswana/ Rahul Sharma
**SEBI registration no.:** INM000011179

**Morgan Stanley India Company Private Limited**
Altimus, Level 39 & 40
Pandurang Budhkar Marg, Worli
Mumbai 400 018 Maharashtra, India
**Telephone:** +91 22 6118 1000
**E-mail:** icicipruamc_ipo@morganstanley.com
**Investor Grievance e-mail:** investors_india@morganstanley.com
**Website:** www.morganstanley.com/india
**Contact Person:** Param Purohit
**SEBI registration no.:** INM000011203

**Goldman Sachs (India) Securities Private Limited**
9th and 10th Floor, Ascent-Worli
Sudam Kalu Ahire Marg, Worli,
Mumbai 400 025, Maharashtra, India
**Telephone:** +91 22 6616 9000
**Email:** icicipruamcipo@gs.com
**Investor Grievance e-mail:** india-client-support@gs.com
**Website: www.goldmansachs.com**
**Contact Person:** Saurav S / Nishigandha Kulkarni
**SEBI registration no.:** INM000011054

**BofA Securities India Limited**
Ground Floor, "A" Wing, One BKC "G" Block,
Bandra Kurla Complex Bandra (East)
Mumbai 400 051, Maharashtra, India
**Tel:** + 91 22 6632 8000
**E-mail:** dg.ipru_amc_ipo@bofa.com
**Investor Grievance e-mail:** dg.india_merchantbanking@bofa.com
**Website:** https://business.bofa.com/bofas-india
**Contact person:** Sahil H. Jain
**SEBI registration no.:** INM000011625

**Avendus Capital Private Limited**
Platina Building, 9th Floor 901, Plot No C-59
Bandra Kurla Complex, Bandra (East)
Mumbai 400 051, Maharashtra, India
**Telephone:** +91 22 6648 0050
**E-mail:** icicipruamc.ipo@avendus.com
**Investor Grievance e-mail:** investorgrievance@avendus.com
**Website:** www.avendus.com
**Contact Person:** Sarthak Sawa
**SEBI registration no.:** INM000011021

### BOOK RUNNING LEAD MANAGERS TO THE OFFER

**Axis Capital Limited**
Axis House, 1st Floor
Pandurang Budhkar Marg, Worli
Mumbai 400 025, Maharashtra, India
**Telephone:** +91 22 4325 2183
**E-mail:** icicipruamc.ipo@axiscap.in
**Investor Grievance e-mail:** complaints@axiscap.in
**Website:** www.axiscapital.co.in
**Contact Person:** Pratik Pednekar
**SEBI registration no.:** INM000012029

**BNP Paribas**
1 North Avenue, Maker Maxity
Bandra Kurla Complex, Bandra (East),
Mumbai 400 051, Maharashtra, India
**Telephone:** +91 22 3370 4000
**E-mail:** DL.icicipruamcipo@bnpparibas.com
**Investor Grievance e-mail:** indiainvestors.care@asia.bnpparibas.com
**Website:** www.bnpparibas.co.in
**Contact Person:** Mahabir Kochar
**SEBI registration no.:** INM000011534

**CLSA India Private Limited**
8/F Dalamal House, Nariman Point
Mumbai 400 021, Maharashtra, India
**Telephone:** +91 22 6650 5050
**E-mail:** ipamc.IPO@clsa.com
**Investor Grievance e-mail:** investor.helpdesk@clsa.com
**Website: www.india.clsa.com**
**Contact Person:** Siddhant Thakur / Akhil Viswatmula
**SEBI registration no.:** INM000010619

**HDFC Bank Limited**
Investment Banking Group
Unit no. 701, 702 and 702-A, 7th floor, Tower 2 and 3,
One International Centre, Senapati Bapat Marg,
Prabhadevi, Mumbai 400 013, Maharashtra, India
**Telephone:** +91 22 3395 8233
**E-mail:** icicipruamc.ipo@hdfcbank.com
**Investor Grievance e-mail:** Investor.redressal@hdfcbank.com
**Website:** www.hdfc.bank.in
**Contact Person:** Gaurav Khandelwal / Souradeep Ghosh
**SEBI registration no.:** INM000011252

**IIFL Capital Services Limited**
*(formerly known as IIFL Securities Limited)*
24th Floor, One Lodha Place,
Senapati Bapat Marg, Lower Parel (West),
Mumbai 400 013, Maharashtra, India
**Telephone:** +91 22 4646 4728
**E-mail:** icicprudentialamc.ipo@iiflcap.com
**Investor Grievance e-mail:** ig.ib@iiflcap.com
**Website:** www.iiflcap.com
**Contact Person:** Yogesh Malpani / Pawan Jain
**SEBI registration no.:** INM000010940

**JM Financial Limited**
7th Floor, Cnergy
Appasaheb Marathe Marg, Prabhadevi,
Mumbai 400 025, Maharashtra, India
**Telephone:** + 91 22 6630 3030
**E-mail:** ipamc.ipo@jmfl.com
**Investor grievance e-mail:** grievance.ibd@jmfl.com
**Website:** www.jmfl.com
**Contact person:** Prachee Dhuri
**SEBI registration no.:** INM000010361

### BOOK RUNNING LEAD MANAGERS TO THE OFFER

**Kotak Mahindra Capital Company Limited**
27 BKC, 1st Floor, Plot No. C – 27, "G" Block
Bandra Kurla Complex, Bandra (East)
Mumbai 400 051, Maharashtra, India
**Telephone:** +91 22 4336 0000
**E-mail:** iciciprudentialamc.ipo@kotak.com
**Investor Grievance e-mail:** kmccredressal@kotak.com
**Website:** https://investmentbank.kotak.com
**Contact person:** Ganesh Rane
**SEBI registration no.:** INM000008704

**Motilal Oswal Investment Advisors Limited**
Motilal Oswal Tower, Rahimtullah Sayani Road, Opposite Parel, ST Depot, Prabhadevi, Mumbai 400 025, Maharashtra, India
**Telephone:** +91 22 7193 4380
**E-mail:** iciciprudentialamc.ipo@motilaloswal.com
**Investor Grievance e-mail:** moiaplredressal@motilaloswal.com
**Website:** www.motilaloswalgroup.com
**Contact Person:** Kunal Thakkar/Shashank Pisat
**SEBI registration no.:** INM000011005

**Nomura Financial Advisory and Securities (India) Private Limited**
Ceejay House, Level 11, Plot F, Shivsagar Estate,
Dr. Annie Besant Road, Worli, Mumbai 400 018, Maharashtra, India
**Telephone:** +91 22 4037 4037
**E-mail:** icicipruamcipo@nomura.com
**Investor Grievance e-mail:** investorgrievances-in@nomura.com
**Website:** www.nomuraholdings.com/company/group/asia/india/index.html
**Contact Person:** Vishal Kanjani / Pradeep Tewani
**SEBI registration no.:** INM000011419

**Nuvama Wealth Management Limited**
801 - 804, Wing A, Building No 3, Inspire BKC,
G Block, Bandra Kurla Complex, Bandra East,
Mumbai 400 051, Maharashtra, India
**Telephone:** +91 22 40094400
**E-mail:** iciciprudentialamc@nuvama.com
**Investor Grievance e-mail:** customerservice.mb@nuvama.com
**Website:** www.nuvama.com
**Contact Person:** Lokesh Shah
**SEBI registration no.:** INM000013004

**SBI Capital Markets Limited**
1501, 15th Floor, A & B Wing, G Block
Parinee Crescenzo, Bandra Kurla Complex
Bandra (East), Mumbai 400 051, Maharashtra, India
**Telephone:** +91 22 4006 9807
**E-mail:** iciciprudentialamc.ipo@sbicaps.com
**Investor Grievance e-mail:** investor.relations@sbicaps.com
**Website:** www.sbicaps.com
**Contact Person:** Kristina Dias
**SEBI registration no.:** INM000003531

**UBS Securities India Private Limited**
Level 2,3, North Avenue, Maker Maxity,
Bandra Kurla Complex, Bandra East,
Mumbai 400 051, Maharashtra, India
**Telephone:** +91 22 6155 6000
**E-mail:** ol-iciciprudentialamcipo@ubs.com
**Investor Grievance e-mail:** igmbindia@ubs.com
**Website:** www.ubs.com/indiaoffers
**Contact Person:** Abhishek Joshi
**SEBI registration no.:** INM000013101

### REGISTRAR TO THE OFFER

**KFIN TECHNOLOGIES LIMITED**
301, The Centrium, 3rd Floor, 57, Lal Bahadur Shastri Road, Nav Pada, Kurla West, Mumbai 400 070, Maharashtra, India.
**Telephone:** + 91-40-6716 2222/ 1800 309 4001; **Email:** icicipruamc.ipo@kfintech.com; **Investor Grievance e-mail:** einward.ris@kfintech.com; **Website:** www.kfintech.com; **Contact Person:** M. Murali Krishna; **SEBI registration no.:** INR000000221

### CHIEF COMPLIANCE OFFICER & COMPANY SECRETARY

**Rakesh Shetty**
2nd Floor, Block B-2, Nirlon Knowledge Park, Western Express Highway, Mumbai 400 063, Maharashtra, India. **Tel:** 022 2652 5000
**E-mail:** amcinvestors@icicipruamc.com; **Website:** www.icicipruamc.com

Investors may contact the Company Secretary and Compliance Officer or the Registrar to the Offer, in case of any pre-Offer or post-Offer related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Offer-related queries and for redressal of complaints, investors may also write to the BRLMs.

\# *In compliance with the proviso to Regulation 21A of the SEBI Merchant Bankers Regulations and Regulation 23(3) of the SEBI ICDR Regulations, ICICI Securities Limited will be involved only in activities involving marketing in relation to the Offer. ICICI Securities Limited has signed the due diligence certificate and has been disclosed as a Book Running Lead Manager to the Offer*

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP and the *"Risk Factors"* beginning on page 32 of the RHP before applying in the Offer. A copy of the RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in and is available on the websites of the BRLMs, Citigroup Global Markets India Private Limited at www.online.citibank.co.in/rhtm/ citigroupglobalscreen1.htm, ICICI Securities Limited at www.icicisecurities.com, Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india, Goldman Sachs (India) Securities Private Limited at www.goldmansachs.com, BofA Securities India Limited at https://business.bofa.com/bofas-india, Avendus Capital Private Limited at www.avendus.com, Axis Capital Limited at www.axiscapital.co.in, BNP Paribas at www.bnpparibas.co.in, CLSA India Private Limited at www.india.clsa.com, HDFC Bank Limited at www.hdfc.bank.in, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* at www.iiflcap.com, JM Financial Limited at www.jmfl.com, Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com, Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com, Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.nomuraholdings.com/company/group/asia/india/index.html, Nuvama Wealth Management Limited at www.nuvama.com, SBI Capital Markets Limited at www.sbicaps.com and UBS Securities India Private Limited at www.ubs.com/indiaoffers and at the website of the Company, ICICI PRUDENTIAL ASSET MANAGEMENT COMPANY LIMITED at www.icicipruamc.com and the websites of the Stock Exchanges, for BSE at www.bseindia.com and for NSE Limited at www.nseindia.com.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the Abridged Prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at: www.icicipruamc.com, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.icicisecurities.com, www.morganstanley.com/india, www.goldmansachs.com, https://business.bofa.com/bofas-india, www.avendus.com, www.axiscapital.co.in, www.bnpparibas.co.in, www.india.clsa.com, www.hdfc.bank.in, www.iiflcap.com, www.jmfl.com, https://investmentbank.kotak.com, www.motilaloswalgroup.com, www.nomuraholdings.com/company/group/asia/india/index.html, www.nuvama.com, www.sbicaps.com, www.ubs.com/indiaoffers and www.kfintech.com, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORM:** Bid cum Application Form can be obtained from the Registered Office of our Company, **ICICI PRUDENTIAL ASSET MANAGEMENT COMPANY LIMITED: Tel:** 022 2652 5000; **BRLMs:** Citigroup Global Markets India Private Limited, Telephone: +91 22 6175 9999; ICICI Securities Limited, Telephone: +91 22 6807 7100; Morgan Stanley India Company Private Limited, Telephone: +91 22 6118 1000; Goldman Sachs (India) Securities Private Limited, Telephone: +91 22 6616 9000; BofA Securities India Limited, Tel: + 91 22 6632 8000; Avendus Capital Private Limited, Telephone: +91 22 6648 0050; Axis Capital Limited, Telephone: +91 22 4325 2183; BNP Paribas, Telephone: +91 22 3370 4000; CLSA India Private Limited, Telephone: +91 22 6650 5050; HDFC Bank Limited, Telephone: +91 22 3395 8233; IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)*, Telephone: +91 22 4646 4728; JM Financial Limited, Telephone: + 91 22 6630 3030; Kotak Mahindra Capital Company Limited, Telephone: +91 22 4336 0000; Motilal Oswal Investment Advisors Limited, Telephone: +91 22 7193 4380; Nomura Financial Advisory and Securities (India) Private Limited, Telephone: +91 22 4037 4037; Nuvama Wealth Management Limited, Telephone: +91 22 40094400; SBI Capital Markets Limited, Telephone: +91 22 4006 9807; UBS Securities India Private Limited, Telephone: +91 22 6155 6000 and **Syndicate Members:** HDFC Securities Limited, Telephone: +91 22 3075 3400; Investec Capital Services (India) Private Limited, Telephone: +91 22 6849 7400; JM Financial Services Limited, Telephone: +91 22 6136 3400; Kotak Securities Limited, Telephone: +91 22 6218 5410; Motilal Oswal Financial Services Limited, Telephone: +91 22 7193 4200/ +91 22 7193 4263; Nuvama Wealth Management Limited *(in capacity as Syndicate Member)*, Telephone: +91 22 4009 4400; SBICAP Securities Limited, Telephone: +91 22 6931 6411 and Spark Institutional Equities Private Limited, Telephone: +91 22 6885 4503 / +91 44 4344 0078 / +91 99209 31711 and at the select locations of the Sub-syndicate Members (as given below), Registered Brokers, SCSBs, Designated RTA Locations and Designated CDP Locations for participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and at all the Designated Branches of SCSBs, the list of which is available on the websites of the Stock Exchanges and SEBI.

**SUB-SYNDICATE MEMBERS:** 5 Paisa Capital Limited, A C Agarwala Share Brokers Private Limited, Adroit Financial Services Private Limited, Almondz Global Securities Limited, Ambit Private Limited, Amit Jasani Financial Services Limited, Amrapali Capital & Finance Services Limited, Anand Rathi Share & Stock Brokers Limited, ANS Private Limited, Arham Share Consultants Private Limited, Arihant Capital Markets Limited, Ashwani Dandia & Co, Asit C. Mehta Investment Interrmediates Limited, Astha Credit & Securities Private Limited, Axis Securities Limited, Bhansali Value Creations Private Limited, Bharat Bhushan & Company Limited, Bob Capital Markets Limited, Centrum Broking Limited, Centrum Wealth Management Limited, Choice Equity Broking Private Limited, Crown Consultants Private Limited, Dayco Securities Limited, DB (International) Stock Brokers Limited, Equirus Securities Private Limited, Eureka Stock & Share Broking Services Limited, Finserv Private Limited, Finvasia Securities Private Limited, Finwizard Technology Private Limited, G Raj & Co. (Consultants) Limited, Globe Capital Market Limited, HDFC Securities Limited, ICICI Securities Limited, IDBI Capital Markets & Securities Limited, IFCI Financial Services ltd., Indira Securities Private Limited, Inga Ventures Private Limited, Innovate Securities Private Limited, Intensive Fiscal Services Private Limited, Jainam Share Consultants Private Limited, Jhaveri Securities, JM Financial Services Limited, Jobanputra Fiscal Services Private Limited, Kalpataru Multiplier Limited, Kantilal Chhaganlal Securities Private Limited, Kedia Infotech & Securities (Jaipur) Private Limited, Keynote Capitals Limited, KJMC Capital Market Services Limited, KJMC Financial Services Limited, Krishna Multifarious Consultancy Private Limited, Lakshmishree Investment & Securities Private Limited, LKP Securities Limited, Inventure Growth & Securities Limited, Market'-'Hub Stock Broking Private Limited, Marwadi Shares & Finance Limited, Monarch Networth Capital Limited, Moneylicious Securities Private Limited, Navkar Share & Stock Brokers Private Limited, Nextbillion Technology Private Limited, Nirmal Bang Securities Private Limited, NJ India Invest Private Limited, Pantomath Capital Advisors Private Limited, Patel Wealth Advisors Private Limited, Prabhudas Lilladher Private Limited, Pravin Ratilal Share & Stock Brokers Limited, Religare Broking Limited, Rikhav Securities Limited, RR Equity Brokers Private Limited, S S Corporate Securities Limited, Sharekhan Limited, SKSE Securities Limited, SMC Global Securities Limited, Steel City Securities Limited, Sunidhi Securities & Finance Limited, Systematix Shares and Stocks (India) Limited, Tanna Financial Services Private Limited, Trade Bull Securities Private Limited, Trust Securities Services Private Limited, Unistone Capital Private Limited, Upstock Private Limited, Viren M Shah, Yes Securities (India) Limited and Zerodha Broking Limited.

**ESCROW COLLECTION BANK(s):** Kotak Mahindra Bank Limited and HDFC Bank Limited. | **REFUND BANK(s):** HDFC Bank Limited. | **PUBLIC OFFER ACCOUNT BANK:** ICICI Bank Limited. | **SPONSOR BANK(s):** Kotak Mahindra Bank Limited, HDFC Bank Limited and ICICI Bank Limited.

**All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **ICICI PRUDENTIAL ASSET MANAGEMENT COMPANY LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
Rakesh Shetty
Chief Compliance Officer & Company Secretary

**Place:** New Delhi
**Date:** December 11, 2025

**ICICI Prudential Asset Management Company Limited** (the "**Company**") is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its equity shares and has filed the red herring prospectus dated December 5, 2025, ("**RHP**") with the Registrar of Companies, Delhi and Haryana at Delhi ("**RoC**"). The RHP is available on the websites of the Company at www.icicipruamc.com, SEBI at www.sebi.gov.in, the websites of the book running lead managers, Citigroup Global Markets India Private Limited at www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, ICICI Securities Limited at www.icicisecurities.com, Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india, Goldman Sachs (India) Securities Private Limited at www.goldmansachs.com, BofA Securities India Limited at https://business.bofa.com/bofas-india, Avendus Capital Private Limited at www.avendus.com, Axis Capital Limited at www.axiscapital.co.in, BNP Paribas at www.bnpparibas.co.in, CLSA India Private Limited at www.india.clsa.com, HDFC Bank Limited at www.hdfc.bank.in, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* at www.iiflcap.com, JM Financial Limited at www.jmfl.com, Kotak Mahindra Capital Company Limited at https: //investmentbank.kotak.com, Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com, Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.nomuraholdings.com/company/group/asia/india/index.html, Nuvama Wealth Management Limited at www.nuvama.com, SBI Capital Markets Limited at www.sbicaps.com and UBS Securities India Private Limited at www.ubs.com/indiaoffers., the website of the National Stock Exchange of India Limited at www.nseindia.com and the website of the BSE Limited at www.bseindia.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP filed with the RoC, including the section titled *"Risk Factors"* beginning on page 32 of the RHP. Potential investors should not rely on the draft red herring prospectus dated July 8, 2025 filed with the Securities and Exchange Board of India in making any investment decision.

This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The equity shares described in this announcement have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the equity shares of the Company are being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A of the U.S. Securities Act) pursuant to Section 4(a) of the U.S. Securities Act, and (ii) outside the United States in "offshore transactions", as defined in and in reliance on, Regulation S of the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales occur. There will be no public offering of securities in the United States.

CONCEPT

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠામાં ₹ ૧૦૦૦ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે રૂ. ૧૦૦૦ કરોડથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ખાસ કરીને પાલનપુર ગ્રીનફિલ્ડ બાયપાસ, ઉમરદશી નદી પર નવા ફોર-લેન બ્રિજ સહિતના રોડ-રસ્તાના વિવિધ આઈકોનિક પ્રોજેક્ટ્સ નાગરિકોને પરિવહનની સુવિધા તો આપશે જ પરંતુ સાથે વેપાર-ધંધાને પણ વેગ આપશે. તેમ જ, ડ્રેનેજ, આરોગ્ય, શિક્ષણ ક્ષેત્રના પ્રોજેક્ટ્સ બનાસકાંઠાની વિકાસયાત્રાને વધુ ગતિ આપશે. મુખ્ય પ્રધાને પાલનપુર ખાતે સશક્ત નારી મેળાનો પણ શુભારંભ કરાવ્યો હતો. આ મેળામાં મહિલા સ્વસહાય જૂથો, લખપતિ દીદીઓ, મહિલા સ્ટાર્ટઅપ્સ, મહિલા ખેડૂતો, હાથવણાટ અને હસ્તકલા સાથે સંકળાયેલી બહેનોની પ્રોડક્ટ્સનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું હતું. આ સાથે પ્રેરણાત્મક ટોક શો, નેટવર્કિંગ અને માર્કેટ લિંકેજ જેવી વિવિધ પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવશે.

પાલનપુર ખાતે રૂપિયા ૫૬૨ કરોડના ખર્ચે નિર્માણાધીન પાલનપુર ગ્રીનફિલ્ડ બાયપાસ રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ હાઈવે પર ગ્રીન બેલ્ટ સાથેનો મીડિયન, ડ્રેનેજ સીસ્ટમ અને અત્યાધુનિક રોડ ફર્નિચર જેવી આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ હશે. જેમાં જગાણા ગામથી સોનગઢ સુધીના આ ભવ્ય પ્રોજેક્ટના લીધે વાહનવ્યવહાર પાલનપુર શહેરની બહાર ડાયવર્ટ થશે. જેથી ટ્રાફિકનું ભારણ ઘટશે, તેમજ નાગરિકોના સમય અને ઈંધણની બચત થવા ઉપરાંત 'ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન' મળશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠમાં અનેક વિકાસ કાર્યોનો શિલાન્યાસ કર્યો હતો. આ સાથે ઉમરદશી નદી પર નવો છ માર્ગીય પુલ, ગઠામન જંકશન પર મડાણા (ગઢ)માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પાલનપુરના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આધુનિક સુવિધાસભર સરકારી કુમાર છાત્રાલય અને કીડોતર અને સેજલપુરા પ્રાથમિક શાળાના ૨૨ નવીન વર્ગખંડોનું લોકાર્પણ કર્યું હતું. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળના ત્રણ વર્ષ પૂર્ણ, ગ્રામ્ય વિકાસથી માંડી ટૅકનોલૉજી ક્ષેત્રને વેગ આપવા લીધા મહત્ત્વના નિર્ણયો

અમદાવાદઃ મૃદુ અને મક્કમ મુખ્ય પ્રધાન તરીકે જાણીતા ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ૧૮મા મુખ્ય પ્રધાન તરીકે આજે ત્રણ વર્ષ પૂરાં કર્યાં છે. વિધાનસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત બાદ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તેમણે શપથ લીધા હતા. આ ત્રણ વર્ષોમાં જાહેર કરવામાં આવેલી વિવિધ લોકકેન્દ્રિત નીતિઓએ રાજ્યને બહુવિધ ક્ષેત્રોમાં અગ્રેસર બનાવ્યું છે. ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે જી-૨૦ બેઠકો અને ૧૦મી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવી આંતરરાષ્ટ્રીય ઇવેન્ટ્સનું સફળતાપૂર્વક આયોજન કર્યું. વાઇબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાને વધુ વ્યાપક બનાવવા અને રાજ્યની પ્રાદેશિક ક્ષમતાઓને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવા માટે મુખ્ય પ્રધાનના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે પ્રથમવાર રાજ્યના ચાર પ્રદેશોમાં (ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, કચ્છ-સૌરાષ્ટ્ર) વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સીસનું આયોજન કર્યું છે.

વર્ષ ૨૦૨૫માં ઘટેલી એર ઇન્ડિયા પ્લેન ક્રેશ દુર્ઘટનાની ગંભીર પરિસ્થિતિમાં ભૂપેન્દ્ર પટેલે સંવેદનશીલ, ઝડપી અને અસરકારક નેતૃત્વનો પણ પરિચય આપ્યો છે. રાજ્યની તમામ એજન્સીઓને તાત્કાલિક સક્રિય કરીને રેસ્ક્યુ ઓપરેશન, સારવાર, સહાય અને સુચારુ સંકલન વડે ગુજરાતે તેમના નેતૃત્વમાં સંકટ વ્યવસ્થાપનનો એક અનુપમ દાખલો પૂરો પાડ્યો છે.

મુખ્ય પ્રધાનના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' જાહેર કરવામાં આવ્યું છે, જે રાજ્યનાં શહેરોને વિશ્વ સ્તરીય, આધુનિક, હરિત, ટેક્નોલોજી આધારિત અને સુવિધાસભર બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. આ ત્રણ વર્ષો દરમિયાન રમત-ગમત ક્ષેત્રે પણ ગુજરાતે વૈશ્વિક મંચ પર ગૌરવ મેળવ્યું છે. ગુજરાતમાં વિકસિત કરવામાં આવેલ આધુનિક સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રાજ્યના ખેલાડીઓ માટે સતત વિકસતી સુવિધાઓ અને રાજ્ય સરકારનો સહયોગ, ખેલાડીઓને અનુકૂળ સ્પોર્ટ્સ પોલિસીને વગેરેના કારણે ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.

ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને ડિજિટલ ગવર્નન્સ જેવા ક્ષેત્રોમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી છે. ગુજરાત આજે સેમિકન્ડક્ટર હબ અને રિન્યુએબલ એનર્જી હબ બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમના નેતૃત્વ હેઠળ ગુજરાત વડા પ્રધાનના વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને સાકાર કરવા માટે દૃઢપણે આગળ વધી રહ્યું છે. ત્રણ વર્ષના આ વિકાસ યજ્ઞએ ગુજરાતને નવી આશાઓ, નવી સંભાવનાઓ આપી છે અને વૈશ્વિક સ્તરે રાજ્યની ઓળખ વધુ મજબૂત બની છે. ■

# નિરમા યુનિવર્સિટી ઠગાઈ કેસઃ મુખ્ય આરોપી હર્ષલ લહેરીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની પ્રતિષ્ઠિત નિરમા યુનિવર્સિટીમાં થયેલી રૂ. ૫ કરોડની ઠગાઈની ઘટના પ્રકાશમાં આવી હતી. આ કેસમાં આરોપી હર્ષલ સુરેશચંદ્ર લહેરીની ધરપકડ કરી લેવામાં આવી હતી. કોર્ટે તેને ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો આદેશ આપ્યો હતો. આ ઠગાઈ કેસમાં નિરમા યુનિવર્સિટીએ પોતાના કર્મચારી સહિત કુલ ૭ શખ્સો વિરુદ્ધ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે પોલીસ દ્વારા ઠગાઈ મામલે તપાસ કરવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આરોપી હર્ષલ લહેરીએ મુખ્ય આરોપી પ્રકાશ ઠાકોરને આશરે ૩૦ જેટલા બેંક એકાઉન્ટ આપ્યા હતા. જેનો ઉપયોગ ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે કરવામાં આવ્યો હોવાની શંકા છે.

આ કેસમાં સરકારી વકીલ એસએમ શેખે કોર્ટમાં દલીલ કરતાં જણાવ્યું હતું કે આરોપીએ કયા-કયા લોકો સાથે સંપર્ક કર્યો છે, કેટલા એકાઉન્ટનો ઉપયોગ અન્ય ગુનાઓમાં થયો છે, તેમજ ઠગાઈની રકમ કોના-કોના ખાતામાં ટ્રાન્સફર થઈ છે, તેની સંપૂર્ણ તપાસ થવી જરૂરી છે. આ સાથે ફેક આઇડી અને નકલી દસ્તાવેજોના ઉપયોગ અંગે પણ તપાસ થવી જરૂરી છે. જેથી કોર્ટે આરોપીને ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો આદેશ આપ્યો હતો. હવે પોલીસ દ્વારા આરોપી સાથે આ ઠગાઈ મામલે પૂછપરછ કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી. ■

# અમદાવાદ હાઈ રિસ્ક અર્થક્વેક ઝોનમાં, ઘર થશે પચીસ ટકા મોંઘા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ૨૦૦૧માં આવેલા ભૂકંપની ભયાનક યાદો હજુ ભૂલી શક્યુ નથી. કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં આજે પણ ધરતીમાં કંપનના સમાચારો આવ્યા કરે છે, આ બધા વચ્ચે એક અહેવાલ અનુસાર અમદાવાદ પણ હાઈ રિસ્ક અર્થક્વેક ઝોનમાં છે.

ભારત સરકારના બ્યુરો ઑફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સે તાજેતરમાં દેશભરના રાજ્યોના ભૂકંપીય ઝોનિંગમાં મોટો ફેરફાર જાહેર કર્યો હતો.

આ અનુસાર અમદાવાદ હાઈ રિસ્ક ઝોનમાં આવી ગયું હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું.

અગાઉ શહેર ઝોન ૩માં હતું જે હવે ઝોન ૫માં આવી ગયું છે. આને કારણે શહેરના બાંધકામ ક્ષેત્રમાં ઘણા ફેરફાર થશે, તેમ નિષ્ણાતો જણાવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બાંધકામ અંગેના નવા વર્ગીકરણો ૩ મે, ૨૦૨૬ થી અમલમાં આવશે. સ્ટ્રક્ચરલ એન્જિનિયરોએ ધરતીકંપનો સામનો કરી શકે તેવી વધુ મજબૂત ઈમારતો બાંધવી પડશે અને આ માટે વધારે બાંધકામ સામગ્રીનો ઉપયોગ થશે. આની સીધી અસર મકાનના ભાવ પર પડશે અને એક અંદાજ મુજબ મકાનો ૨૦થી ૨૫ ટકા મોંઘા થશે.

શહેરી વિકાસ વિભાગના સૂત્રોએ અમદાવાદને ભૂકંપ સંવેદનશીલ શહેર તરીકે ગણાવ્યું હતું. વર્ષ ૨૦૦૧ માં આવેલા વિનાશક ભૂકંપમાં શહેરમાં ૯૦૦થી વધુ લોકોના જીવ ગયા હતા અને અનેક ઇમારતો ધરાશાયી થઈ હતી.

સૂત્રોએ જણાવ્યું કે મનપા આ બધા પરિમાણોને ધ્યાનમાં રાખી નવી ઈમારતોની ડિઝાઈનને મંજૂરી આપતી હોય છે. સૂત્રોએ જણાવ્યું કે, અમદાવાદ હવે સિસ્મિક ઝોન ફાઈવમાં આવી ગયું હોવાથી, આગામી તમામ પ્રોજેક્ટ્સની માળખાકીય ડિઝાઇન સુધારવી પડશે.

વધુ રિઇન્ફોર્સમેન્ટ અને મજબૂત ઘટકો જરૂરી બનશે. સામગ્રીના વપરાશમાં વધારો થતાં, નવા બાંધકામ ખર્ચમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો થશે, તેવો હાલમા અંદાજ છે. ■

# ગુજરાતની ૧૨ હૉસ્પિટલોમાં દરદીઓના સંબંધીઓ માટે રેસ્ટરૂમ બંધાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની ૧૨ હૉસ્પિટલોમાં દર્દીઓનાં સંબંધીઓ માટે રેસ્ટરૂમ બનાવવામાં આવશે. આ અંગેની જાહેરાત કરતા પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ કહ્યું હતું કે લાંબા અંતરેથી સારવાર માટે સિવિલ અને જનરલ હૉસ્પિટલમાં આવતા દર્દીના સગાઓને રહેવા અને જમવાની સુવિધા પૂરી પાડવામાં આવશે. આ યોજનાના ભાગરૂપે, રાજ્ય સરકારે અમદાવાદ સ્થિત સેવાદાન ફાઉન્ડેશનને આ આરામગૃહોના બાંધકામ માટે જમીન લીઝ પર આપવાની મંજૂરી આપી છે, જેને રેન બસેરા અથવા વિશ્રામ ગૃહ તરીકે પણ ઓળખવામાં આવે છે.

વાઘાણીએ જણાવ્યું હતું કે દૂર-દૂરના ગામડાઓમાંથી સરકારી હૉસ્પિટલોમાં સારવાર માટે આવતા નાગરિકોને શહેરોમાં સસ્તું રહેઠાણ અને ભોજનની સુવિધાઓના અભાવે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ સમસ્યાનું નિવારણ લાવવા રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. આ રેસ્ટ રૂમ પોરબંદર, ગોધરા, મોરબી, લુણાવાડા, અમરેલી, નડિયાદ, વેરાવળ, ડીસા, વ્યારા, જામખંભાળિયા, આણંદ, બોટાદ અને મોડાસાની સરકારી હૉસ્પિટલોમાં તેમજ જામનગરની એમ.પી. શાહ મેડિકલ કૉલેજ સાથે જોડાયેલી હૉસ્પિટલમાં બનાવવામાં આવશે. સરકારના જણાવ્યા મુજબ, આ સુવિધાઓમાં સ્વચ્છ અને આરામદાયક ઓરડાઓ, સ્વચ્છ ભોજન અને પીવાનું પાણી સામેલ હશે. આ પહેલનો હેતુ લાંબા સમય સુધી હૉસ્પિટલમાં દાખલ થતાં આર્થિક રીતે નબળા વર્ગના અને દૂરના વિસ્તારોના પરિવારોને મદદ કરવાનો છે. ■

# કચ્છની જળસીમાએ માછીમારોના સ્વાંગમાં ૧૧ પાકિસ્તાની ઘૂસણખોરો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય તટરક્ષક દળ દ્વારા કચ્છના અરબી સમુદ્રની અત્યંત સંવેદનશીલ જળસીમા પાસેથી ૧૧ જેટલા પાકિસ્તાની ઘૂસણખોરોને ઝડપી લેવાયા હતા, જયારે કેટલાક નાસી છૂટ્યા હોવાની શંકાના આધારે સમગ્ર દરિયાઈ વિસ્તારમાં કોમ્બિંગ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી સત્તાવાર માહિતી પ્રમાણે, તટરક્ષક દળ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન કચ્છની જળસીમામાં ઘૂસી આવેલી અલ વલી નામની માછીમારી બોટને ઝડપી પાડી હતી. આ બોટમાં નવ પુખ્ત વયના ખલાસીઓ અને બે સગીરનો સમાવેશ થાય છે.

પ્રાથમિક તપાસ દરમિયાન બોટમાંથી માછીમારીનાં સાધનો, જાળ અને અનાજ-રાશન સહિતની સામગ્રી મળી આવી હતી. જો કે, હાલના તબક્કે કોઈ શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ મળી નથી.

કોસ્ટગાર્ડ દ્વારા આ તમામ ખલાસીઓ અને બોટને વધુ તપાસ માટે જખૌ બંદર ખાતે લાવવામાં આવ્યા હતા.

આ માછીમારો ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળ સીમામાં, ભારતીય સીમામાં ઘૂસી આવીને માછીમારી કરી રહ્યા હતા. આમ તો થોડા સમય પહેલાં ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા એક કરાર મુજબ, જયારે અરસપરસની જળસીમામાં જો કોઈ માછીમારો ઘૂસી આવે તો તેમની તલાશી લઇ, યોગ્ય પૂછપરછ કરી હોટ-લાઈન દ્વારા ભારતીય અને પાકિસ્તાની સુરક્ષા એજન્સી વચ્ચે વાતચીત થયા બાદ આવા પકડાયેલા માછીમારોને પાછા ભારતમાં કે પાકિસ્તાનની સરહદ પર છોડી દેવામાં આવે છે, પરંતુ ફરી ભારત અને પાકિસ્તાન વચ્ચે વણસેલા સંબંધોને કારણે હાલમાં માછીમારના સ્વાંગમાં કોઈ તાલીમબદ્ધ પાકિસ્તાની ત્રાસવાદી ભારતીય સીમામાં ઘૂસી તો આવ્યા નથી ને તે બાબતે આકરી પૂછપરછ કરીને ચકાસવામાં આવે છે. તેથી આ તમામ માછીમારોને હાલ અટકમાં લઇ, તેની પૂછપરછ કરવામાં આવી રહી છે અને જો જરૂર પડશે તો તેમને ભુજ ખાતેના જોઈન્ટ ઇન્ટરોગેશન સેન્ટર ખાતે ખસેડવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

દરમ્યાન, કચ્છની આંતરરાષ્ટ્રીય જળસીમાએથી એકસાથે ૧૧ જેટલા પાકિસ્તાની માછીમારો ઝડપી લેવાતાં સુરક્ષા એજન્સી સતર્ક બની છે અને સમગ્ર દરિયાઈ વિસ્તારની એર-રેકી પણ કરવામાં આવી રહી છે. ■

# સુરતમાં બસ ડ્રાઈવર સાથે ઝઘડો કરનાર યુવક પાસેથી ચરસના પેકેટ મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ઉધના દક્ષિણમુખી હનુમાન બીઆરટીએસ પર બસ હંકારી રહેલા બસ ડ્રાઈવરનો પીછો કરી ૨૩ વર્ષીય યુવાને ઝઘડો કર્યો હતો. દરમિયાન આ અંગે પોલીસને જાણ કરાતા પોલીસ યુવાનને પકડીને પોલીસ મથકે લઇ ગઇ હતી. જોકે ત્યાં યુવકના ખિસ્સામાંથી બે પેકેટ મળી આવ્યા હતા.

આ શંકાસ્પદ લાગતા પેકેટને ફોરેન્સિક તપાસમાં મોકલાતા તે ચરસ હોવાનું બહાર આવતા આ મામલે યુવાન સામે ઉધના પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. ઉધના પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર લિંબાયત લાલ બિલ્ડીંગ પાસે પ્રતાપનગરમાં રહેતો નઈમુદ્દીન અમીનુદીન શેખ ઉ.વ.૪૩ બીઆરટીએસ બસનો ડ્રાઈવર છે. નઈમુદ્દીન ગઇકાલે મોડી સાંજે ઉધના દક્ષિણામુખી હનુમાન મંદિર પાસેના બીઆરટીએસ રૂટથી બસ હંકારીને પસાર થઈ રહ્યા હતા, ત્યારે બસ પાછળ આવી રહેલા બાઈકસવાર ઈશ્વર રામદાસ બેડસેએ તેમની સાથે ઝગડો કર્યો હતો.

ઝગડો વધતા પોલીસ બોલાવવામાં આવી હતી. પોલીસ અધિકારીએ ઈશ્વર બેડસેની પૂછપરછ કરી તેની તલાશી લેતા તેનાં ખિસ્સામાંથી પ્લાસ્ટીકની નાની કોથળીમાંથી શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો.

જે બાબતે આરોપી યોગ્ય જવાબ નહીં આપી શક્તા આ પદાર્થને એફએસએલમાં મોકલતા તે હસીસ (ચરસ) હોવાનું બહાર આવતા ઇશ્વર બેડસે સામે ગુનો નોંધવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. ■

# મુખ્ય પ્રધાને ગુજરાત ક્લાઉડ એડોપ્શન ગાઇડલાઇન્સ ૨૦૨૫નું અનાવરણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ગાંધીનગરમાં યોજાઇ રહેલી રિજીયોનલ એ.આઈ. ઇમ્પેક્ટ કોન્ફરન્સનો પ્રારંભ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે થયો હતો. ભૂપેન્દ્ર પટેલે આ અવસરે ગુજરાત એઆઈ સ્ટેક લોન્ચ કર્યુ હતું. આ એઆઈ સ્ટેક લોંચ થવાથી સરકારી વિભાગોમાં પ્લગ-એન્ડ-પ્લે એઆઈ અપનાવવા માટે છ મુખ્ય એઆઈ ટૂલ્સ જેમ કે કૃષિ એ.આઈ., યોજનાની પાત્રતા ચકાસણી, પ્રોક્યોરમેન્ટ ચેટબોટ, ગ્રીવન્સ ક્લાસિફાયર, ડોક્યુમેન્ટ એક્સ્ટ્રેક્ટર અને ચેટ મેનેજમેન્ટ ટૂલ થી ગવર્નન્સ વધુ ઝડપી, ચોકસાઇયુક્ત અને નાગરિકલક્ષી બનશે, તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત ક્લાઉડ એડોપ્શન ગાઇડલાઇન્સ ૨૦૨૫ પણ મહાનુભાવોએ લોન્ચ કરી હતી. રાજ્યના ડિજિટલ ગવર્નન્સને વધુ સુરક્ષિત, સ્કેલેબલ અને એઆઈ માટે સજ્જ બનાવવા માટે આ ગાઇડલાઇન્સ ૨૦૨૫ ઉપયોગી બનશે.

આ કોન્ફરન્સમાં બે મહત્વપૂર્ણ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તે અનુસાર ગુજરાત સરકાર ગુગલ અને ભાષીણી વચ્ચે થયેલા એમઓયુ અનુસાર બહુભાષીય એઆઈ, ગુજરાતી ભાષા મોડેલો અને ડિજિટલ પબ્લિક સર્વિસિસ માટે વ્યૂહાત્મક ભાગીદારી કરાશે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ગુજરાતે હંમેશા ટેકનોલોજી પ્રેરિત વિકાસમાં અગ્રેસરતા જાળવી છે. જન સુખાકારીમાં વૃદ્ધિ, પારદર્શિતા અને ફ્યુચર રેડી ગુજરાત માટે એઆઈ સક્ષમ સાધન છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ કોન્ફરન્સમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત હંમેશાં અતિથિ અને ઈનોવેશન આ બે શક્તિશાળી પરિબળોનું સ્વાગત કરતું આવ્યું છે. આપણું લક્ષ્ય હ્યુમન વીથ મશીન છે. જ્યાં માનવ કલ્પનાએ એક એવા પાર્ટનરનું નિર્માણ કર્યું છે જે કલ્પના પણ કરી શકે છે. એઆઈ હવે માત્ર એક ક્ષેત્ર નથી, એઆઈ નવી ઉર્જા છે, જે દરેક ક્ષેત્રને ગતિ સાથે શક્તિ આપી રહી છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, સુશાસન માટે હાલના સમયમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સૌથી શક્તિશાળી ટૂલ્સ તરીકે પ્રસ્થાપિત થયું છે. એઆઈના માધ્યમથી ટેકનોલોજી, ડેટા સ્ટોરેજ, દૈનિક કાર્યમાં ઝડપ અને પારદર્શકતા આવી છે, જેના પરિણામે નાગરિકોને ઘર બેઠા સુવિધા આપવા સહિત વિવિધ સેવાઓમાં મોટો બદલાવ આવ્યો છે. ■

# ગુજરાતની બૅંકોમાં એનઆરઆઈએ ઠાલવ્યા રૂ. ૧૦,૦૦૦ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાલ ડૉલરમાં તેજી જોવા મળી રહી છે. ડોલરનો ભાવ રૂ. ૯૦ પહોંચતા નોન રેસિડેન્ટ ઈન્ડિયન્સે (એનઆરઆઈ) ગુજરાતની બેંકોમાં મોટા પાયે રૂપિયા ઠાલવ્યા હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં ગુજરાતની બેંકોમાં એનઆરઆઈ તરફથી આવતા રેમિટન્સમાં રૂ. ૧૦,૦૦૦ કરોડનો તોતિંગ વધારો થયો છે. સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી-ગુજરાતના તાજેતરના રિપોર્ટ પ્રમાણે, રાજયમાં એનઆરઆઈ ડિપોઝિટ જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં રૂ. ૧.૦૧ લાખ કરોડ હતી. જે આ વર્ષના સમાનગાળામાં ૧૦ ટકા વધીને રૂ. ૧.૧૧ લાખ કરોડ પર પહોંચી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભારતીય રૂપિયા સામે ડૉલર મજબૂત થતાં આ વધારો થયો છે. આ વલણ વિદેશમાં વસતા ગુજરાતીઓમાં નવા આત્મવિશ્વાસને દર્શાવે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે નાણકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળા દરમિયાન યુએસ ડોલર સામે ભારતીય રૂપિયા મજબૂત થયો હતો. જેના કારણે ડોલરના સમાન રોકાણ માટે ભારતીય ચલણમાં વધુ મૂલ્ય મળ્યું હતું. જે ડૉલરનો ભાવ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ રૂ. ૮૩.૮૪ હતો તે આ આ વર્ષના સપ્ટેમ્બરમાં રૂ. ૮૮.૮૩ થયો હતો. આ ઉપરાંત ઘણા એનઆરઆઈ ભારતના શેરબજારને ટૂંકા ગાળાના લાભ અને લાંબા ગાળાના એક્સપોઝર બંને માટે એક વિશ્વસનીય માધ્યમ તરીકે જોઈ રહ્યા છે. ઘણા ગ્રાહકો ભારતમાં આઈપીઓ, શૅરબજાર અને મ્યુચ્યુઅલ ફંડ્સમાં તેજી જોઈ રહ્યા છે, જેના કારણે પણ તેઓ અહીંયા રૂપિયા મોકલી રહ્યા છે, તેમ સૂત્રો જણાવે છે. તેમજ રિયલ એસ્ટેટ પણ આ પ્રવાહને વધારી રહ્યું છે. પ્રીમિયમ લોન્ચ, વ્યાવસાયિક માગ અને વિદેશમાં વસતા ગુજરાતીઓના સતત રસને કારણે અમદાવાદ, સુરત, વડોદરા અને ગાંધીનગરમાં પ્રોપર્ટીના ભાવો છેલ્લા એક વર્ષથી સતત વધી રહ્યા છે. ડેવલપર્સનું કહેવું છે કે લક્ઝરી હાઉસિંગ, પ્લોટેડ ડેવલપમેન્ટ્સ અને ભાડા-આવક-લક્ષી કોમર્શિયલ પ્રોપર્ટીમાં વિદેશમાં રહેતા ભારતીયો રસ દાખવી રહ્યા છે, તેવું નિષણાતો જણાવી રહ્યા છે. ■

# જ્યોતિ પાવર કોર્પોરેશન સામે ₹ ૨૯૭ કરોડની ઠગાઈનો કેસ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલની જ્યોતિ પાવર કોર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડ (જેપીસીપીએલ) અને તેના ચાર ડિરેકટર સામે અમદાવાદના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રૂ.૨૯૭ ની ઠગાઈના મામલે અમદાવાદની ગ્રામ્ય કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. ડિસ્ટ્રિક્ટ જજ કે.એમ.સોજીત્રાએ જયોતિ પાવર કોર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડ, નીતેશ માવજીભાઈ કટારિયા, કમલેશ માવજીભાઈ પટેલ, નયનાબેન કટારિયા, લત્તાબેન કટારિયા અને કમલેશ કટારિયા સામે સમન્સ કાઢીને તા.૩જી જાન્યુઆરીના રોજ મુદત પાડી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ઈડીએ જાન્યુઆરી માસમાં જેપીસીપીએલ કંપનીમાં દરોડા પાડીને રૂ.૧૫ કરોડની મિલકતો ટાંચમાં લીધી હતી. જ્યોતિ પાવર કોર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડ સામે મુંબઈ અને ભોપાલ સીબીઆઈ દ્વારા નોંધાયેલ બે એફઆઈઆરના આધારે તપાસ કરવામાં આવી હતી. ઈડી તરફથી ખાસ એડવોકેટ સંજય ઠક્કરે કોર્ટમાં જ્યોતિ પાવર કોર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરો સામે ફરિયાદ કરી હતી. જેમાં એવો ઉલ્લેખ કર્યો હતો કે, ઈડીએ હાથ ધરેલી તપાસમાં બહાર આવ્યું છે કે કંપની અને તેના સંબંધિત વ્યક્તિઓએ બેંક લોન ખાતાઓનો દુરુપયોગ કર્યો હતો. કંપનીએ ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા રૂ. ૨૯૭.૦૭ કરોડની 'પ્રોસીડ્સ ઓફ ક્રાઇમ' એટલે કે ગુનાહિત આવક મેળવી હતી અને તેને કાયદેસર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. જેપીસીપીએલ, તેના ડિરેક્ટરો અને અન્ય લોકોએ સિસ્ટર,સહયોગી સંસ્થાઓ અને સંબંધિત વ્યક્તિઓના વિવિધ ખાતાઓ દ્વારા મોટા પાયે નાણાંની હેરાફેરી કરીને બેંક ફ્રોડ આચર્યો હતો. ઈડીની તપાસમાં એવો પણ ખુલાસો થયો હતો કે, આ ભંડોળને બાદમાં રોકડ સ્વરૂપે ઉપાડી લેવામાં આવ્યું હતું અને તેનો ઉપયોગ ભૂતપૂર્વ ડિરેક્ટરો, પ્રમોટરો અને તેમની સંબંધિત સંસ્થાઓના નામે સંપત્તિઓ ખરીદવા માટે કરવામાં આવ્યો હતો. વધુમાં, જેપીસીપીએલ દ્વારા બેંકોને ખોટા અને નકલી લેટર ઓફ ક્રેડિટ રજૂ કરવામાં આવ્યા હતા અને બિન-કન્સોર્ટિયમ ખાતાઓમાં ભંડોળ મેળવવામાં આવ્યું હતું. ■

# રાજકુમાર જાટ હત્યાકેસના આરોપી ગણેશ ગોંડલનો નાર્કો ટેસ્ટ પૂર્ણ, ચોંકાવનારા ખુલાસા થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલના રાજકુમાર જાટ મૃત્યુ કેસમાં આરોપી ગણેશ જાડેજા ઉર્ફે ગણેશ ગોંડલનો ગુરુવારે નાર્કો ટેસ્ટ થયો હતો. .નાર્કો ટેસ્ટની પ્રક્રિયા પહેલા ગણેશ ગોંડલની મેડિકલ તપાસ કરવામાં આવી હતી. આ કેસ માટે રચાયેલી એસઆઈટી દ્વારા ૧૫ ડિસેમ્બરે ગુજરાત હાઈ કોર્ટમાં રિપોર્ટ દાખલ કરાશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. સુરેન્દ્રનગરના પોલીસ અધિકારી પ્રેમસુખ ડેલુએ આ મામલે વિગતો આપતા જણાવ્યું હતું કે, ગણેશ ગોંડલનો નાર્કો ટેસ્ટ થઈ ગયો છે. હવે એક બે દિવસમાં તેનો રિપોર્ટ તૈયાર કરીને હાઈ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ગણેશ ગોંડલના નાર્કો ટેસ્ટ માટે ૮ ડિસેમ્બરથી ૧૩ ડિસેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો હતો. એફએસએલ દ્વારા રિપોર્ટ આપવામાં આવશે તે બાદ આગળની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે..

સૌરાષ્ટ્રમાં ચર્ચા જગાવનાર રાજકુમાર જાટના મૃત્યુ બાદ પરિવારજનોએ આ બનાવને અકસ્માત નહીં પણ હત્યા ગણાવીને ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને તેમના પુત્ર ગણેશ જાડેજા સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. આ મામલે રાજકોટની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં નાર્કો ટેસ્ટ કરાવવા માટે અરજી કરવામાં આવી હતી. જેમાં ૮ ડિસેમ્બરથી ૧૩ ડિસેમ્બર સુધીમાં નાર્કો ટેસ્ટની મંજૂરી આપવામાં આવી હતી. હવે આગામી ૧૫ ડિસેમ્બર આસપાસ રિપોર્ટ રજૂ થશે. આ રિપોર્ટ અને વીડિયોગ્રાફી ગુજરાત હાઇ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. નાર્કો ટેસ્ટના અહેવાલો આ કેસની દિશા બદલી શકે તેમ છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પર્યટન સ્થળોની ગુણવત્તા સુધારવા જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી રચાઈ

અમદાવાદઃ રાજ્યનાં દરેક જિલ્લામાં પ્રવાસન સુવિધાઓના સર્વાંગી વિકાસ માટે તથા પ્રવાસન સ્થળ પરની વ્યવસ્થાઓમાં ગુણવત્તા સુધારણા અને ઝડપી અમલના ઉદ્દેશ સાથે જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટીની રચના કરવા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર જિલ્લાના પ્રવાસન સ્થળોની અગ્રતા નક્કી કરવા માટે વધુ એમ્પાવર્ડ અને નાણાકીય રીતે સ્વતંત્ર જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટીની રચના અંગે ૧૧મી રાજ્ય કક્ષાની ચિંતન શિબિરમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ■

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 293 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માર્ગશીર્ષ વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 December 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૧૨ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મુંબઈ 'પાઘડી'ની ઈમારતોથી મુક્ત થશે

## રિડેવલપમેન્ટનું નવું માળખું જાહેર કરતા નાયબ મુખ્ય પ્રધાન

નાગપુરઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગુરુવારે મુંબઈના 'પાઘડી'ની ઈમારતોના રિડેવલપમેન્ટનાં નિયમોનાં નવાં માળખાંની જાહેરાત કરી હતી અને તેના અમલથી દેશની આર્થિક રાજધાની પાઘડીની ઇમારતોથી મુક્ત થશે. એકનાથ શિંદેએ આને ઐતિહાસિક નિર્ણય લેખાવ્યો હતો અને કહ્યું હતું કે આનો મુખ્ય આશય શહેરને આ પ્રકારની (પાઘડીની) મિલકતોથી મુક્ત કરવાનો છે. હાઉસિંગનો પોર્ટફોલિયો ધરાવતા શિંદેએ વિધાનસભામાં આ જાહેરાત કરી હતી. પાઘડી એ મિલકત ભાડેથી આપવાનું પરંપરાગત મૉડેલ છે જેમાં ભાડૂત જે તે મિલકતનો આંશિક હિસ્સેદાર હોય છે અને તેણે નજીવું ભાડું ભરવાનું રહે છે. ભાડૂતને એ મિલકત પેટાભાડૂતને આપવાનો તેમ જ વેચવાનો પણ અધિકાર હોય છે. શિંદેના જણાવ્યાનુસાર મુંબઈમાં 'પાઘડી'ની ૧૯,૦૦૦ (જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS | DADAR | BORIVALI

TODAY'S GOLD RATE

₹ 11,898/-

PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY

જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું

DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

OPEN ON ALL DAYS


## 'ઓસી' વિનાની બિલ્ડિંગ્સને રાહતઃ સરકાર ઍમ્નિસ્ટિ સ્કીમ લાવશે

૧૪


સાબિત કેલ્સીયોગ®

આયુર્વેદિક કેલ્શિયમ ટેબ્લેટ્સ

• હાડકાં અને સાંધાના ટોનિક. • હાથ, પગ, કમર, ઘૂંટણ, પીઠ, સાંધાના દુખાવા માટે ઉત્તમ. • વાળ ખરવાનું ઓછું કરો.

• સ્નાયુ, લિગામેન્ટ ઇજાઓ પર પ્રભાવી

Amazon પર કેશ ઓન ડિલિવરી ઉપલબ્ધ

9422011723

આયુર્વેદિક સ્ટોર્સ પર ઉપલબ્ધ





## ડૉલર સામે રૂપિયો ૩૮ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલમાં થઈ રહેલા વિલંબ સાથે અનિશ્ચિતતા તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જળવાઈ રહેલી વેચવાલીને કારણે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાએ સત્ર દરમિયાન એક તબક્કે ૫૪ પૈસાના કડાકા સાથે નવું તળિયું દાખવ્યા બાદ સત્રના અંતે રૂપિયો ગઈકાલના બંધ સામે ૩૮ પૈસા ગબડીને ઐતિહાસિક (જુઓ પાનું ૨) ▶▶












એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપના કેટલા નેતા-કાર્યકરોને આખું ‘વંદે માતરમ્’ આવડે છે?

**‘વંદે માતરમ્’** મુદ્દે ઘમાસાણ મચ્યું છે. સંસદમાં આ મુદ્દે ઉગ્ર ચર્ચા થઈ ને સંસદની બહાર પણ જોરશોરથી ચર્ચા ચાલી રહી છે. સંસદની અંદર અને બહારની એમ બંને ચર્ચામાં જવાહરલાલ નહેરુએ ‘વંદે માતરમ્’ ગીતમાંથી મા સરસ્વતી, દુર્ગા અને લક્ષ્મીના ઉલ્લેખ ધરાવતા અંતરા મુસ્લિમોને ખુશ કરવા કાઢી નખાવેલા એ મુખ્ય મુદ્દો છે અને નહેરુને મુસ્લિમ તુષ્ટિકરણના ચેમ્પિયન સાબિત કરવા એ મુખ્ય એજન્ડા છે. નહેરુ-ગાંધી ખાનદાન હિંદુ વિરોધી માનસિકતા ધરાવે છે તેથી હિંદુ દેવીઓનાં ગુણગાન સહન ના થયાં એવો પ્રચાર પણ જોરશોરથી ચાલી રહ્યો છે.

સંસદની ચર્ચામાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિતના ભાજપના નેતાઓએ જવાહરલાલ નહેરુએ સુભાષચંદ્ર બોઝને લખેલા પત્રનો ઉલ્લેખ કરીને નહેરુના માથે માછલાં ધોવામાં કોઈ કસર બાકી ના રાખી. નહેરુએ બોઝને લખેલા પત્રમાં મુસ્લિમો મા સરસ્વતી, દુર્ગા અને લક્ષ્મીના ઉલ્લેખથી નારાજ થઈ જશે એવું લખાયું છે એ વાતને ભાજપે પકડી લીધી છે. સામે કૉંગ્રેસે નહેરુનો બચાવ કર્યો અને ભાજપ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં કોમી માહોલ ઊભો કરવા ‘વંદે માતરમ્’નો મુદ્દો ઊભો કરી રહ્યો છે એવો બચાવ કર્યો. નહેરુએ મુસ્લિમ લીગ અને મોહમ્મદઅલી ઝીણા સહિતના કોમવાદીઓ ના ફાવે એવો ઉલ્લેખ કરેલો એ વાતનો ભાજપે છેદ ઉડાવી દીધો છે એવો આક્ષેપ પણ કૉંગ્રેસે કર્યો. આ મુદ્દે સોશ્યલ મીડિયા પર પણ ઘમાસાણ મચ્યું છે. ને આખો દેશ ‘વંદે માતરમ્’મય બની ગયો છે.

‘વંદે માતરમ્’ મુદ્દે મચેલું રમખાણ ભારતમાં બુદ્ધિહીનતા વધી રહી છે તેનો વધુ એક પુરાવો છે. લોકો બુદ્ધિ ચલાવ્યા વિના નેતાઓ ગળાવે એ ગોળી ગળીને ગાળાગાળી પર ઊતરી આવે છે તેનો આ વિવાદ નાદાર નમૂનો છે.

ભાજપ પોતાના રાજકીય સ્વાર્થ ખાતર નહેરુને ટાર્ગેટ કરી રહ્યો છે અને દોષનો આખો ટોપલો નહેરુ પર ઢોળી રહ્યો છે પણ ‘વંદે માતરમ્’માંથી મા સરસ્વતી, દુર્ગા અને લક્ષ્મીના ઉલ્લેખ ધરાવતા અંતરા નીકળી ગયા એ માટે માત્ર નહેરુ જવાબદાર નથી. ૧૯૩૭માં મુસ્લિમ લીગ દ્વારા અલગ પાકિસ્તાનની માગણી કરાઈ રહી હતી ત્યારે કૉંગ્રેસનું અધિવેશન મહારાષ્ટ્રના ફૈઝપુરમાં મળેલું. એ વખતે હિંદુ દેવીઓના કારણે મુસ્લિમો વંદે માતરમ નહીં ગાય એવો ડર વ્યક્ત કરાયો હતો તેથી કૉંગ્રેસે આ અંતરા કાઢી નાખેલા.

ભાજપ જેને મુસ્લિમ તુષ્ટિકરણ કહે છે એ તુષ્ટિકરણનું પાપ કૉંગ્રેસે કરેલું. આ પાપમાં ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ સહિતના બધા મહાન લોકો ભાગીદાર હતા કેમ કે આ નિર્ણય કૉંગ્રેસે સામૂહિક રીતે લીધેલો. નહેરુ પ્રમુખ હતા પણ કૉંગ્રેસ નહેરુ-ગાંધી ખાનદાનની બાપીકી પેઢી નહોતી કે નહેરુનું કહ્યું જ થાય તેથી માત્ર નહેરુને દોષિત ના ગણી શકાય પણ ભાજપમાં બીજા કોઈની વિરુદ્ધ બોલવાની હિંમત નથી તેથી નહેરુને ગાળાગાળી કરી રહ્યો છે.

ભાજપના નેતા વંદે માતરમ મુદ્દે આક્રમક બનીને બોલે છે ત્યારે એક બીજી વાત વિચારવાની જરૂર છે. ભાજપના નેતાઓ કે કાર્યકરોમાંથી આખેઆખું વંદે માતરમ આવડતું હોય એવા કેટલા હશે? વંદે માતરમ્‌માં કુલ છ અંતરા છે પણ સંસદ પર કલાકોની ચર્ચા દરમિયાન કોઈ નેતાએ આખેઆખું વંદે માતરમ્ ના ગાયું. ટીવી પરની ચર્ચાઓ દરમિયાન ભાજપના નેતા કરાંજી કરાંજીને જવાહરલાલ નહેરુએ મુસ્લિમ તુષ્ટિકરણ માટે વંદે માતરમ્‌નો ચોક્કસ અંતરો કાઢી નાખ્યો એવું કહે છે પણ તેમાંથી કોઈ કાઢી નખાયેલો અંતરો ગાઈને નથી બતાવતું. નહેરુએ ‘વંદે માતરમ્’માંથી મા સરસ્વતી, દુર્ગા અને લક્ષ્મીના ઉલ્લેખ ધરાવતા અંતરા મુસ્લિમોને ખરાબ લાગશે એ ડરે કાઢી નાખીને મુસ્લિમોના પગમાં આળોટી ગયેલા એવું કહેનારાંને પણ એ અંતરો આખો નહીં આવડતો હોય. તેનો અર્થ શો થાય છે તેની ભાજપના નેતાઓને ખબર હોય એવી તો આપણે આશા જ નથી રાખતા. બીજું એ કે, ભાજપને હવે અચાનક જ ‘વંદે માતરમ્’ પર ઉમળકો જાગ્યો છે. કેન્દ્રમાં ભાજપ ૧૧ વર્ષથી સત્તામાં છે પણ ભાજપની સરકારે આખેઆખું ‘વંદે માતરમ્’ ગાવાનું ફરજિયાત કર્યું નથી. ગુજરાતમાં ભાજપ ૩૦ વર્ષથી સત્તામાં છે પણ ગુજરાતમાં સ્કૂલ-કોલેજોમાં કે સરકારી કાર્યક્રમોમાં પણ આખું ‘વંદે માતરમ’ ગાવું ફરજિયાત નથી. નહેરુએ કાઢી નાંખેલા અંતરા સાથેનું ‘વંદે માતરમ્’ જ ગવાય છે.

ભાજપના કોઈ કાર્યક્રમમાં આખેઆખું ‘વંદે માતરમ્’ ગવાતું નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છેલ્લા કેટલાક સમયથી કાર્યક્રમોમાં આખું ‘વંદે માતરમ્’ ગવડાવે છે પણ એ જૂના પાપનું પ્રાયશ્ચિત્ત છે. સંઘની શાખાઓમાં નમસ્તે સદા વત્સલે ગવાય છે પણ કદી વંદે માતરમ ગવાયું નથી. વંદે માતરમ અને નમસ્તે સદા વત્સલેનો અર્થ લગભગ સરખો જ છે પણ સંઘે વંદે માતરમને અપનાવવાના બદલે પોતાના માટે નવું ગીત બનાવડાવ્યું. તેના પરથી જ ભાજપ કે તેના પિતૃ સંગઠન આરએસએસને ‘વંદે માતરમ’ માટે કેટલો પ્રેમભાવ છે એ સ્પષ્ટ થઈ જાય.

સંઘના સ્થાપક ડો. કેશવ બલિરામ હેડગેવારે સ્કૂલમાં અંગ્રેજોના ફરમાનની ઐસીતૈસી કરીને ‘વંદે માતરમ’ ગીત ગાયું હતું અને આ ગુસ્તાખી બદલ હેડગેવારને સ્કૂલમાંથી કાઢી મુકાયેલા એવી કથાઓ સંઘનું મીડિયા ફરતી કરે છે પણ તેના કોઈ નક્કર પુરાવા નથી. ડો. હેડગેવાર પાછળથી એ જ અંગ્રેજી સિસ્ટમનું શિક્ષણ લઈને ડોક્ટર બનેલા જોતાં આ કિસ્સો ભરોસાપાત્ર પણ નથી લાગતો.

‘વંદે માતરમ્’ આપણા ઈતિહાસનું એક ગૌરવવંતુ પ્રકરણ છે. આ ગૌરવને કૉંગ્રેસે ભૂલાવી દીધેલું પણ ભાજપે પણ આ ગૌરવના પુનઃસ્થાપન માટે કશું કર્યું નથી એ વાસ્તવિકતા છે. ભાજપને અચાનક ‘વંદે માતરમ્’ પર ઉમળકો આવી ગયો તેનું કારણ રાજકીય લાભની ગણતરી જ છે. એવી ગણતરી ના હોત તો ભાજપે બહુ પહેલાં ‘વંદે માતરમ’નો મુદ્દો ઉઠાવ્યો હોત, ‘વંદે માતરમ્’ આખેઆખું ગવાય એ માટે અભિયાન છેડ્યું હોત. બીજું કંઈ નહીં તો કમ સે કમ પોતાના તમામ કાર્યકરોને આખું ‘વંદે માતરમ્’ આવડે એવું તો કર્યું જ હોત. ભાજપના તમામ નેતા-કાર્યકરો આખું ‘વંદે માતરમ’ ના ગાય એવો કાયદો તો નહેરુ બનાવીને નથી ગયા ને ? ભાજપે પહેલાં એવું કશું કર્યું નહીં કેમ કે ‘વંદે માતરમ’ના નામે ચરી ખવાય છે એવો વિચાર પહેલાં નહીં આવ્યો હોય.

વાંધો નહીં, જાગ્યા ત્યારથી સવાર સમજીને ભાજપ હવે ‘વંદે માતરમ’ના ગૌરવ માટે મચ્યો છે તો તેમાં કશું નુકસાન નથી પણ ભાજપે કોરી વાતો કરવાના બદલે દિલથી પ્રયત્ન કરવા જોઈએ. ‘વંદે માતરમ્’ની રચનાનાં દોઢસો વર્ષની ઉજવણી કરીને કે સંસદમાં ચર્ચા કરીને સંતોષ માનવાના બદલે સૌથી પહેલાં તો પોતાના તમામ નેતાઓ અને કાર્યકરોને આખું ‘વંદે માતરમ’ શીખવવું જોઈએ. ભાજપના નેતા-કાર્યકરો દેઠોક દલીલો કરીને નહેરુને ગાળો દેવાના બદલે જાહેરમાં આખું ‘વંદે માતરમ’ ગાઈ શકે એટલા સજ્જ હોવા જોઈએ. ભાજપમાં એ સજ્જતા આવશે તો લોકોમાં આપોઆપ ‘વંદે માતરમ’ માટે માન પેદા થશે, ‘વંદે માતરમ્’નું ગૌરવ વધશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૧૨-૧૨-૨૦૨૫
- ભારતીય દિનાંક ૨૧, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૯ સુધી (તા. ૧૩), પછી હસ્ત
- ચંદ્ર સિંહમાં સવારે ક. ૧૦-૨૦ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૮-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૮ (તા. ૧૩)
- ઓટઃ બપોરે ક. ૧૨-૨૯, મધ્યરાત્રે ક. ૦૦-૧૧ (તા. ૧૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - અષ્ટમી. શુક્રનો પૂર્વમાં અસ્ત થાય છે.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ આજથી તા. ૧ ફેબ્રુઆરી સુધી શુક્રનો અસ્ત છે. લગ્ન, વાસ્તુ આદિ મુહૂર્ત ગ્રાહ્ય નથી. પ્રયાણ મધ્યમ, નવા વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર, મિત્રતા કરવી, નોકરી દસ્તાવેજ, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, રોપા વાવવા, બી વાવવું, વિનાયક પૂજા, નવી તિજોરીની સ્થાપના, ભગવાન સૂર્યનારાયણ, શ્રી મહાલક્ષ્મી પૂજા, પશુ લેવડદેવડ, મુંડન કરાવવું નહીં.
- આચમનઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ મોટી મોટી આશાઓ રાખનારા, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ ચાલબાજીવાળા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક (શુક્રનો પૂર્વમાં અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

ગોવા અગ્નિકાંડ

## લુથરા-બંધુઓની થાઈલૅન્ડમાં અટક

પણજીઃ પચીસ વ્યક્તિનો ભોગ લેનારા ગોવા નાઈટ ક્લબ અગ્નિકાંડ બાદ દેશ છોડીને નાસી ગયેલા સૌરભ લુથરા અને તેનાં ભાઈ ગૌરવ લુથરાની થાઈલૅન્ડ પોલીસે અટક કરી હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું. નાઈટ ક્લબના સહમાલિક લુથરાબંધુઓ વિરુદ્ધ ઈન્ટરપોલ દ્વારા બ્લ્યૂ કોર્નર નૉટિસ જારી કરવામાં આવી હતી. ભારત સરકારની વિનંતીને પગલે આ બંનેની અટક કરવામાં આવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. થાઈલૅન્ડના ફૂકેટમાં આ બંનેને અટકમાં લેવામાં આવ્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે બંનેને ભારત પરત લાવવાની પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યાનુસાર નોર્થ ગોવાના અરપોરાસ્થિત નાઈટ ક્લબ ‘બિર્ચ બાય રોમિયો લેન’માં વિનાશક આગ લાગી હોવાનું જાણ્યા બાદ સાત ડિસેમ્બરે ૦૧.૧૭ વાગે આ બંનેએ ટ્રાવેલ પોર્ટલ મારફતે ફૂકેટની ટિકિટ બુક કરાવી હતી. પોલીસ અને વહીવટીતંત્ર આગને કાબૂમાં લેવાનાં અને સ્ટાફના કર્મચારીઓને ઉગારી લેવાનાં પ્રયાસ કરી રહ્યાં હતાં. બંને ઈન્ડિગોની ફ્લાઈટમાં દેશ છોડીને ભાગી ગયા હતા. આ બંને વિરુદ્ધ બ્લ્યુ કોર્નર નોટિસ બહાર પાડવા ગોવા પોલીસે સીબીઆઈનો સંપર્ક સાધ્યો હતો. (એજન્સી)

### અજય ગુપ્તાને સાત દિવસની પોલીસ કસ્ટડી

પણજીઃ ‘બિર્ચ બાય રોમિયો લેન’ નાઈટ ક્લબના સાઈલન્ટ પાર્ટનર અજય ગુપ્તાને ગોવાની કોર્ટે ગુરુવારે સાત દિવસની પોલીસ કસ્ટડી આપી હતી.

બુધવારે ગુપ્તાની દિલ્હીથી ધરપકડ કરવામાં આવી હતી અને ત્યાર બાદ તેને પૂછપરછ માટે ટ્રાન્ઝીટ રિમાન્ડ પર ગોવા લાવવામાં આવ્યો હતો.

વધુ પૂછપરછ માટે તેને અન્જુના પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું.

અહીંથી નવ કિ.મી.ને અંતરે આવેલી માપૂસા કોર્ટમાં તેને રજૂ કરવામાં આવ્યો હતો જ્યાં કોર્ટે તેને સાત દિવસની રિમાન્ડ કસ્ટડી આપી હતી.

ગુપ્તાનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલ રોહન દેસાઈએ કહ્યું હતું કે પોલીસે ગુપ્તાની દસ દિવસની કસ્ટડી માગી હતી, પરંતુ કોર્ટે સાત દિવસની કસ્ટડીની જ મંજૂરી આપી હતી. (એજન્સી)

## મેક્સિકોએ ભારત સહિતના દેશો પરનો ટૅરિફ વધાર્યો

મેક્સિકો સિટીઃ મેક્સિકોની કૉંગ્રેસે બુધવારે જે દેશોને મેક્સિકો સાથે મુક્ત વેપાર કરાર નથી એ ચીન, ભારત અને બીજા દેશોથી આયાત થતા ૧,૪૦૦થી વધારે પ્રોડક્ટસ પર ટૅરિફ વધારવાનો પ્રસ્તાવ બહાલ કર્યો હતો.

સેનેટમાં બુધવારે સાંજે વધારના ટૅરિફ મૂકવાના પ્રસ્તાવને બહાલ કરવામાં આવ્યો હતો. આના પગલે નીચલા ગૃહે પરોઢિયે સુધી આ ટૅરિફ વધારાને મંજૂર કર્યો હતો. પ્રમુખ ક્લાઉડિયા શૈનાહોમની મોરેના પાર્ટી સંસદના બન્ને ગૃહમાં પ્રભુત્વ ધરાવે છે. ક્લાઉડિયાએ કહ્યું હતું કે સ્થાનિક ઉત્પાદનને વધારવા આ ટૅરિફ જરૂરી છે. સેનેટમાં પ્રસ્તાવની તરફેણમાં ૭૬ મત પડ્યા હતા અને વિરોધમાં પાંચ મત પડ્યા હતા. ૩૫ સાંસદ ગેરહાજર રહ્યા હતા. વિશ્લેષકો કહે છે કે વધારાના ટૅરિફ લાદવાનો મુખ્ય હેતુ વૉશિંગ્ટન સાથે ચાલતી વેપાર વાતચીત છે. અમેરિકા મેક્સિકોનો સૌથી મહત્ત્વનો ભાગીદાર છે. ક્લાઉડિયા ટ્રમ્પ વહીવટીતંત્રે મેક્સિકોની આયાત પર લાદેલા ટૅરિફમાં રાહત ઈચ્છે છે. અમેરિકાએ આક્ષેપ કર્યો હતો કે ચીન મેક્સિકોનો ઉપયોગ અમેરિકની બજારમાં પ્રવેશવા માટેના પાછલા દ્વાર તરીકે કરે છે. ટૅરિફમાં વધારો થતા તે પચાસ ટકા સુધી પહોંચ ીજશે. આની અશર જાન્યુઆરીથી ટેક્સ્ટાઈલ, શુઝ એપ્લિયાન્સ. કાર અને ઓટો પાર્ટ પર પડશે. ચીન પર સૌથી વધારે માઠી શર થશે. ચીને ૨૦૨૪માં મેક્સિકોમાં ૧૩૦ અબજ ડૉલરના માલની નિકાસ કરી હતી. નિષ્ણાતો કહે છે કે મેકિસકો ટ્રમ્પની શરણાગતિ સ્વીકારી રહ્યું છે. (એજન્સી)

## દસ લાખ ડૉલર ભરશો તો અમેરિકી નાગરિકત્વ મળશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે લાંબા સમયથી જેનું વચન આપ્યું હતું તે ‘ગોલ્ડ કાર્ડ’ પ્રોગ્રામ અમલમાં મૂક્યો છે. સત્તાવાર રીતે વેચાણાર્થે મૂકવામાં આવેલો આ ગૉલ્ડ કાર્ડ વ્યક્તિને અમેરિકામાં કાયદેસર રહેવાની પરવાનગી અને અમેરિકાનું નાગરિકત્વ આપશે. આ પ્રોગ્રામે વિદેશી વ્યક્તિઓ માટે અમેરિકાનું નાગરિકત્વ મેળવવાનો માર્ગ મોકળો કરી દીધો છે.

આ પ્રોગ્રામ અંતર્ગત વ્યક્તિ દસ લાખ ડૉલર અને કોર્પોરેશન વિદેશમાં જન્મેલા કર્મચારી માટે ૨૦ લાખ ડૉલર ભરીને અમેરિકાનું નાગરિકત્વ મેળવી શકશે.

ટ્રમ્પની જાહેરાત સાથે જ અરજી સ્વીકારતી વૅબસાઈટ પણ શરૂ થઈ ગઈ છે. અમલી બનેલો ‘ગોલ્ડ કાર્ડ’ પ્રોગ્રામ વર્ષ ૧૯૯૦માં વિદેશી રોકાણને આકર્ષવા અને દસ લાખ ડૉલરનું રોકાણ કરીને ઓછામાં ઓછાં ૧૦ કર્મચારીને નોકરી પર રાખનાર કંપની માટે કૉંગ્રેસ દ્વારા અમલમાં મુકાયેલા ઈબી-ફાઈવ વિઝાનું સ્થાન લેશે.

## અરુણાચલમાં ટ્રક ખીણમાં પડીઃ ૧૮નાં મોત

તિનસુકિયા/દિબ્રુગઢ (આસામ): પડોશી અરુણાચલ પ્રદેશમાં ટ્રક સરકીને ખીણમાં પડતા આસામના તિનસુકિયા જિલ્લાના ઓછામાં ઓછા ૧૮ શ્રમિક મરણ પામ્યાં હતા અને બીજા ત્રણને ઈજા થઈ હતી, એવી માહિતી અધિકારીઓએ ગુરુવારે આપી હતી.

સંરક્ષણ મંત્રાલયના જાહેર સંપર્ક અધિકારી લેફ. કર્નલ મહેન્દ્ર રાવતે અકસ્માતમાં બચી જનાર એક જણના કથનના આધારે કહ્યું હતું કે આઠ ડિસેમ્બરે તિનસુકિયા જિલ્લામાંથી બાવીસ શ્રમિકોને અરુણાચલ પ્રદેશના પૂર્વ ભાગના અંદવા જિલ્લાના હયુલિયાન્ગ-ચગલાગમ રોડ પર લઈ જતી ટ્રક ખીણમાં પડી હતી.

## ઈન્ડિગો દ્વારા ટ્રાવેલ વાઉચરની ઑફર

નવી દિલ્હી : ઑપરેશનમાં મોટા વિક્ષેપનો સામનો કરી રહેલી ઈન્ડિગો એરલાઈને ગુરુવારે જાહેરાત કરી હતી કે તે જે પેસેન્જરની ત્રણથી પાંચ ડિસેમ્બર સુધી ફ્લાઈટ રદ થઈ કે અતિશય મોડી પડી એવા દરેક ઉતારુને ૧૦,૦૦૦ રૂપિયાના ટ્રાવેલ વાઉચર આપશે. આ વળતર ડીજીસીએના નિયમો હેઠળ પેસેન્જરને આપવા પડતી રકમ ઉપરાંતનું હશે.

## ગુજરાતમાં મતદાર યાદી સુધારણાની મુદત લંબાવાઈ

નવી દિલ્હીઃ ગુજરાત સહિત દેશનાં છ રાજ્યમાં મતદાર યાદી સુધારણાની મુદત લંબાવાઈ હોવાની ચૂંટણી પંચે ગુરુવારે જાહેરાત કરી હતી.

મતદાર યાદી સુધારણાની મુદત જે રાજ્યોમાં લંબાવાઈ છે તેમાં ગુજરાત, તમિળનાડુ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ તેમ જ આંદામાન અને નિકોબાર ટાપુનો સમાવેશ થાય છે.

ગુજરાત અને તમિળનાડુમાં મતદાર યાદી સુધારણાની મુદત ૧૪ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે અને તેની ડ્રાફ્ટ મતદાર યાદી ૧૯ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ તેમ જ આંદામાન અને નિકોબાર ટાપુ માટે મતદાર યાદી સુધારણાની મુદત ૧૮ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે અને તેની ડ્રાફ્ટ મતદાર યાદી ૨૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે.

એ જ પ્રમાણે ઉત્તર પ્રદેશ માટે મતદાર યાદી સુધારણાની મુદત ૨૬ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે અને તેની ડ્રાફ્ટ મતદાર યાદી ૩૧ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. ગોવા, પુડુચેરી, લક્ષદ્વીપ, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી સુધારણાની મુદત ૧૧ ડિસેમ્બર પૂરી થઈ ગઈ છે અને તેની ડ્રાફ્ટ મતદાર યાદી ૧૬ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે.

અગાઉ નક્કી કરવામાં આવ્યા મુજબ કેરળ મતદાર યાદી સુધારણાની મુદત ૧૮ ડિસેમ્બરે પૂરી થશે અને તેની ડ્રાફ્ટ મતદાર યાદી ૨૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે.

પાત્ર મતદારના નામની નોંધણી બાકી ન રહી જાય તેમ જ નવા મતદારોને પ્રોત્સાહન આપવા તેમને ફોર્મ-૬ ભરીને બ્લૉક લેવલ ઑફિસર (બીએલઓ)ને સુપરત કરવા કે પછી ઈસીઆઈ નેટ ઍપ અથવા વૅબસાઈટનો ઉપયોગ કરી ઑનલાઈન ફોર્મ ભરવા જણાવવામાં આવ્યું છે. (એજન્સી)

## પટણામાં ૧૨૦૦ નવા એચઆઈવી પોઝિટિવ કેસ નોંધાયા

પટણા : બિહારના પટણા જિલ્લામાં આ વર્ષે ૧૦૦૦થી વધુ નવા એચઆઈવી પોઝિટિવ કેસ નોંધાયા હતા. એક અધિકારીએ આ જાણકારી આપી હતી. બિહાર એઇડ્સ કંટ્રોલ સોસાયટીના એડિશનલ પ્રોજેક્ટ ડિરેક્ટર (એપીડી) એન કે ગુપ્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે “૨૦૨૫માં અત્યાર સુધીમાં પટણામાં ૧૨૦૦ એચઆઈવી પોઝિટિવ કેસ નોંધાયા છે, ત્યારબાદ પૂર્વ ચંપારણમાં ૪૦૦થી વધુ અને પશ્ચિમ ચંપારણ જિલ્લામાં ૩૪૦ કેસ નોંધાયા છે.” આ નવા કેસ સાથે પટણા જિલ્લામાં હવે ૭૯૨૩ એચઆઈવી પોઝિટિવ કેસ નોંધાયા છે.

પીટીઆઈ દ્વારા સંપર્ક કરવામાં આવતા બિહારના આરોગ્ય પ્રધાન મંગલ પાંડેએ આ મુદ્દા પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે બિહાર એઇડ્સ કંટ્રોલ સોસાયટીના અધિકારીઓ આ બાબતે બોલવા માટે અધિકૃત છે. પીટીઆઈ દ્વારા પ્રાપ્ત કરાયેલા ડેટા અનુસાર, પટનામાં એઆરટી (એન્ટિરેટ્રો વાયરલ થેરાપી) પર જીવિત લોકોની કુલ સંખ્યા ૭,૯૨૩ છે, જેમાંથી ૪,૭૦૫ દર્દીઓ પીએમસીએચમાં સારવાર લઈ રહ્યા છે, ૩,૦૯૧ આરએમઆરઆઈમાં સારવાર હેઠળ છે, અને ૧૨૭ નેતાજી સુભાષ મેડિકલ કોલેજમાં સારવાર કરાવી રહ્યા છે. આંકડાઓ અનુસાર, પૂર્વ ચંપારણમાં ૬,૮૨૭ લોકો એઆરટીની સારવાર લઈ રહ્યા છે.

મધુબની, ગયા, મુઝફ્ફરપુર અને સીતામઢીમાં અનુક્રમે ૫,૬૮૫, ૫,૫૨૯, ૫,૨૮૯ અને ૪,૯૫૮ એચઆઈવી પોઝિટિવ કેસ નોંધાયા હતા. બિહાર એઇડ્સ કંટ્રોલ સોસાયટીના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઇન્ટિગ્રેટેડ કાઉન્સેલિંગ એન્ડ ટેસ્ટિંગ સેન્ટર્સ (આઈસીટીસી) માં મળી આવેલા પોઝિટિવ કેસોને એઆરટી સેન્ટરોમાં ૧૦૦ ટકા કવરેજ માટે મોકલવામાં આવે છે. ૧ ડિસેમ્બરના રોજના એક સત્તાવાર દસ્તાવેજ મુજબ, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કાર્યરત ૩૨ એઆરટી કેન્દ્રોના માધ્યમથી બિહાર સરકાર એચઆઈવીથી પીડિત ૯૭,૦૪૬ લોકોને યોગ્ય સારવાર અને સંભાળ માટે નિયમિતપણે મફત એઆરવી દવાઓ પૂરી પાડી રહી છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે એચઆઈવી પોઝિટિવ કેસોના ફેલાવા પાછળ ચાર કારણો છે. અસુરક્ષિત શારીરિક સંબંધો, ઇન્જેક્શન માટે ચેપગ્રસ્ત સોયનો ઉપયોગ, ચેપગ્રસ્ત લોહી ચઢાવવું અને માતાથી બાળકમાં સંક્રમણ જવાબદાર છે.

## મોદી-ટ્રમ્પે ફોન પર વાત કરી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડિયા-યુએસ ગ્લોબલ કોમ્પ્રેહેન્સિવ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપમાં થયેલી પ્રગતિ અંગે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત કરી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે નેતાઓએ વેપાર, ક્રિટિકલ ટેક્નોલોજી, ઊર્જા, સંરક્ષણ અને સુરક્ષા વિશે વિચારોની આપ-લે કરી હતી.

અધિકારીઓએ માહિતી આપી હતી કે બન્ને નેતાઓ સામાન્ય પડકારોનો સામનો કરવાનો અને સામાન્ય હિત આગળ વધારવા સંમત થયા હતા. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### મુંબઈ ‘પાઘડી’ની

કરતાં પણ વધુ ઈમારત છે અને તેમાંની મોટાભાગની વર્ષ ૧૯૬૦ પહેલાં બાંધવામાં આવેલી છે. ‘પાઘડી’ની ઈમારતોમાંની અનેક રિડેવલપમેન્ટમાં ગઈ છે, અનેક તૂટી પડી છે અને અંદાજે ૧૩,૦૦૦ જેટલી ઈમારતો નવ નિર્માણની રાહ જોઈ રહી છે.

આ ઈમારતોમાં રહેતા ભાડૂતોને મહારાષ્ટ્ર રેન્ટ કંટ્રોલ ઍક્ટ અંતર્ગત રક્ષણ મળે છે તો મકાનમાલિકોનો દાવો છે કે ભાડૂતોને મળેલા અધિકારોને કારણે તેમને યોગ્ય વળતર નથી મળી રહ્યું.

કાયદાકીય વિવાદ અને માળખાકીય ગૂંચવણને કારણે ‘પાઘડી’ની ઈમારતોના રિડેવલપમેન્ટને નબળો પ્રતિસાદ મળી રહ્યો છે એમ જણાવતાં શિંદેએ કહ્યું હતું કે ભાડૂતો અને મકાનમાલિકો એમ બંનેના અધિકારોનું રક્ષણ કરતું માળખું ઊભું કરવું ખૂબ જરૂરી છે.

ઈકોનોમિકલી વીકર સેક્શન (ઈડબ્લ્યુએસ) અને લૉઅર ઈન્કમ ગ્રૂપ (એલઆઈજી)ના ભાડૂતોને ઈન્સેન્ટિવ તરીકે માત્ર ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (એફએસઆઈ) આપવી જ પૂરતી નથી અને તેમનાં વર્તમાન ઘરના નવેસરથી થનારાં બાંધકામના સંપૂર્ણ ખર્ચને આવરી લેવામાં આવે તેની સરકાર ખાતરી કરશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ માટે અલગથી નવા નિયમો બનાવવામાં આવશે.

પ્રસ્તાવિત નિયમોની ચાવીરૂપ જોગવાઈ મુજબ ભાડૂતને તેનાં વર્તમાન ઘરના વિસ્તાર જેટલી એફએસઆઈ આપવામાં આવશે. એ જ પ્રમાણે મકાનમાલિકોને પણ તેમની માલિકીની જગ્યા જેટલી વધારાની એફએસઆઈ આપવામાં આવશે.

જો ઊંચાઈ કે અન્ય મર્યાદાઓ પૂર્ણ એફએસઆઈ વાપરવામાં અવરોધરૂપ બનશે તો બાકીની એફએસઆઈ ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટ્સ (ટીડીઆર) તરીકે પૂરી પાડવામાં આવશે.

આ નિર્ણયને કારણે જૂની ઈમારતોનું રિડેવલપમેન્ટ ઝડપી બનશે. જૂની ઈમારતોને તૂટી પડતી બચાવશે જેને કારણે મિલકત અને જાનહાનિનાં પ્રમાણમાં ઘટાડો થશે. નિયમ ૩૩ (૭) અને ૩૩ (૯) જેવા વર્તમાન નિયમો અમલી રહેશે. જોકે નિયમોનું નવું માળખું જે ઈમારતોને અત્યાર સુધી લાભ નથી મળ્યો તેને વિકલ્પ પૂરો પાડશે.

શિંદેએ જણાવ્યું હતું કે ભાડૂત અને મકાનમાલિક વચ્ચેના વિવાદને લગતા ૨૮,૦૦૦ જેટલા કેસ નીચલી અદાલતમાં અનિર્ણીત પડી રહ્યા હોવાને કારણે દાયકાઓથી એ ઈમારતોના રિડેવલપમેન્ટનું કામ વિલંબમાં પડેલું છે.

હાઈ કોર્ટની મંજૂરીથી સરકાર આ તમામ કેસોનું નિરાકરણ ત્રણ વર્ષમાં લાવી શકાય તે માટે વધારાની ફાસ્ટ ટ્રેક કોર્ટ ઊભી કરશે.

સરકારનું આ પગલું પાઘડીની ઈમારતોમાં રહેલા લાખો મુંબઈવાસીઓનું પોતાની માલિકીનું ઘરનું સપનું પૂરું કરશે.

ભાડૂત કે મકાનમાલિક બંનેમાંથી કોઈને અન્યાય નહીં થાય એમ જણાવી તેમણે ભાવિ અવરોધોનો ઉકેલ લાવવા સરકાર પ્રતિબદ્ધ હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

### ડૉલર સામે

૯૦.૩૨ના નીચા મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં મોટો કડાકો અટક્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૪૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૯.૯૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન વધુ ગબડીને નીચામાં ૯૦.૪૮ અને ઉપરમાં ૮૯.૯૫ની રેન્જમાં રહીને અંતે ૩૮ પૈસાના ગાબડાં સાથે ૯૦.૩૨નાં નવા તળિયે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં સાત પૈસાનો ઘટાડો આવ્યો હતો.

ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર ચીફ ઈકોનોમિક એડવાઈઝર વી અનંથા નાગેશ્વરને અમેરિકા સાથેની ટ્રેડ ડીલ માર્ચ સુધી થવાની શક્યતા વ્યક્ત કરી હોવાના અહેવાલ પશ્ચાત્ રૂપિયો સડસડાટ ગબડ્યો હતો. આજે સત્ર દરમિયાન ખાસ કરીને ટ્રેડ ડીલની અનિશ્ચિતતા સપાટી પર આવતા રૂપિયો ૫૪ પૈસા તૂટીને સત્ર દરમિયાન ઑલ ટાઈમ લૉ સપાટીએ પહોંચ્યો હતો, જોકે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ડૉલર ઈન્ડેક્સની નરમાઈએ વધુ ધોવાણ અટકાવ્યું હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ટ્રેડ ડીલ વિલંબિત થઈ રહી હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળી શકે. જોકે, રિઝર્વ બૅન્કનો હસ્તક્ષેપ શક્યતઃ રૂપિયાને ટેકો આપી શકે છે.

દરમિયાન અમેરિકી ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે કહ્યું હતું કે બે દિવસીય વાટાઘાટમાં અમને ભારત તરફથી પ્રસ્તાવિત ટ્રેડ ડીલ માટે સારી ઑફર મળી છે. જોકે, મકાઈ, સોયાબીન, ઘઉં અને કપાસ જેવાં અમુક કાચા પાક માટે ભારતે પ્રતિકાર દર્શાવ્યો હોવાનું તેમણે વૉશિંગ્ટન ખાતે જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૮ ટકા ઘટીને ૯૮.૬૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨૫ ટકા ઘટીને બેરલદીઠ ૬૧.૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૪૨૬.૮૬ પૉઈન્ટ અને ૧૪૦.૫૫ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૬૫૧.૦૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

# અમારા જીવનનો આધાર સ્તંભ
# અને અમારા પરિવાર ની ધડકન



## શ્રીમતી સોહિણી ગુણવંતલાલ શાહ

(૧૯/૪/૧૯૪૦ - ૦૯/૧૨/૨૦૨૫)

મા, અમે હંમેશા તમારા જ રહીશું , જેમ તમે સદા અમારા રહ્યા છો ,
અમે આજે પણ દરેક પગલે તમારો હાથ પકડેલો છે.

### પ્રાર્થના સભા

૧૩ ડિસેમ્બર, ૨૦૨૫; શનિવાર | સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦

યોગી સભાગૃહ, દાદર પૂર્વ, મુંબઈ.

### આદર અને સ્મૃતિ સાથે

ગુણવંતલાલ કાંતિલાલ શાહ • હસમુખલાલ - હસુમતીબેન (લંડન)

પ્રણવ - વિજલ　　રાજીવ - હીના　　શિતલ - કિશોર
રિદ્ધિ - જોશુઆ　　શિવાની - બાર્ટ　　ઐશ્વર્યા - શ્રેયાંશ

સિદ્ધિ, આર્યન, ટ્રીયા, પ્રીશા, નાયશા
અને સમગ્ર સમર્થ પરિવાર

SAMARTH LIFE SCIENCES

વેલે પાર્કિંગ રાખેલ છે.

# સંસ્થા સમાચાર

## ધીરગુરુદેવની નિશ્રામાં સંથારા સાધકની પાલખીયાત્રામાં ભાવવિભોર ભાવિકો

શ્રી સ્થાનકવાસી જૈન સંઘ-ઉપલેટા ખાતે પ્રથમવાર ઐતિહાસિક આજીવન સંથારા સાધક મનહરભાઇ મણિયારનો તા. ૧૧ના વહેલી સવારે ૪.૪૫ કલાકે સમાધિભાવે સંથારો ૧૨મા ઉપવાસે પૂર્ણ થયા બાદ નિશ્રાદાતા પૂ. ધીરગુરુદેવે નિર્યામણા કરાવી હતી. કાયાનો કસ કાઢી લેવો એ જ જીવનનો સાર છે. તેવા સૂત્રને ચરિતાર્થ કરનાર મનહરભાઇના પાર્થિવ દેહને સૂરજવાડીના હોલમાં દર્શનાર્થે રાખવામાં આવેલ. નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, રાજકોટના વિવિધ સંઘો, જેતપુર, ગોંડલ, પોરબંદર, ધોરાજી, જશાપર, મોટી મારડ, લાલપુર, મોરબી, જૂનાગઢ, અમરેલી વગેરે સંઘના ભાવિકોએ જય જય નંદા, જય જય ભદ્રાના ગગનભેદી નારાએ મુખ્યમાર્ગને ગજાવ્યા બાદ મુક્તિધામમાં મણિયાર પરિવારના જશવંતભાઇ, તુષારભાઇ, વર્ષાબેન વગેરેનાં હસ્તે અંત્યેષ્ઠિ વિધિ કરવામાં આવેલ.

પૂ. પંથકમુનિ મ. સા. ગુણીબાઇ મ. સ. પૂ. તકલાકુમારીજી મ. સ. તથા ભરત શાહ, ભાવેશ શેઠ વગેરેએ ગુણાંજલિ અર્પણ કરેલ.

## એવિલ આઈ લિપન આર્ટ વર્કશોપ

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા એવિલ આઈ લિપન આર્ટ વર્કશોપનું આયોજન શનિવાર ૧૩ ડિસેમ્બરે બપોરે બે કલાકથી પાંચ કલાક સુધી રાખવામાં આવ્યું છે. એના માટે જરૂરી સામગ્રી સંસ્થા દ્વારા આપવામાં આવશે. કલાગુર્જરી કાર્યાલય, દશરથ લાલ જોશી પુસ્તકાલય, ડી.જે. રોડ, વિલેપાર્લે-વેસ્ટમાં આ કાર્યશાળા યોજવામાં આવી છે.

## શુભમંગલ કાર્યોનો શુભારંભ

વસઈમાં આવેલા શ્રી જલારામ મંદિરના ધાર્મિક ઉત્સવો સુરેખ રીતે છેલ્લાં અગિયાર વર્ષથી સંચાલન કરતી શ્રી રઘુકુળ યુવક પ્રગતિ મંડળ(રજિ)એ શ્રીમદ્ ભાગવત સમૂહ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન ૧૭ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બર સુધી કર્યું છે. એના માટેની આમંત્રણપત્રિકાનો શુભમંગલ કાર્યક્રમ મંત્રોચ્ચાર સાથે વિધિપૂર્વક કરવામાં આવ્યો હતો.

## લોકગીતોની રમઝટ

સૌરાષ્ટ્રની સંતવાણી અને લોકગીતોની રમઝટનો કાર્યક્રમ શનિવારે ૧૩ ડિસેમ્બરે યોજવામાં આવ્યો છે. સાંજે સાડા પાંચ કલાકે સ્વામી પ્રેમપુરી આશ્રમ, ત્રીજા માળે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો લહાવો લેવા માટે રસિકજનોને નિઃશુલ્ક પ્રવેશ મળશે.

## શ્રી દત્ત જયંતી ઉત્સવની ઉજવણી

ઓમ શ્રી દત્તગુરુ ચેરિટેબલ ટ્રસ્ટ (રજિ.) દ્વારા ૪૬ નાગદેવી સ્ટ્રીટમાં, શ્રી દત્ત ગગનગિરી પાદૂકા સ્થાનમાં શ્રી દત્ત જયંતીની ઉજવણી ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી હતી. એ દરમિયાન મેડિકલ ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાધુસંતોનાં બહુમાન બાદ મહાપ્રસાદનો લાભ પણ ભાવિકોએ લીધો હતો.

## દાસ્તાન-એ-નૌશાદ

ડેવિડ સાસુન લાઈબ્રેરી અને રીડિંગરૂમ દ્વારા દાસ્તાન-એ-નૌશાદ નામક એક સુંદર કાર્યક્રમનું આયોજન ૬ ડિસેમ્બરે કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ મહાન સંગીતકાર નૌશાદ અલી સાબના ૧૦૬માં જન્મદિવસ નિમિત્તે યોજવામાં આવ્યો હતો. એ દરમિયાન નૌશાદ સાબની અનેક જાણી-અજાણી વાતો જાણવાનો અવસર શ્રોતાઓને મળ્યો હતો.

## સામાન્ય સભાનું આયોજન

શ્રી માહ્યાવંશી સમાજ, મુંબઈ દ્વારા ૧૪ ડિસેમ્બરે રવિવારે સાંજે પાંચ કલાકે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભા ૯૪-ઈ, માધવ ભુવન, રૂમ નં. ૨૧,૨૨, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ ખાતે રાખવામાં આવી છે. એની નોંધ સભ્યોએ લેવી અને સમયસર પહોંચવાની વિનંતી.

# ‘દૃશ્યમ ૩’ એ રચ્યો ઈતિહાસ, ફિલ્મના થિયેટ્રિકલ અને ડિજિટલ રાઈટ્સ પેન ઈન્ડિયાએ ₹૩૫૦ કરોડમાં ખરીધા

મુંબઈ: મોહનલાલ સ્ટારર ફિલ્મ દૃશ્યમ-થ્રીના થિયેટ્રિકલ અને ડિજિટલ રાઈટ્સ ૩૫૦ કરોડમાં વેચાયા છે અને કોઈ પણ રિજનલ લેન્ગ્વેજની ફિલ્મને દુનિયાભરના થિયેટરોમાં રીલિઝ કરવા માટે આટલી વિક્રમી કિંમતે રાઈટ્સ વેચાયા હોય એવું પ્રથમ જ વખત બન્યું છે. ફિલ્મના રાઈટ્સ આટલી વિક્રમી કિંમતે ખરીદીને ઈતિહાસ રચ્યો છે. બોલીવૂડમાં અનેક ફિલ્મોનું સફળ ડિસ્ટ્રિબ્યુશન કરનારા ડો. જયંતીલાલ ગડાએ. પેન સ્ટુડિયોએ કુમાર મંગતના પેનારોમા સ્ટુડિયો સાથે કોલેબ કર્યું છે.

વિક્રમી કિંમતે ફિલ્મ દૃશ્યમ-થ્રીના થિયેટ્રિકલ અને ડિજિટલ રાઈટ્સ ખરીદવા અંગે વાત કરતાં પેન સ્ટુડિયોના ડિરેક્ટર ડો. જયંતીલાલ ગડાએ જણાવ્યું હતું કે દૃશ્યમ-થ્રી માટે અમે પાર્ટનરશિપ કરીને સારી ફિલ્મોને અને ઈન્ડિયન લેન્ગ્વેજની ફિલ્મોને દુનિયાભરના દર્શકો સુધી પહોંચાડવાનું મિશન હાથ ધર્યું છે. પેનારોમા સ્ટુડિયો સાથેની પાર્ટનરશિપે અમારી આ પહેલને એક પીઠબળ આપ્યું છે અને આમ અમને એક સારી ફિલ્મ વધુને વધુ દર્શકો સુધી પહોંચાડવાનો સંતોષ થશે.

# પુણે મેટ્રોપોલિટન ક્ષેત્ર માટે ૩૨,૫૨૩ કરોડ રૂપિયાના ૨૨૦ પ્રોજેક્ટ મંજૂર: ફડણવીસ

નાગપુર: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે એવી માહિતી આપી હતી કે ઝડપથી વિસ્તરી રહેલા શહેરી વિસ્તારોમાં માળખાકીય સુવિધા મજબૂત બનાવવા માટે રાજ્ય સરકારની કટિબદ્ધતાના ભાગરૂપે પુણે મેટ્રોપોલિટન ક્ષેત્ર માટે ૩૨,૫૨૩ કરોડ રૂપિયાના ૨૨૦ વિકાસ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે. ફડણવીસ નાગપુરના વિધાન ભવન સંકુલમાં યોજાયેલી પુણે મેટ્રોપોલિટન આયોજન સમિતિની પાંચમી બેઠકમાં બોલી રહ્યા હતા. નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ખાતાના પ્રધાન ચંદ્રકાંત પાટિલ અને અનેક વિધાનસભ્યો બેઠકમાં હાજર રહ્યા હતા. પુણે સાથે સંકળાયેલા આગામી પ્રોજેક્ટ્સમાં પાવના, ઇન્દ્રાયણી, મુળા અને મુઠા નદીઓના પુનર્જીવન, મુખ્ય જંક્શન પર ૧૭ ટ્રાફિક ડિકન્જેશન પ્રોજેક્ટ્સ, ૧૦ પ્રવાસન કેન્દ્રો, એક સ્કાયવોક, પાંચ મલ્ટી-મોડલ હબ પ્રોજેક્ટ્સનો સમાવેશ થતો હોવાની માહિતી તેમણે આપી હતી.

યરવડા અને કાત્રજ વચ્ચે વીસ કિમી લાંબી ટનલનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટની વ્યવહારુતાનું મૂલ્યાંકન ચાલી રહ્યું છે અને અંદાજિત ખર્ચ ૭,૫૦૦ કરોડ રૂપિયા છે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે પુણેના ઝડપી શહેરીકરણ માટે આયોજિત અને સંકલિત વિકાસની જરૂર છે. તેમણે અધિકારીઓને ભવિષ્યમાં વસ્તી વધારા અને વિસ્તરણને ધ્યાનમાં રાખીને, નિર્ધારિત સમયમર્યાદામાં માળખાકીય યોજના પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

ફડણવીસે કહ્યું કે જૂન ૨૦૨૧માં પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (પીએમસી)ની હદમાં ભળી ગયેલા ૨૩ ગામોનું આયોજન પાલિકા દ્વારા કરવું જોઈએ. તેમણે પુણે યુનિવર્સિટી નજીકના ફ્લાયઓવરના ઔપચારિક ઉદ્‌ઘાટનની રાહ જોયા વિના જાહેર ઉપયોગ માટે ખુલ્લો મૂકવાનો પણ નિર્દેશ આપ્યો. શહેર માટે એક વ્યાપક ગતિશીલતા યોજના તૈયાર કરવા માટે ટૂંક સમયમાં તમામ સમિતિના સભ્યોની બેઠક યોજાશે, એમ તેમણે ઉમેર્યું હતું.

પુણે મેટ્રોપોલિટન રિજનમાં ચાલી રહેલા કામોમાં - ૫૮૯ કિમીને આવરી લેતા ૧૨૭ રોડ પ્રોજેક્ટ્સ, ૮૩ કિમીનો રિંગ રોડ, વિકાસ કેન્દ્રો, ઔદ્યોગિક પટ્ટાઓ અને એરપોર્ટને જોડતા રસ્તાના કામો, ત્રણ પુલ/ફ્લાયઓવર પ્રોજેક્ટ્સ, ત્રણ હાઉસિંગ પ્રોજેક્ટ્સ, ચાર પાણી પુરવઠા યોજનાઓ (વાઘોલી યોજના પૂર્ણ)નો સમાવેશ થાય છે. નવલે બ્રિજ નજીક વારંવાર થતા અકસ્માતોના મુદ્દા પર, મુખ્ય પ્રધાને અધિકારીઓને મુંબઈ-બેંગલુરુ હાઇવે પર સર્વિસ રોડનું કામ શરૂ કરવા અને અકસ્માતો ઘટાડવા માટે વધારાના વિકલ્પો શોધવાનો નિર્દેશ આપ્યો. માણ-હિંજવડી-શિવાજીનગર મેટ્રો લાઇન-૩ની પ્રગતિની સમીક્ષા કરતા, ફડણવીસે નિર્દેશ આપ્યો કે આ પ્રોજેક્ટ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થવો જોઈએ.

# પાર્થ પવાર સામે કેસ કેમ નોંધવામાં ન આવ્યો?

## દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે એફઆઈઆરમાં નામ ન હોવાનો ફરક પડતો નથી, ચાર્જશીટમાં બધી સ્પષ્ટતા થશે

પુણે: પુણેના મુંઢવામાં જમીન છેતરપિંડીનો કેસ રાજ્યભરમાં ચર્ચાઈ રહ્યો છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવાર આ કેસમાં સંડોવાયેલા છે. પાર્થ પવારની કંપની અમેડિયા અને પાર્થ પવારના સહયોગીઓ, આ જમીન વ્યવહારમાં સામેલ અધિકારીઓ અને જમીન વેચનાર સામે કેસ નોંધવામાં આવ્યો છે. જોકે, પાર્થ પવાર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પાર્થ પવાર સામે કાર્યવાહી ન થવાને કારણે સરકાર પર સતત પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે. પાર્થ પવારને ટેકો આપવા બદલ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ટીકા થઈ રહી છે. હવે મુખ્ય પ્રધાને પોતે આ અંગે સ્પષ્ટતા આપી છે. તેઓ મુંબઈમાં નઅનસ્ટોપેબલ મહારાષ્ટ્ર કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, આ પુણેમાં જમીન વ્યવહારનો કેસ છે. આ કેસ પ્રકાશમાં આવ્યા પછી, સરકારે આ મામલે કાર્યવાહી કરવામાં એક મિનિટ પણ બગાડી નહોતી. લોકો માગણી કરે તે પહેલાં જ મેં આ મામલે કાર્યવાહીનો આદેશ આપ્યો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

### પડઘા આઈએસઆઈએસ

પડઘા-બોરીવલી, રત્નાગિરિ જિલ્લો, દિલ્હી, કોલકાતા અને ઉત્તર પ્રદેશના અમુક શહેરોનો સમાવેશ હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ઇડીની ટીમોને રાજ્યમાં રેઇડ પાડવા દરમિયાન મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ) દ્વારા સલામતી પૂરી પાડવામાં આવી હતી, જ્યારે અન્ય વિસ્તારોમાં સેન્ટ્રલ સિક્યુરિટી ફોર્સે તેમને મદદ કરી હતી.

નવેમ્બર, ૨૦૨૩ના નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ના કેસની નોંધ લઇને ફેડરલ એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કેસ દાખલ કર્યો હતો, જેમાં આરોપ લગાવાયો હતો કે અમુક લોકો ‘ઉચ્ચ કટ્ટરવાદ’ આઇએસઆઇએસ સાથે જોડાયેલા મોડ્યુલનો ભાગ હતા અને ભરતી, તાલીમ, શસ્ત્રો તથા વિસ્ફોટકોની પ્રાપ્તી, તેમના ઑપરેશન્સ માટે ભંડોળ ઊભું કરવા સહિતની પ્રવૃત્તિઓમાં સામેલ હતા.

આઇએસઆઇએસની વિચારધારામાં નિર્બળ યુવાનોને દોરીને કટ્ટરવાદી બનાવવા અને ભરતી કરવા તથા ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસીસ (આઇઇડી) બનાવવાના કાવતરાના આરોપમાં એનઆઇએ દ્વારા ૨૧ જણ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

એનઆઇએના જણાવ્યા મુજબ આરોપીઓએ થાણે ગ્રામીણમાં આવેલા પડઘા ગામને ‘અલ શામ’ નામે મુક્ત ક્ષેત્ર તરીકે સ્વઘોષિત કર્યું હતું અને તેઓ પોતાનો બેઝ મજબૂત બનાવવા મુસ્લિમ યુવાનોને તેમના નિવાસસ્થાનથી પડઘામાં સ્થળાંતર કરવા પ્રોત્સાહિત કરતા હતા.

એનઆઇએ દ્વારા આ કેસમાં આરોપીઓ સામે આતંકવાદી હુમલા માટે તૈયારી કરવી, ભારતમાં હિંસા ફેલાવવા માટે આઇએસઆઇએસના એજન્ડાને આગળ ધપવવા ભંડોળ ઊભું કરવું અને તેમના ધર્મનિરપેક્ષ સિદ્ધાંતો તથા લોકશાહી પ્રણાલીનો નાશ કરવાના આરોપ મુકાયા હતા.

એનઆઇએ અનુસાર ભારતમાં આઇએસઆઇએસ માટે સ્વઘોષિત આગેવાન હેન્ડલર સાકિબ અબ્દુલ હમીન નાચન (હવે મૃત) દ્વારા નિયંત્રિત અગાઉના ઘણા આતંકી કેસોમાં સંડોવાયેલા શાહનવાઝ આલમ પાસેથી આરોપીએ ‘બાયથ’ (વેર બાળવાના શપથ) લીધા હતા. સાકિબ નાચનની અગાઉ પડઘાથી એનઆઇએએ ધરપકડ કરી હતી અને દિલ્હીની હૉસ્ટિલમાં જૂનમાં તેનું મૃત્યુ થયું હતું. ઇડીને ખેરનાં લાકડાંની દાણચોરીના કૌભાંડમાંથી મળતાં નાણાંનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે થતો હોવાની માહિતી મુંબઈ એટીએસે આપી હતી. (પીટીઆઇ)

### મરીન ડ્રાઈવમાં

આવતા હોય છે. ફ્લેટમાં તેમની માતા એકલી રહે છે અને તેમની સંભાળ માટે ચાર નોકર રાખવામાં આવ્યા હતા. હર્ષની પુત્રી વચ્ચે દુબઇથી મુંબઈ આવી હતી ત્યારે તેણે કબાટ ખોલતાં તેમાં પૈસા મળી આવ્યા નહોતા. આથી તેણે પિતાને જાણ કરી હતી, જેને પગલે હર્ષ દલાલ જુલાઇ, ૨૦૨૫માં મુંબઈ આવ્યા હતા. તેમણે ઘરમાં તપાસ કરતાં લોકરમાંથી દાગીના ગાયબ હોવાનું જણાયું હતું. નોકરોએ દાગીના ચોર્યા હોવાની શંકા પરથી તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો.

### ‘ઓસી’ વિનાની

અને આર્થિક સમસ્યાનો સામનો કરી રહેલા દસ લાખ કરતાં પણ વધુ લોકોને આ નિર્ણયને કારણે લાભ થશે. મંજૂર કરેલા પ્લાનથી જરાક ફંટાવાને કારણે મુંબઈની ૨૦,૦૦૦ કરતાં પણ વધુ ઈમારતોને ઓસી આપવાનું નકારી દેવામાં આવ્યું છે. આ ઈમારતોમાં વસતા લોકો બમણો પ્રોપર્ટી ટેક્સ, વૉટર ચાર્જ અને સિવરેજ ટેક્સ ચૂકવી રહ્યા છે એમ જણાવતા તેમણે કહ્યું હતું કે નવી યોજના અઢી લાખ પરિવારોને સીધી રીતે મદદરૂપ થશે.

નવી યોજના અંતર્ગત રહેવાસીઓએ ઓસીના અભાવને કારણે બમણો પ્રોપર્ટી ટેક્સ ચૂકવવો નહીં પડે. તેમના માટે હૉમ લોન લેવી પણ સરળ બનશે. પાલિકા દ્વારા કાર્યવાહી કરવાનો સતત રહેતો ભય પણ હવે દૂર થઈ જશે.

આ યોજના રહેવાસીઓને રિડેવલપમેન્ટ વખતે તેમની કાયદેસર સંપૂર્ણ જગ્યાનો ઉપયોગ કરવાને પાત્ર બનાવશે. આ યોજના અંતર્ગત ઈમારતને નિયમિત કરવાના પ્રસ્તાવને રેડી રેકનરને આધારે વધારાના બિલ્ટઅપ એરિયાના પ્રીમિયમ પર રાહત મળશે. પ્રથમ છ મહિનામાં આવેલા પ્રસ્તાવ પર કોઈ પેનલ્ટી વસૂલવામાં નહીં આવે. જ્યારે છ મહિનાથી એક વર્ષના સમયગાળામાં આવેલા પ્રસ્તાવ પર લાગુ પડતા દરના પચાસ ટકા પેનલ્ટી વસૂલવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

ફ્લેટ માલિક સ્વતંત્ર ઓસીની માગણી કરે તો તે માટે અલગ યંત્રણા ઊભી કરવાની બીએમસીને સૂચના આપી દેવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

ગેરકાયદે માળખા તરીકે નોંધાયેલ હૉસ્પિટલ અને સ્કૂલને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે જેને કારણે આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રને પણ રાહત મળશે, એમ તેમણે કહ્યું હતું. મહારાષ્ટ્રની અન્ય નગરપાલિકાઓમાં પણ સરકાર આ યોજનાનો અમલ કરવા માગે છે.આ માટે શહેરી વિકાસ ખાતાને વિગતવાર અહેવાલ સુપરત કરવા જણાવી દેવામાં આવ્યું છે.

## હિન્દુ મરણ

પડધરી નિવાસી હાલ મુંબઇ કિરણભાઇ ઓધવજીભાઇ મહેતા (ઉં. વ. ૮૨) તે સ્વ. હર્ષિદાબેનના પતિ. સ્વ. વાડીલાલભાઇ, સ્વ. રતિલાલભાઇ, સ્વ. શાંતિલાલભાઇ, નવીનભાઇ, ભૂપતભાઇ, સ્વ. મુક્તાબેન, ધીરજભાઇ સંઘવી, સ્વ. વિજયાબેન લક્ષ્મીચંદ મહેતા અને પ્રીતીબહેન કિશોરભાઇ શાહના ભાઇ. અર્પણ અને વિરલના પિતાશ્રી. સેજલબેન તથા ડિમ્પલબેનના સસરા. પ્રથમ અને જીયાના દાદા. તથા કાંતિભાઇ પ્રેમચંદભાઇ મહેતા (મદ્રાસ)ના જમાઇ. તા. ૯-૧૨-૨૫ મંગળવારના મુંબઇ ખાતે અવસાન પામેલ છે.

જીવણલાલ મોતિસિંગ મેના પત્ની ઉષાબેન જીવણલાલ મે તા. ૧૦/૧૨/૨૫ના સ્વર્ગ સીધાર પામ્યા છે. તા.૧૨/૧૨/૨૫ ને શુક્રવારના રોજ બેસણું: સાંજે ૪:૩૦ થી ૫:૩૦ રાખેલ છે. નિવાસસ્થાન:- કૃષ્ણ કુંજ સોસાયટી, શેરી નંબર ૨, રૈયા રોડ નવઘણ ચા વાળો રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**કપોળ**

તરેડવાળા (હાલ બોરીવલી) ચંદ્રભાગા પુરુષોત્તમદાસ સંઘવીના સુપુત્ર ચંપકલાલ (ઉં.વ. ૮૫) તે સ્વ. કુમુદબેનના પતિ. લોપા યોગેશ શાહ, હીરેન - નમ્રતાના પિતા. સ્વ. ભૂપતરાય, સ્વ. વિમળાબેન જયંતીલાલ ચિતલિયા, સ્વ. ક્રિષ્ણાબેન સુરેશચંદ્ર પારેખના ભાઈ. સ્વ. પ્રદીપ કાંતિલાલ પારેખના બનેવી. કનક, કાવ્યાંશ, મીત, મૈત્રીના દાદા. ૧૦-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૨-૧૨-૨૫ શુક્રવાર સાંજે ૫ થી ૬:૩૦ પેરેડાઈસ બેંકવેઈટ, દેવીદાસ લેન, અદાણી ઈલેક્ટ્રિકસિટી ઓફિસની સામે, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ ગારીયાધાર હાલ કલ્યાણ મહેન્દ્ર પ્રભુદાસ રેલીયા (ઉં.વ.૭૭) તે માયાબેનના પતિ. નેહા અમિત વણઝારા, દીપા યતીન મશરૂ, સ્વ.જીજ્ઞેશના પિતાશ્રી. તે સ્વ.પ્રભુદાસ રેલીયાના પુત્ર. સ્વ.ગુણવંતરાય, સ્વ.કિશોરભાઈ, સ્વ.પોપટભાઈ રેલીયા, સ્વ.કંચનબેન, સ્વ.હીરાબેન, અ.સૌ.હર્ષાબેન નરેન્દ્રકુમાર રાચ્છના ભાઈ. તે સ્વ.વ્રજલાલ ત્રિભુવનદાસ ઉનડકટના જમાઈ. તા.૧૦.૧૨.૨૫ ના શ્રીજીચરણ પામેલ છે તેમની પ્રાર્થના સભા તા.૧૨.૧૨.૨૫ શુક્રવારના સાંજે ૪.૦૦ થી ૫.૩૦. ઠે. લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ (પ) ખાતે બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે જ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પુષ્કરણા બ્રાહ્મણ**

મુળ મોડ (જામનગર) હાલ નવી મુંબઈ વસંતકુમાર તે અમૃતબેન જયશંકર જોશીના સુપુત્ર (ઉં.વ.૮૯) બુધવાર ૧૦/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે વર્ષાબેનના પતિ. સ્વ.ચંદ્રકાંત, અરુણા અનુરાગ જોશી, સ્વ.ઉષા જયંત ખેટીયાના ભાઈ. અશોક, આશા પરેશ ઠાકર, પુર્ણિમા હિતેશ શેઠ, અશ્વિનના પિતાશ્રી. સ્વ.નૂતન, અ.સૌ.સોનાલીના સસરા. સ્વ.નરમદાબેન તુલસીદાસ પંડયાના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૧૨/૧૨/૨૫ સાંજે ૪.૩૦ થી ૬. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, પ્લોટ ૬૦-એ, સેક્ટર ૨૯, વાશી હવેલી પાસે, નવીમુંબઇ.

**મોઢ વણિક**

વિરમગામ નિવાસી હાલ વિદ્યાવિહાર ગં.સ્વ. શ્રીમતી નિર્મલા નવીનચંદ્ર પરીખ તે સ્વ. નવીનચંદ્ર જયંતીલાલ પરીખના ધર્મપત્ની તથા સમીર નવીનચંદ્ર પરીખ, તૃપ્તિ પરેશ મહેતા, ફાલ્ગુની ચેતન ઘેલાણી, કામિની પરેશ મહેતાના માતુશ્રી. તે ડિમ્પલ સમીર પરીખના સાસુ. તારીખ ૧૦-૧૨-૨૫ બુધવારેના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેઘવાળ**

કારજ વિધિ, સાંજ ૫:કલાકે તેમના નિવાસસ્થાન પર ગામ:મરસુપણા, જિ. ભાવનગર ધારિયા, સોલિયાવાળા પરિવાર. સ્વ. વિનોદભાઈ ગંસ્વ. ગોરીબહેન પુત્ર વિશાલ વિનોદભાઈ ધારિયા (ઉં.વ.૩૭) હાદાભાઈ કાનાભાઈવાળા (સાવરકુંડલા)ના જમાઈ. સોલિયા પરિવારના ભાણેજ. સ્વ શ્રી. વિશાલ વિનોદભાઈ ધારિયા, રવિવાર ૧૪-૧૨-૨૫ પૂનમબેનના પતિ, પાર્થના પપ્પા સેજલ, દર્શનાના ભાઈ. રહેઠાણ : સમ્રાટ અશોક એ/૧ બિલ્ડીંગ. રૂમ નં: ૨૦૯ ડો.બાબા સાહેબ આંબેડકર નગર. મુંબઈ:૩૪.

**માધવપુર ગિરીનારાયણ બ્રાહ્મણ**

અંધેરી નિવાસી ગં. સ્વ કુમુદબેન (કુસુમ) હરિદાસ પુરોહિત (ઉં.વ.૮૬) તે સ્વ. મણીબેન બળવંતરાય સેવકના પુત્રી, સોનલ અને દેવેશના માતુશ્રી. દર્શન તથા યોગીનીના સાસુ. કાનનના નાની. ધ્રુવના દાદી. તા. ૮/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે.લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળગામ જામનગર હાલ ભાઈંદર (મુંબઈ) નિવાસી અ. સૌ. કવિતાબેન મનોજભાઈ ગોકાણી (ઉં.વ.૫૬) તે ગં. સ્વ. ચંદ્રાબેન ગોપાલદાસ ગોકાણીનાં પુત્રવધુ. રુચિતા યશકુમાર માઢક અને સાક્ષીના માતુશ્રી, ભરત અને આરતી તથા તુષાર અને હિનાનાં ભાભી. ગં. સ્વ. વિજયાબેન પરષોત્તમદાસ રૂપારેલના સુપુત્રી, સ્વ. પ્રફુલભાઈ, શોભનાબેન, દીપકભાઈના નાનાબેન બુધવાર તા.૧૦/૧૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

દેલવાડાવાળા હાલ વિલેપાર્લે સ્વ. ભાનુબેન દુર્લભદાસ ગોરડીયાના પુત્ર સુધીરભાઈ (ઉં.વ.૭૨) તે જયશ્રીના પતિ. નિશિથ-ભક્તિ, રૂપલ, જેસલ ધર્મેશભાઈ જોષી, રિધાન, હિતાર્થ મહેકના પિતા. સ્વ. ભારતી સુરેશચંદ્ર પારેખ, સ્વ. જ્યોત્સનાબેન ઈશ્વરદાસ સંઘવી, વર્ષા ભરત જાંગલા, ગીતા જયકાંત મહેતા, દીપ્તી જયેન્દ્ર સંઘવી, અતુલ તથા ભાવેશ નવીનચંદ્ર ગોરડીયાના ભાઈ. જાફરાબાદવાળા તારાલક્ષ્મી લક્ષ્મીદાસ પારેખના જમાઈ. તા.૯/૧૨/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૩/૧૨/૨૫ના ૫ થી ૭. બ્રહ્મમહેશ્વર ભવન, સન્યાસ આશ્રમ, વિલેપાર્લે વેસ્ટ રાખેલ છે.

**ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ**

હાલ દહિસર આંબાવાડીના રહેવાસી પોપટલાલ દેવજી ચૌહાણ (ઉં.વ.૭૫) રવિવાર ૭.૧૨.૨૫ના શ્રીરામશરણ પામેલ છે. તેઓ કુમુદબહેનના પતિ. તે સતીશભાઈના પિતાશ્રી. તે સ્વ. મનસુખલાલ દેવજી ચૌહાણના નાના ભાઈ અને મહેશભાઈ, પ્રવિણાબેન ગાલિયા, મુકેશભાઈ અને પંકજભાઈના કાકા અને મૂળી નિવાસી સ્વ. શિવલાલ નંદલાલ ગોહિલના જમાઈ. બંને પક્ષની સાદડી તા. ૧૨.૧૨.૨૫ શુક્રવારે ૩ થી ૫. ઠે. શ્રીરાધાકૃષ્ણ મંદિર, સંજુ વડાપાવ વાડાની ગલી પાસે, આંબાવાડી, દહીસર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ કોટડા જળોદરના સ્વ. નારણજી મેઘજી દૈયા (ઠક્કર) ના પુત્ર દિલીપ ઠક્કર (ઉં.વ. ૭૪) હાલ કોપર ખૈરને. તે સ્વ. વનિતા ઠક્કરના પતિ. તે ચુનીલાલ જીવરાજનીના જમાઇ. તે પુરષોત્તમ ઠક્કર, સ્વ. દમયંતી ત્રિકમદાસ તન્ના, અનુપમા જગદીશ ચોથાણી, અ. સૌ. આશા અજીત મસ્કાઇના ભાઇ. તે અ. સૌ. અભિલાષા રમેશ ઠક્કર તથા સ્વ. નિખિલ દિલીપ દૈયાના પિતા. વંશી રમેશ ઠક્કરના નાના. તા. ૧૦-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. નિવાસસ્થાન ફામ સોસાયટી, બિલ્ડિંગ નંબર-૪૪/૪૦૩ કોપર ખૈરને.

## પારસી મરણ

જાંગુ બરજોર ખરેઘાટ તે રશ્ના જાંગુ ખરેઘાટના ધણી. તે મરહુમો બાનું તથા બરજોર ખરેઘાટના દીકરા. તે યઝદી જાંગુ ખરેઘાટ, કૈઝાદ જાંગુ ખરેઘાટના પપ્પા. તે બીનાઇફર યઝદી ખરેઘાટના સસરા. તે ચેરાગ ખરેઘાટ, ઝરીન કાંગા ને નવાઝ પરભુના ભાઇ. (ઉં. વ. ૮૨) રે. ઠે. ડીવેચા બિલ્ડિંગ, રૂમ. નં-૪, માલકમ બાગ, એસ. વી. રોડ, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૧૦૨.ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૧૨-૨૦૨૫ને બપોરે ૩.૪૫ કલાકે જોગેશ્વરી મધે માલકમ બાગ અગિયારીમાં.

મેહરૂ અદી મિસ્ત્રી તે મરહુમો અદી પીરોજી મિસ્ત્રીના વિધવા. તે મરહુમો હીલ્લા તથા રૂસ્તમ કુપરના દીકરી. તે પરવીન દારાયશ બારીયા ને હનોઝ અદી મિસ્ત્રીના મમ્મી. તે ફરાહ હનોઝ મિસ્ત્રી ને દારાયશ હોશંગ બારીયાના સાસુ. તે હનુતોશ દારાયશ બારીયા ને બીનાયશા બારીયાના મમયજી. તે કીયાન મિસ્ત્રી ને આરયાન મિસ્ત્રીના બપયજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૪૦-બી, પાઇપવાલા બિલ્ડિંગ, ૪ પાસ્તા લેન, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૧૨-૨૦૨૫ને બપોરે ૩.૪૫ કલાકે કોલાબા ખુશરૂબાગ મધે કરાની અગિયારીમાં.

**કચ્છી કડવા પાટીદાર**

સ્વ. ચંચલબેન કેશવલાલ ભીમાણી (ઉં. વ. ૭૫) કચ્છ ગામ રત્નાપર (મઉ) હાલ વિદ્યાવિહાર તા. ૯-૧૨-૨૫ મંગળવારે બપોરે રામશરણ પામ્યા છે. તે સ્વ. કેશવલાલ શિવજી ભીમાણીના ધર્મપત્ની. જગદીશભાઇ, મનીષાબેન, અશ્વિન, ગીતાબેન સુરેશ, અર્ચનાબેન, વિનીતના માતુશ્રી. વર્ષાબેનના સાસુ. વારિજ, ઋષી, મુસ્કાનના દાદી-નાની, પુરુષોતમભાઇ, સ્વ. શાંતાબેન, શશીકાંતભાઇ રમેશભાઇના ભાભી. કાંતાબેન, અરુણાબેન, ધીરજબેનના જેઠાણી. તે સ્વ. વાલજી કરમશી નાકરાણી ગામ કાશીપુરા કંપાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૨-૧૨-૨૫ના શુક્રવારના બપોરે ૩.૩૦થી ૫. ઠે.ઇન્ટરલિંક હોલ, બી-વિંગ. નિલકંઠ બિઝનેસ પાર્ક, બીજે માળે, વિદ્યાવિહાર (વેસ્ટ).

**કપોળ**

રાજુલાવાલા હાલ મુંબઇ યશવંત (ઉં. વ. ૭૫) તે સ્વ. દિવાળીબેન જમનાદાસ ગાંડાલાલ શેઠના જેષ્ટપુત્ર તા. ૧૦-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હંસાબેનના પતિ. તે નિમેષ, સમીર તથા શૈલેષના પિતા. તે ભરતભાઇ શેઠ, સ્વ. દેવીબેન (શારદાબેન) વસંતરાય, સ્વ. વસંતબેન ચીમનલાલ ગાંધી, સ્વ. ચંદ્રિકાબેન રસિકલાલ તથા ગં. સ્વ. જશુબેન ગુણવંતરાયના નાના ભાઇ. તે અ. સૌ. નિકિતા, નમ્રતા અને છાયાના સસરા. તે આકાશ પ્રિયલ, બિરજ તથા ક્રિષ્ણાના દાદા. શ્વસુર પક્ષે કરદેજવાળા સ્વ. બાલકૃષ્ણ દ્વારકાદાસ મોદીના જમાઇની પ્રાર્થનાસભા તા. ૧૩-૧૨-૨૫ના શનિવારે વાંઝાવાડી, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી (વેસ્ટ), સાંજે ૪થી ૬.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ વડોદરા સ્વ. કરસનદાસ ગાંધીના પુત્ર પ્રવીણચંદ્ર (ઉં. વ. ૮૫) તે કિરણબેનના પતિ. વિપુલભાઇ, તેજલબેન અતુલકુમાર શેઠ, માનસી કપિલકુમાર સંઘવીના પિતાશ્રી. વૈશાલીબેનના સસરા. વૈષ્ણવીના દાદા. સ્વ. રતિલાલભાઇ, સ્વ. પુરુષોતમભાઇ, સ્વ. કાંતિલાલભાઇ, સ્વ. મધુસુદનભાઇ, સ્વ. જયાબેન શશીકાંત મહેતાના નાનાભાઇ. સ્વ.વસંતરાય મુળજીભાઇ પારેખના જમાઇ. રવિવાર, તા. ૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ફાટસર (પરવડી) નિવાસી હાલ ડોમ્બિવલી બાવચંદભાઇ કુંવરજીભાઇ શાહના સુપુત્ર મનસુખલાલના ધર્મપત્ની કૈલાશબેન (ઉં. વ. ૭૬) તા. ૯-૧૨-૨૫ના મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સંજયભાઇ, વિજયભાઇ, સ્વ. રેખાબેન (છાયાબેન) જયેશકુમાર, રીટાબેન ભાવેશકુમારના માતુશ્રી. સંગીતાબેનના સાસુ. મનન અને સૃષ્ટિના દાદી. તે રમેશભાઇ, ચંદ્રકાંતભાઇ, નવીનભાઇ, દિનેશભાઇ, જયાબેન ચંદુલાલ, કાંતાબેન નવનીતરાય, ગજરાબેન હિંમતલાલ, ગુણીબેન મહેશકુમારના ભાભી. જાદવજીભાઇ નરસીભાઇ વરતેજવાળાની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

બીલખા નિવાસી હાલ સાંતાક્રુઝ મુંબઇ ગીરીશ શેઠ (ઉં. વ. ૮૫) તે લીલાવંતી તથા અમૃતલાલના પુત્ર તા. ૧૧-૧૨-૨૫ ડિસેમ્બરના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગુણવંતીબેન તથા કૃષ્ણલાલ મહેતાના જમાઇ. સુધાબેનના પતિ. હેમલ, સુશીલ તથા દિપલના પિતા. ડોલી, દિપાલી, વિજય શેઠના સસરા. સ્વ. બટુકભાઇના નાનાભાઇ. સરલા, ભારતી તથા રેખાના મોટા ભાઇ. પ્રિશા, અનિકા, મેરાનનાં દાદા. પ્રાર્થનાસભા તા. ૧૩ ડિસેમ્બર શનિવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. આર્ય સમાજ, લિકિંગ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**નાગર બ્રાહ્મણ**

વિસલનગરા નાગર ગૃહસ્થ નારદીપુર નિવાસી હાલ વસઇ ગં. સ્વ. ચંપાબેન ચીનુભાઇ ભટ્ટ (ઉં. વ. ૯૦) તા. ૮-૧૨-૨૫ના હાટકેશ શરણ પામ્યા છે. તે કેતન, મહિન, અ. સૌ. તેજલ પંડિતના માતુશ્રી. હર્ષા, કૃતિકા, કેતનકુમાર પંડિતના સાસુ. પાર્થ, મૈત્રી નીરવ ગાર્ડી. સ્વ. દ્રોણ, ધરિતના દાદી. જશના નાની. ડો. રીના અને નીરવ ગાર્ડીના દાદી-સાસુ. દીવમ, હર્ષિવના મોટા દાદી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૪-૧૨-૨૫ના સવારના ૯થી ૧૧. તેમના નિવાસસ્થાને : ઠે. મહિન સી. ભટ્ટ, ફ્લેટ નં.૩ એ-૨, વિશ્વકર્મા નગર ફેસ-૨, શંખે હૉસ્પિટલ પાસે, ૧૦૦ ફૂટ રોડ , વસઇ (વેસ્ટ).

**વાગડ લોહાણા**

મૂળ કચ્છ ગામ લોદ્રાણી હાલે નાસીક નિવાસી ભગવાનજીભાઈ વાઘજીભાઈ રૈયા (ઉં.વ. ૮૧) સ્વ. વાઘજીભાઇ મોરારજીભાઈ રૈયાના પુત્ર. તે વાસંતીબેનનાં પતિ. તે કમલેશભાઈ, જયેશભાઈ,અજયભાઇનાં પિતાજી. તે ધર્મિષ્ઠાબેન, નીપાબેન, ભારતીબેનનાં સસરા. તે સ્વ. હરિલાલ રાઘવજીભાઇ મિરાણીના જમાઇ. તે સ્વ. પાર્વતીબેન, ગં. સ્વ. કાંતાબેનના ભાઈ. મંગળવાર, ૯ ડિસેમ્બરના અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, ૧૨ ડિસેમ્બર, સાંજે ૪:૦૦ થી ૫:૩૦ સુધી રાખેલ છે. સ્થળ: જલારામ ભવન પંચવટી ડેન્ટલ કૉલેજની બાજુમાં, નાસીક (મહારાષ્ટ્ર). લૌકિક વ્યવહાર બંદ છે, બૈરાંઓએ તે જ દિવસે આવી જવું.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

મુળી (સુરેન્દ્રનગર) નિવાસી હાલ લોખંડવાલા અંધેરી (વેસ્ટ) શ્રી ગુણવંતલાલ કાંતિલાલ શાહ (પિનાંગવાળા)નાં પત્ની સોહિણીબેન (ઉં. વ. ૮૫) તા. ૯-૧૨-૨૫ મંગળવારનાં રોજ અરિહંતશરણ પામેલ છે. તે પ્રણવભાઇ, રાજીવભાઇ, શીતલબેનના માતા. વિજલબેન, હિનાબેન, કિશોરભાઇનાં સાસુ. હસુમતીબેન હસમુખભાઇ (લંડન)નાં ભાભી. રિદ્ધિ જોશુઆ, સિદ્ધિ, શીવાની બાર્ટ, ઐશ્વર્યા શ્રેયાંશ, આર્યન, ટ્રીયાનાં દાદી. પ્રિશાહનાં નાની. પિયરપક્ષે પ્રોફેસર શ્રી વ્રજલાલ મોહનલાલ શાહ (અમદાવાદ)નાં દીકરી. સ્વ. રમેશભાઇ, સ્વ. દિપકભાઇ, સ્વ નીતાબેન, દક્ષાબેન, દામીનીબેનનાં બહેન. પ્રાર્થનાસભા : યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિર પાસે, રેલવે સ્ટેશન સામે, દાદર (ઇસ્ટ), તા. ૧૩-૧૨-૨૦૨૫ના શનિવાર સવારે ૧૦થી ૧૨ કલાકે રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ ખામ ગામ (મહારાષ્ટ્ર) સ્વ. રસિકલાલ પ્રભુદાસ શાહ (ગોળવાળા) (ઉં.વ. ૮૭) તે પુષ્પાબેનના પતિ. વિરેન્દ્ર, ધર્મેન્દ્ર હિતેન્દ્રના પિતાશ્રી તથા સુરેશભાઈ (પુના) સ્વ. પ્રફુલભાઈ તથા દિનેશભાઈના મોટાભાઈ તથા શ્વસુર પક્ષે વંથલી સોરઠ નિવાસી હાલ મુંબઈ સ્વ. જમનાદાસ મુલચંદભાઈ વોરાના જમાઈ તા. ૯/૧૨/૨૫ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. ખીમઈબેન કેશવજી માંઈયાભાઈ રીટા (ઉં.વ. ૯૩) મુંબઈ મધે અવસાન પામેલ છે. સ્વ. વાલીબેન માંઈયાભાઈ રીટાના પુત્રવધૂ તથા સ્વ. કેશવજીના ધર્મપત્ની. ડૉ નાગજી, પ્રેમજી, ચંદ્રકાંત, અનીલ તથા શાંતીબેનના માતુશ્રી. જયશ્રી, મીનાક્ષી, ભાનુ, મીતા તથા વનેચંદ ગાલાના સાસુજી. અમીત, પ્રેમ, જય, વૈભવના દાદી. લાકડિયાના સ્વ. ડાઈયા પાલણ છેડાની દિકરી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૨-૧૨-૨૫ના બપોરે ૨.૩૦ થી ૪.૩૦ સ્થળ: યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ શિવલખાના પ્રેમજીભાઇ (પુંજાલાલ) ભોજા પેથા ગડા (ઉં.વ. ૭૦) બુધવાર, તા. ૧૦/૧૨/૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. રાજીબેન ભોજાના સુપુત્ર. ગં.સ્વ. વિમળાબેનના પતિ. મનોજ, મહેશ (બાબુ), કિરણના પિતાશ્રી. જાગૃતિ, નિશા, કાજલના સસરા. પાર્થી, પલક, વૃષ્ટી, કાજલ, પ્રિત, પારસ, ખનકના દાદા. સ્વ. રણમલ, રવજી, વેલુબેનના ભાઇ. નિસર હોલ, દાદર (વે), પ્રાર્થના પછી બરવિધી રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મુંદ્રાના સુરેખાબેન રાંભિયા (ઉં.વ. ૬૬) તા. ૧૦/૧૨/૨૫ના અવસાન પામેલ છે. પ્રવિણ હીરજીના ધર્મપત્ની. કુંવરબાઇ હીરજી ચાંપશીના પુત્રવધૂ. અમૃતબેન પોપટલાલની સુપુત્રી. કિશોર, જયંત, કપાયાના કલ્પના જયંતિલાલ ધનજીના બેન. પ્રા. શ્રી સુમતિનાથ સ્વામી જૈન દેરાસર તથા નુતન આરાધના ભવન, પ્લોટ નં. ૫,૬. બી, નાથાલાલ પારેખ માર્ગ, ગુજરાત કલબની બાજુમાં, માટુંગા (સે.રે.), મું. ૧૯. સ. ૩ થી ૪.૩૦.

મોટા આસંબીયાના જ્યોત્સનાબેન કિશોર છેડા (ઉં.વ. ૭૦) તા. ૯-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સુંદરબાઈ નાનજીના પુત્રવધૂ. કિશોરના ધર્મપત્ની. સ્વ. અલ્પા, મયુર, જયના માતુશ્રી. માંડવી જયાબેન જયંતીલાલ જોષીના પુત્રી. રાજકોટ રસીલા કરુણાશંકર, રવિન્દ્રના બેન. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. નિ. કિશોર છેડા. ૨૫/૪, પવઈ ચૌક, મુલુંડ કોલોની, મું-૮૨.

છસરા (અમદાવાદ)ના વિનોદ નાનજી ગંગર (ઉં.વ. ૭૨) તા. ૮-૧૨ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી સાકરબેન નાનજીના પુત્ર. નિર્મળાના પતિ. ડીમ્પલ, ભક્તિ, ગૌરવના પિતા. વસંત, રમણીક, ગીરીશ, બીપીન, ભોરારાના રંજન દામજી, ના. આસંબીયા નીના હરીશના ભાઇ. માતુશ્રી કસ્તુરબેન દામજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ. શ્રા.સં.સં. કરસન લધુભાઇ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

નાના ભાડીયાના પુષ્પા ધીરજલાલ ગડા (ઉં.વ. ૭૯) તા. ૧૦-૧૨-૨૫નાં અરિહંત શરણ પામ્યા છે. દેવજી ભોજાના પુત્રવધૂ. ધીરજલાલના ધર્મપત્ની. ચેતના, રજની, હીના, સ્વ. સમીરના માતુશ્રી. મોટી ખાખરનાં ગાંગજી વેલજીના પુત્રી. કુંવરજી ગાંગજી, કાંડાગરા લક્ષ્મીબેન તલકશી, નાની ખાખર વેજબાઇ ઠાકરશી, નાના ભાડીયા પ્રેમીલા તલકશી, પુનડી ધનવંતી શાંતીલાલ, બિદડા ભાગ્યવંતી રણજીતના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું: હીના રાજેશ, ૧૪/બી/૬૦૭, લક્ષ્મી નિવાસ, એસ.વી. રોડ, ગોરેગાંવ (વેસ્ટ).

મોખા - પાર્લાના કાંતિલાલ પ્રેમજી પાસુ ગાલા (ઉં.વ. ૭૫) તા. ૧૦-૧૨-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઈ પ્રેમજીના પુત્ર. જયાના પતિ. હેમંત, શીતલના પિતાશ્રી. સ્વ. મુલચંદ, જાદવજી, રતનબેન, નિર્મળાબેન, ભાનુબેન, અમૃતબેનના ભાઈ. લક્ષ્મીબેન મોરારજી વેરશી વોરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કાંતિલાલ પ્રેમજી, સી-૫૦૨. હરીધામ સોસાયટી, આર.કે. સીંગ માર્ગ, અંધેરી (ઈ).

છસરાના ભરત ધીરજલાલ ગાલા (ઉં.વ. ૭૨) તા. ૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. કંકુબેન ધીરજલાલના પુત્ર. સ્વ. લોરાના પતિ. સેશા, જેનીફર, બ્રિયાન, સમીરના પિતા. બિપીન, યોગેશના ભાઈ. પરિવારની ઇચ્છા મુજબ પ્રાર્થના રાખેલ નથી. નિ. ભરત ગાલા, ૭૭૧૮,વૉલનટ રિઝ રોડ, ઓરેન્જ સીએ-૯૨૬૬૯, યુનાઈટેડ સ્ટેટ.

લાકડીયાના ખીમઇબેન રીટા (ઉં.વ. ૯૩) મુંબઇ મધ્યે તા. ૭-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. વાલીબેન માંઇયાભાઇ રીટાના પુત્રવધૂ. સ્વ. કેશવજી માંઇયાભાઇ રીટાના ધર્મપત્ની. તેઓ લાકડીયાના સ્વ. ડાઇયા પાલણ છેડાના દિકરી. નાગજી, પ્રેમજી, ચંદ્રકાંત, અનીલ તથા શાંતીબેનના માતૃશ્રી. સ્વ. શીવજી છેડા, પોપટ, સ્વ. હીરજી, નાનજી, શામજી, સ્વ. નવલબેન, સ્વ. મુરઇબેન, હરખુબેન, પ્રેમુબેન, વેલુબેનના બહેન. પ્રાર્થના સભા : શુક્રવાર, તા. ૧૨-૧૨-૨૫ના બપોરે ૨.૩૦ થી ૪.૩૦. પ્રાર્થના સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઇસ્ટ) પ્રાર્થના બાદ બરવિધિ

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## ભાવાંજલિ



વહાલી સ્મૃતિમાં

**આશિત શાહ**

(23–05–1960 થી 10–12–2025)

ઉદાર મન અને શાંત સ્મિત સાથે હંમેશાં અમારી પડખે રહેલા ખરા મિત્ર.
તમારી ઉષ્મા, તમારું માર્ગદર્શન અને આપણે સાથે વિતાવેલી
પળો હંમેશાં અમારી સાથે રહેશે.
તમારી બહુ ખોટ સાલશે.

**રેખા અને કિરીટ ભણસાલી**
**સર્વ વહાલા મિત્રો સાથે**

સ્મિતલ જેમ્સ

## શ્રધ્ધાંજલી

જન્મ: ૧૩/૦૪/૧૯૫૦



શ્રીજી ચરણ: ૧૦/૧૨/૨૦૨૫

**શ્રી. સતીષ કારીયા**

(ઉ.વ. ૭૫) તા. ૧૦-૧૨-૨૦૨૫ના શ્રીજી ચરણ પામ્યા છે.

❖ શોકાતૂર ❖

પૌત્ર : સ્વ. લક્ષ્મીદેવી ડુંગરશી કારીયા
સાસરાપક્ષ : સ્વ. ભાનુમતી રમણીકલાલ ઠક્કર
પત્ની : રક્ષાબેન
પુત્ર - પુત્રવધુ : પ્રશાંત - પૂર્વી
પૌત્રી : સારા

સદ્‌ગતની ઈચ્છાનુસાર પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામા આવેલ છે.
રહેઠાણનુ : ૧૦૦૧/૨, કૌસ્તુભ એપાર્ટમેન્ટ, ભાનુશાલી લેન, ઘાટકોપર (પૂર્વ), મંબઈ - ૪૦૦૦૭૭.

# બાબુલનાથ મંદિરને એક રૂપિયા ભાડે ૩૦ વર્ષ માટે લીઝ વધારી આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય

## ૨૦૧૨થી લીઝનું નૂતનીકરણ પડતર હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના અત્યંત પ્રસિદ્ધ બાબુલનાથ મંદિરના લીઝને વાર્ષિક એક રૂપિયાના ભાડે આગામી ત્રીસ વર્ષ માટે લંબાવી આપવાનો નિર્ણય રાજ્ય કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

આ બાબતની માહિતી આપતાં વિધાનસભ્ય મિહિર કોટેચાએ જણાવ્યું હતું કે ‘ઐતિહાસિક મંદિરની લીઝ ૨૦૧૨થી રિન્યુ કરવામાં આવી નહોતી. મેં સતત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે સાથે પત્રવ્યવહાર કર્યો હતો અને વાર્ષિક એક રૂપિયાના ભાડા સાથે લીઝ રિન્યુ કરવા બદલ લાખો ભક્તો વતી હું તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.’

ચાલુ વર્ષના મે મહિનામાં ફડણવીસને લખેલા પત્રમાં મિહિર કોટેચાએ જણાવ્યું હતું કે મલબાર ખંબાલા હિલ મહેસૂલ વિભાગમાં જમીન સર્વે નંબર ૪૩૫નો કુલ વિસ્તાર ૫૬૭૭ ચોરસ મીટર છે. આમાંથી, ૧૯૦૧થી શ્રી બાબુલનાથ મંદિર ચેરિટી ટ્રસ્ટને ૭૧૮.૨૩ ચોરસ મીટરનો વિસ્તાર ભાડે આપવામાં આવ્યો છે. ‘વધુમાં, મુંબઈ શહેરના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કાર્યાલય તરફથી ૧૭/૦૨/૨૦૨૨ના પત્રમાં આપેલા આદેશો અનુસાર, એક રૂપિયાનું નજીવું વાર્ષિક ભાડું વસૂલીને ઉપરોક્ત લીઝ રિન્યૂ કરવા માટે સરકારને દરખાસ્ત પણ કરવામાં આવી હતી,’ એવો ઉલ્લેખ કોટેચાએ પત્રમાં કર્યો હતો.■

# નવી મુંબઈ થી મુંબઈ વચ્ચે બોટ સેવા ૧૫ ડિસેમ્બરથી શરૂ

## ૯૦ મિનિટની મુસાફરી ૩૦ મિનિટમાં

નવી મુંબઈ: નવી મુંબઈથી મુંબઈ સુધી મુસાફરી કરતા લોકો માટે એક સારા સમાચાર છે. લાંબા સમયથી અટકેલી નેરુલ જેટીથી ભાઉચા ધક્કા સુધીની બોટ સેવા ૧૫ ડિસેમ્બરથી શરૂ થશે. આનાથી ૯૦ મિનિટની મુસાફરી માત્ર ૩૦ મિનિટમાં કરી શકાશે. આમ સમયની બચત થશે, સાથે જ રસ્તા પર ટ્રાફિકનું ભારણ પણ ઓછું થશે.

નવી મુંબઈના મુસાફરો હવે જળ માર્ગે મુંબઈ પહોંચી શકશે. સિડકોએ નેરુલમાં પામ બીચ રોડ નજીક એક જેટી બનાવી હતી. પહેલાં આ જેટી પરથી રો-રો સેવા શરૂ કરવાની યોજના હતી. પરંતુ, કેટલીક ટેકનિકલ સમસ્યાઓના કારણે આ સેવા અટકી ગઈ હતી. હવે, જેટી તૈયાર હોવા છતાં, અહીં ઘણાં વર્ષોથી વોટર ટ્રાન્સપોર્ટ શરૂ થઈ શક્યું ન હતું, પરંતુ હવે ૧૫ ડિસેમ્બરથી નેરુલથી ભાઉચા ધક્કા સુધી વોટર ટ્રાન્સપોર્ટ શક્ય બનશે. શરૂઆતમાં ૨૦ સીટર બોટ દરરોજ સવાર-સાંજ ચાર ટ્રિપ મારશે, જેમાં લગભગ ૮૦ લોકો દરરોજ મુસાફરી કરી શકશે. હાલમાં નેરુલથી ભાઉચા ધક્કા સુધી જવામાં લગભગ ૯૦ મિનિટનો સમય લાગે છે, પરંતુ બોટ સેવા શરૂ થયા પછી આ મુસાફરી માત્ર ૩૦ મિનિટની કરી શકાશે. પ્રતિ મુસાફર ટિકિટના ૯૩૫ રૂપિયા હશે. મહારાષ્ટ્ર મેરીટાઇમ બોર્ડ દ્વારા આ સંબંધે લીલી ઝંડી આપ્યા બાદ તરત જ આ સેવા શરૂ થઈ જશે. જોકે ભાડું ઘણું વધારે છે અને સામાન્ય લોકો તે પરવડી શકે તેમ નથી, એવું સ્થાનિકોનું કહેવું છે. તેથી, આ સેવા કેટલી સફળ રહે છે તે કહેવું મુશ્કેલ છે. ■


ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ

માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ના
વરદ્‌હસ્તે



નમો લક્ષ્મી,
નમો સરસ્વતી વિજ્ઞાન સાધના,
મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કૉલરશિપ અને
મુખ્યમંત્રી જ્ઞાન સેતુ
મેરિટ સ્કૉલરશિપ યોજના અંતર્ગત
શિષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમ

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

પ્રેરક ઉપસ્થિતિ
**ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા**
માનનીય મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, ગુજરાત

**શ્રીમતી રિવાબા જાડેજા**
માનનીય મંત્રી (રા.ક.), પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત



તારીખ: ૧૨-૧૨-૨૦૨૫ | સમય: સાંજે ૦૪:૩૦ વાગે
સ્થળ: ટાઉન હૉલ, સેક્ટર-૧૭, ગાંધીનગર

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGujarat CMOGujarat CMOGujarat CMOGujarat





# આસામના ગુવાહાટીમાં લાગી ભીષણ આગ, ભારતીય સેનાની લેવામાં આવી મદદ

ગુવાહાટી : આસામના ગુવાહાટીમાં એક કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં લાગેલી ભીષણ આગ પર ૩૮ કલાકથી વધુ સમય બાદ પર કાબૂ મેળવી શકાયો નથી. આગ બુઝાવવા માટે બે ડઝનથી વધુ ફાયર ફાયટર્સ પ્રયાસ કરી રહ્યા છે. તે સિવાય ભારતીય વાયુસેના, ભારતીય સેના અને ગુવાહાટી રિફાઇનરીના ફાયર ફાઈટર્સ પણ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરી રહ્યા છે. એક વરિષ્ઠ અધિકારીએ ગુરુવારે આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે મંગળવારે રાત્રે લગભગ સાડા ૧૨ વાગ્યે એબીસી પોઈન્ટ પર સ્થિત 'સ્વાગત સ્ક્વેર કોમ્પ્લેક્સ'માં આગ લાગી હતી. આ બહુમાળી ઇમારતમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) ની ઝોનલ ઓફિસ, વાણિજ્યિક શાખા, પ્રીમિયમ બેન્કિંગ શાખા અને 'સોહમ એમ્પોરિયા' નામનો શોપિંગ મોલ છે.

અધિકારીએ જણાવ્યું હતું કે ૩૮ કલાકથી વધુ સમય સુધી આગને કાબૂમાં લેવાના પ્રયાસોમાં ૨૫થી વધુ ફાયર ફાયટર્સ જોડાયા હતા. તેમણે કહ્યું કે ભારતીય વાયુસેના, સેના અને ગુવાહાટી રિફાઇનરીના પાણી પુરવઠા વાહનો પણ આગ બુઝાવવાના પ્રયાસોમાં જોડાયા હતા, જ્યારે એનડીઆરએફને તેની અત્યાધુનિક મશીનરી સાથે બોલાવવામાં આવી હતી.

ગુવાહાટી સિવાય મોરીગાંવ, કામરૂપ અને નલબાડી જિલ્લામાંથી ફાયર ફાઈટર્સ પણ આગને કાબૂ લેવાના પ્રયાસમાં જોડાયા હતા જ્યારે દરાંગથી પાણીનાં ટેન્કરો મગાવાયાં હતાં. ફાયર અને ઇમરજન્સી સર્વિસના એક વરિષ્ઠ અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, ''છઠ્ઠા માળે આગ ભડકી હતી. અમે તેને બૂઝાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.'' તેમણે ઉમેર્યું હતું કે શોપિંગ મોલના વેરહાઉસમાં આગ લાગી હતી.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''બાંધકામ દરમિયાન સલામતી ધોરણોનું પાલન ન કરવાને કારણે ફાયર ફાઈટર્સ પાછળના ભાગમાં પહોંચી શકતા નથી.'' તેમણે જણાવ્યું હતું કે આટલા મોટા વાણિજ્યિક સંકુલ માટે પરવાનગી આપતી વખતે સંબંધિત અધિકારીઓએ જરૂરી સલામતી ધોરણોનું પાલન કર્યું ન હતું. અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ફક્ત એક જ ફાયર ફાઇટરને નાની ઇજાઓ થઈ છે અને ગુવાહાટી મેડિકલ કોલેજ અને હૉસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે.

ફાયર અને ઇમરજન્સી વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''મંગળવારે મોડી રાત્રે આગની માહિતી મળ્યાના ૧૫ મિનિટની અંદર અમારા કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અમે આગને ફેલાતી અટકાવવામાં સફળ રહ્યા હતા.'' તેમણે ઉમેર્યું હતું કે, ''આગ મોલના બીજા માળે આવેલા એક ગોદામમાં લાગી હતી, જ્યાં મોટી માત્રામાં જ્વલનશીલ પદાર્થો અને કપડાંનો સંગ્રહ કરવામાં આવ્યો હતો.''

સ્થળની મુલાકાત લેતા કામરૂપ મેટ્રોપોલિટન ડિસ્ટ્રિક્ટ કમિશનર સુમિત સત્તાવને જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઇમારત પાસે તમામ સલામતી મંજૂરીઓ હતી. બિલ્ડિંગના માલિકે કહ્યું હતું કે ઓડિટ બે મહિના પહેલા કરવામાં આવ્યું હતું. તેથી પ્રથમ દૃષ્ટિએ એવું લાગે છે કે ઇમારતમાં કોઈ સમસ્યા નથી. આગ બુઝાવ્યા પછી અધિકારીઓ અંતિમ અહેવાલની રાહ જોશે. જો કોઈ ભૂલ હશે તો અમે ચોક્કસપણે જવાબદારો સામે પગલાં લઈશું. અમને રિપોર્ટમાંથી આગ લાગવા પાછળનું કારણ જાણવા મળશે.

# ઓમાન, ન્યૂ ઝીલૅન્ડ સાથે એફટીએની વાટાઘાટ અંતિમ તબક્કામાં: ગોયલ

જયપુર: વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે બુધવારે કહ્યું હતું કે ઓમાન અને ન્યૂ ઝીલૅન્ડ સાથેની ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) અંગેની વાટાઘાટ અંતિમ તબક્કામાં છે અને જલદી જ તે પૂરી થઈ જશે એવી અપેક્ષા છે. દક્ષિણ અમેરિકાના ચીલી દેશ સાથે ચાલી રહેલી એફટીએ અંગેની વાટાઘાટ પણ જલદી જ પૂરી થઈ જશે એવા સંકેત તેમણે આપ્યા હતા.

એફટીએ અંગેની ઓમાન સાથેની વાટાઘાટ અંતિમ તબક્કામાં છે અને ન્યૂ ઝીલૅન્ડના વેપાર ખાતાના પ્રધાન ટૉટ મૅક્લે વધુ વાટાઘાટ માટે શુક્રવારે ભારતની મુલાકાતે આવી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

નવેમ્બર ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ દરમિયાન યોજાયેલા સઘન વાટાઘાટના ત્રણ રાઉન્ડ બંને દેશ વચ્ચે ટૅક્સ્ટ ઍન્ડ માર્કેટ ઑફર સહિત સીઈપીએ (કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ) અંગે સહમતી સધાઈ હતી.

સપ્ટેમ્બર ૨૦૨૪માં યોજાયેલા ચોથા અને ૧૩-૧૪ જાન્યુઆરી ૨૦૨૫ના યોજાયેલા વાટાઘાટના પાંચમા રાઉન્ડમાં સુધારેલા પ્રસ્તાવ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

બંને દેશ હવે આંતરિક મંજૂરી મેળવવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે.

ઈઝરાયલ સાથેના ટ્રેડ એગ્રીમેન્ટ અંગે ગોયલે કહ્યું હતું કે તાજેતરમાં જ ઈઝરાયલના ઈકોનોમી ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝ ખાતાના પ્રધાન નિર બરકત સાથે બેઠક યોજાઈ હતી અને બંને દેશે પ્રસ્તાવિત કરાર માટે મુખ્ય વાટાઘાટકારની નિમણૂંક કરી છે. (એજન્સી)

# તિરુપતિ મંદિરને દાનમાં મળ્યાં એક કરોડ રોકડા અને બે કાર

તિરુપતિ: તમિલનાડુના એક ભક્તે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમના શ્રી વેંકટેશ્વર પ્રાણદાન ટ્રસ્ટને એક કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. આ ટ્રસ્ટ જીવલેણ રોગોથી પીડાતા ગરીબ દર્દીઓને મફત તબીબી સારવાર પૂરી પાડે છે. ઇરોડના એમ સૌમ્યાએ ટીટીડીના એડિશનલ એક્ઝિક્યુટિવ ઓફિસર સીએચ વેંકૈયા ચૌધરીને ડિમાન્ડ ડ્રાફ્ટ સોંપ્યો હતો. મંદિર સંસ્થા તરફથી એક સત્તાવાર પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે એમ સૌમ્યાએ મંગળવારે ટીટીડી દ્વારા સંચાલિત શ્રી વેંકટેશ્વર પ્રાણદાન ટ્રસ્ટને એક કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. એસવી પ્રાણદાન ટ્રસ્ટ હૃદય, મગજ, કેન્સર અને અન્ય સંબંધિત રોગો માટે મફત સારવાર પૂરી પાડે છે, જે ખૂબ ખર્ચાળ પ્રક્રિયાઓ છે. બુધવારે ટીટીડીને ૧૯ લાખ રૂપિયાની બે કાર દાનમાં મળી હતી. મંદિર સંસ્થા તરફથી એક સત્તાવાર રિલીઝમાં જણાવાયું છે કે તિરુપતિના અર્જુન કોલ્લિકોંડાએ ઓટોમોબાઇલ ડીલરશીપ વતી ૧૦ લાખ રૂપિયાની ઇલેક્ટ્રિક કારનું દાન કર્યું હતું. જ્યારે તમિલનાડુના સરવનન કરુણાકરણે ૯ લાખ રૂપિયાની કારનું દાન કર્યું હતું. રિલીઝમાં કહેવાયું છે કે શ્રીવારી મંદિરની સામે વાહનો માટે ખાસ વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ દાતાઓએ મંદિરના પેશકર રામકૃષ્ણને ચાવીઓ સોંપી હતી.

# બાયાજુના રવીન્દ્રન સામેના એક અબજ ડૉલરના વળતરનો ચુકાદો કોર્ટે ઊલટાવ્યો

નવી દિલ્હી : અમેરિકાની બૅન્કરપ્સી કોર્ટે બાયજુ રવીન્દ્રન વિરુદ્ધનો એક અબજ અમેરિકન ડૉલરના વળતરનો ચુકાદો ઉલટાવી દીધો છે. એડ ટેક પ્લેલેટફોર્મ બાયજુની પેરન્ટ ફર્મ ફાઉન્ડર્સ ઑફ થિન્ક અને લર્ન પ્રાઈવેટ લિમિટેડના નિવેદનમાં આ માહિતી અપાઈ છે.

દેવાળિયા માટેની ડેલાવેયર અદાલતે ગયા મહિને ડિફોલ્ટ ચુકાદામાં રવીન્દ્રનને એક અબજ અમેરિકન ડૉલરનું વળતર આપવાનો ચુકાદો આપ્યો હતો. અદાલતે કહ્યું હતું કે કોર્પોરેટના ભૂતપૂર્વ સ્ટાર રવીન્દ્રને ઈન્ડિયન એડટેક અને ટુટોરિંગ કંપની શરૂ કરી હતી. રવીન્દ્રને ૨૦૨૧માં આપવામાં આવેલી ૧.૨ અબજ ડૉલરની અમેરિકન ટર્મ લોનની અડધી રકમને શોધી કાઢવામાં કાનૂની સહાય ન કરતાં આ વળતર આપવાનું કહ્યું હતું. જોકે રવીન્દ્રને આને પડકારતા કહ્યું હતું કે અદાલતે મને કેસમાં દલીલો કરવા અમેરિકન એટર્ની રાખવા માટે ૩૦ દિવસનો સમય આપ્યો નહોતો. રવીન્દ્રને સંકલ્પ કર્યો હતો કે હું આ હુકમ વિરુદ્ધ અપીલ કરીશ.

ડેલાવેયર અદાલતે રવીન્દ્રન સામેનો એક અબજ અમેરિકન ડૉલરનું વળતર આપવાનો ચુકાદો ઊલટાવી દીધો છે. રવીન્દ્રને ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના ચુકાદાને સુધારવા દાખલ કરેલી મોશન દરમિયાન નવેસરથી કરેલી રજૂઆતના આધારે ચુકાદો ફેરવામાં આવ્યો છે. અદાલત એ વાત સાથે સંમત થઈ હતી કે વળતર નક્કી કરાયું નથી અને રવીન્દ્રન સામેના વળતર નક્કી કરવા જાન્યુઆરી ૨૦૨૬માં નવો તબક્કો શરૂ કરાશે. અદાલતે આઠ ડિસેમ્બરના આદેશમાં કહ્યું હતું કે તે રવીન્દ્રન સામેનો વળતર આપવાના ડિફોલ્ટ જજમેન્ટ ઓપિનિયનને સુધારશે અને વળતર નક્કી કરતી કલમો કાઢી નાખશે. અદાલતે પક્ષોને સાત જાન્યુઆરી સુધી તેમની સ્થિતિ જણાવવાનો આદેશ આપ્યો હતો. વળતર અંગે બ્રિફિંગ થયા બાદ અદાલત યોગ્ય ચુકાદો આપશે.

અગાઉ બાયજુના ક્રેડિટર ગ્લાસ ટ્રસ્ટે રવીન્દ્રન પર કેસ કરીને આક્ષેપ કર્યો હતો કે તેણે, તેની સહસંસ્થાપક વાઈફ દિવ્યા ગોકુલનાથ અને બીજા એક સાથીદાર અનિતા કિશોરે લોનની રકમમાંથી ૫૩૩ મિલ્યન ડૉલરની લૂંટ મચાવી હતી. સંસ્થાપકોએ આક્ષેપને પાયાવિહોણા અને અસત્ય ગણાવયા હતા. સંસ્થાપકોએ ખુલાસો કર્યો હતો કે લોનની રકમ થિન્ક એન્ડ લર્ન પ્રાઈવેટ લિમિટેડને આપવામાં આવી હતી. (એજન્સી)

# મણિબહેન પટેલની ગુજરાતી ડાયરી રાજનાથને અપાઇ

નવી દિલ્હી : કૉંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ગુરુવારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહને વલ્લભભાઈ પટેલની પુત્રી મણિબેન પટેલ દ્વારા ગુજરાતીમાં લખેલી ડાયરીની નોંધની નકલ સોંપી અને તેમને કહ્યું હતું કે તેમાં પંડિત જવાહરલાલ નહેરુ જાહેર ભંડોળનો ઉપયોગ કરીને બાબરી મસ્જિદ બનાવવા માગતા હોવાના તેમના દાવાનો ઉલ્લેખ નથી. સંસદના મકર ગેટની બહાર સંરક્ષણ પ્રધાન તેમની કારમાંથી ઉતરતાની સાથે જ જયરામ રમેશ તેમને મળ્યા હતા.

જયરામ રમેશે જણાવ્યું હતું કે તેઓ ખાસ કરીને તેમના માટે મણિબેન પટેલની ડાયરીની કોપીઓ ગુજરાતીમાં લાવ્યા હતા, જેના પર ભાજપના વરિષ્ઠ નેતાએ જવાબ આપ્યો હતો કે, અમારી પાસે તે અંગ્રેજીમાં છે. ગુજરાતીમાં મૂળ ડાયરીની નોંધ ધરાવતા દસ્તાવેજો એક પુસ્તકમાં પ્રકાશિત થયા છે. તેનો હિન્દીમાં અનુવાદ આપતા જયરામ રમેશે તેને તે વાંચવા માટે કહ્યું હતું. રાજનાથ સિંહે જવાબ આપ્યો કે તેઓ ગુજરાતી જાણતા નથી. કૉંગ્રેસ નેતાએ કહ્યું હતું કે ડાયરીની નોંધમાં રાજનાથ સિંહના દાવાનો કોઈ ઉલ્લેખ નથી કે નહેરુ જાહેર ભંડોળનો ઉપયોગ કરીને બાબરી મસ્જિદ બનાવવા માગતા હતા. સંરક્ષણ પ્રધાનના તાજેતરના નિવેદનનો ઉલ્લેખ કરીને જયરામ રમેશે ૬ ડિસેમ્બરે કહ્યું હતું કે તેમણે દેશના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ વિશે જૂઠાણું ફેલાવવા બદલ માફી માંગવી જોઈએ. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે રાજનાથ સિંહે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેના તેમના સંબંધો સુધારવા માટે આ નિવેદન આપ્યું હતું.

રાજનાથ સિંહે તાજેતરમાં ગુજરાતમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે જવાહરલાલ નહેરુ સરકારી ભંડોળથી બાબરી મસ્જિદ બનાવવા માંગતા હતા, પરંતુ સરદાર વલ્લભભાઈ પટેલે તેમની યોજનાને સફળ થતી અટકાવી હતી.

# મહારાષ્ટ્રમાં ત્રણ મહિનામાં ૭૬૬ ખેડૂતની આત્મહત્યા

નવી દિલ્હી: રાજ્યસભામાં એનસીપી-એસસીપીના સાંસદ ફૌઝિયા ખાને મહારાષ્ટ્રમાં ખેડૂતોની ગંભીર પરિસ્થિતિનો મુદ્દો ઉઠાવતા કહ્યું હતું કે છેલ્લા ત્રણ મહિનામાં ૭૬૬ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. તેમણે પ્રશ્ન કર્યો કે ખેડૂતો ક્યારે સરકારના ''પ્રિય'' બનશે? ફૌઝિયા ખાને કહ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે વિધાનસભામાં જણાવ્યું હતું કે ૭૬૬ આત્મહત્યાના કેસમાંથી ૬૭૬ પરિવારોને સહાય પૂરી પાડવામાં આવી છે, પરંતુ ૨૦૦ પરિવારોને કોઈ સરકારી સહાય મળી નથી. સાંસદે કહ્યું હતું કે ભારે વરસાદ અને પૂર પછી રાજ્ય સરકારે ૩૧,૬૨૮ કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી હતી, પરંતુ તેની અસર જમીન પર દેખાતી નથી. તેમણે ધ્યાન દોર્યું કે કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે લોકસભામાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્રે વધારાની સહાય માટે કોઈ દરખાસ્ત રજૂ કરી નથી.

ફૌઝિયા ખાને નોંધ્યું હતું કે રાજ્ય આપત્તિ રાહત ભંડોળ (એસડીઆરએફ) હેઠળ ૪,૧૭૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જેમાંથી ૩,૧૮૦ કરોડ રૂપિયા કેન્દ્રનો હિસ્સો હતો. આમાંથી ૮૨ કરોડ ૧૧૩,૪૫૫ ખેડૂતોના ખાતામાં જમા થયા હતા. ખાને કહ્યું હતું કે, ''આ આંકડાઓ જોઈને ગરીબ ખેડૂતો ચોંકી ગયા છે. સાંસદે જણાવ્યું હતું કે રાજ્યના કૃષિ પ્રધાન દત્તાત્રેય ભરનેએ જણાવ્યું હતું કે પૂરથી ૧૪.૩૬ લાખ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હતો પરંતુ કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલા અહેવાલમાં ફક્ત ૧,૧૦,૩૦૯ હેક્ટર જ દર્શાવવામાં આવ્યો હતો. તેમણે પ્રશ્ન કર્યો હતો કે, ૧૪ લાખ હેક્ટર ક્યાં ગયા? ખેડૂતો સાથે આ કેવી મજાક છે?

સાંસદ ફૌઝિયા ખાને કહ્યું હતું કે આ સામાન્ય મોસમનું નુકસાન નથી, પરંતુ લાખો ખેડૂતોને અસર કરતી એક મોટી કૃષિ કટોકટી છે. તેમણે પાક વીમા માળખાને પણ અપૂરતું ગણાવ્યું હતું. પોતાના ભાષણના અંતમાં ફૌઝિયા ખાને પૂછ્યું હતું કે સરકાર ક્યારે ખેડૂતોને પોતાના તરીકે સ્વીકારશે? તેઓ ખરેખર ક્યારે સરકારના પ્રિય બનશે?

# બે ખૂનખાર નક્સલવાદી શરણે થયા

બાલઘાટ (મધ્ય પ્રદેશ) : ગુરુવારે મધ્ય પ્રદેશના બાલઘાટમાં પોતાના માથા પર કુલ ૪૩ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતા બે ખૂનખાર નક્સલવાદી આજે સુરક્ષા દળો સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી. કોરકામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ કેમ્પમાં આ બેએ શરણાગતિ સ્વીકારી હતી. તેમની ઓળખાણ દીપક અને રોહિત તરીકે આપવામાં આવી છે. આ કેમ્પ બિરસા પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. અધિકારીઓએ આ શરણાગતિ મોટી સફળતા ગણાવી હતી. આ જિલ્લાના પાલગોન્ડીના રહેવાસી દીપક પર ૨૯ લાખનું અને રોહિત પર ૧૪ લાખ રૂપિયાનું ઈનામ હતું. અધિકારીએ કહ્યું હતું કે આ બે નક્સલવાદી મુખ્ય પ્રવાહમાં જોડાશે. (એજન્સી)

# પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટને સુપ્રીમ કોર્ટનો ઝટકો, ડ્રગ્સ કેસમાં સજા રદ કરવાનો ઈનકાર

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે ગુરુવારે ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટની ૧૯૯૬ના ડ્રગ્સ જપ્ત કરવાના કેસમાં ૨૦ વર્ષની સજા રદ કરવાની માગ કરતી અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ જે.કે. માહેશ્વરી અને જસ્ટિસ વિજય બિશ્નોઈની બેન્ચે કહ્યું હતું કે તેઓ આ મામલાની સુનાવણી કરવા તૈયાર નથી. કોર્ટ ભટ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી એક અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં તેમણે આ કેસમાં તેમની સજા રદ કરવાની વિનંતી કરી હતી.

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરની એક સેશન્સ કોર્ટે ૧૯૯૬ના કેસમાં ભટ્ટને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. ભટ્ટને રાજસ્થાનના એક વકીલને એ દાવા સાથે ફસાવવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા કે ૧૯૯૬માં પોલીસે પાલનપુરની એક હોટલના રૂમમાં ડ્રગ્સ જપ્ત કર્યું હતું જ્યાં તે વકીલ રોકાયા હતા.

૨૦૧૫માં નોકરીમાંથી બરતરફ કરાયેલા ભટ્ટ ૧૯૯૬માં બનાસકાંઠા જિલ્લામાં પોલીસ અધિક્ષક (એસપી) હતા. જ્યારે તેઓ પોલીસ અધિક્ષક હતા ત્યારે જિલ્લા પોલીસે ૧૯૯૬માં રાજસ્થાનના વકીલ સુમેરસિંહ રાજપુરોહિતની ધરપકડ કરી હતી. પોલીસે પાલનપુર શહેરના એક હોટલના રૂમમાંથી ડ્રગ્સ જપ્ત કર્યા હોવાનો દાવો કર્યો હતો જ્યાં વકીલ રોકાયા હતા.

જોકે, બાદમાં રાજસ્થાન પોલીસે જણાવ્યું હતું કે રાજપુરોહિતને બનાસકાંઠા પોલીસે ખોટા કેસમાં ફસાવ્યો હતો જેથી તેને રાજસ્થાનના પાલી જિલ્લામાં એક વિવાદિત મિલકત ટ્રાન્સફર કરવા મજબૂર કરી શકાય. ભૂતપૂર્વ પોલીસ નિરીક્ષક આઈ.બી. વ્યાસે ૧૯૯૬માં ગુજરાત હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં આ મામલાની સંપૂર્ણ તપાસની વિનંતી કરવામાં આવી હતી.

સીઆઈડીએ ૨૦૧૮માં ભટ્ટને એનડીપીએસ એક્ટ હેઠળ ડ્રગ કેસમાં ધરપકડ કરી હતી અને ત્યારથી તેઓ પાલનપુર સબ-જેલમાં બંધ છે. ગયા વર્ષે સંજીવ ભટ્ટે સુપ્રીમ કોર્ટને ૨૮ વર્ષ જૂના ડ્રગ કેસની ટ્રાયલ બીજી સેશન્સ કોર્ટમાં ટ્રાન્સફર કરવા વિનંતી કરી હતી. તેમણે વર્તમાન કોર્ટની સુનાવણીમાં પક્ષપાતનો આરોપ લગાવ્યો હતો. તેમણે વિનંતી કરી હતી કે નીચલી કોર્ટની કાર્યવાહી રેકોર્ડ કરવામાં આવે.

જોકે, સુપ્રીમ કોર્ટે ભટ્ટની અરજી ફગાવી દીધી હતી અને ડ્રગ કેસની સુનાવણી કરતી નીચલી કોર્ટના ન્યાયાધીશ પર પક્ષપાતનો આરોપ લગાવવા બદલ તેમના પર ૩ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

# દિલ્હીમાં પ્રદૂષણને કારણે અસ્થમા અને સીઓપીડી દવાઓનું વેચાણ રેકોર્ડ સ્તરે વધ્યું

નવી દિલ્હી: દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણને કારણે શ્વાસ લેવામાં તકલીફનું પ્રમાણ વધ્યું હોવાનું, અસ્થમા અને સીઓપીડી દવાઓનું વેચાણ રેકોર્ડ સ્તરે વધ્યું હોવાનો રીપોર્ટ એક ફર્મએ જાહેર કર્યો છે.

ફાર્માસ્યુટિકલ માર્કેટ ઇન્ટેલિજન્સ ફર્મ ફાર્મરિકના ડેટા અનુસાર, કુલ વેચાણમાં શ્વસન દવાઓનો હિસ્સો આઠ ટકા હતો.

પ્રદૂષણને કારણે શ્વાસ લેવામાં તકલીફ વધી, જેના કારણે ઇન્હેલર્સ અને બ્રોન્કોડિલેટરની માગમાં અભૂતપૂર્વ વધારો થયો છે.

નવેમ્બર મહિનામાં ભારતનો મોટો ભાગ ઝેરી ધુમ્મસમાં ડૂબી ગયો હતો. આ ધુમ્મસથી આકાશમાં ધુમ્મસ છવાઈ ગયું હતું. હકીકતમાં, આ ઝેરી ધુમ્મસને કારણે અસ્થમા અને ક્રોનિક અવરોધક પલ્મોનરી રોગ (અસ્થમા) માટેની દવાઓનું વેચાણ ત્રણ વર્ષમાં સૌથી વધુ થયું હતું.

ખાસ કરીને દિલ્હી અને એનસીઆરના લોકોને આ ઝેરી હવામાં શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, જેના કારણે અસ્થમાના દર્દીઓની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે અને તેના કારણે ગયા મહિને આ દવાઓનું વેચાણ અનેકગણું વધી ગયું હતું.

અસ્થમા અને સીઓપીડી દર્દીઓની સાથે, પ્રણાલીગત એન્ટિહિસ્ટામાઇન પણ પ્રભુત્વ ધરાવે છે. પ્રણાલીગત એન્ટિહિસ્ટામાઇન્સ સામાન્ય રીતે ઓવર-ધ-કાઉન્ટર અને પ્રિસ્ક્રિપ્શન વગરની એલર્જીની દવાઓ હોય છે.

સિપ્લાના લોકપ્રિય ઇન્હેલર્સ, ફોરકોર્ટ, બુડેકોર્ટ અને ડ્યુઓલિન, દેશમાં ટોચની ૧૦ સૌથી વધુ વેચાતી દવાઓમાં સામેલ હતા. આ દવાઓનું વેચાણ ફક્ત નવેમ્બરમાં જ ₹૧૯૪ કરોડ સુધી પહોંચ્યું હતું.

# 'વોટ ચોરી'ના જડબાતોડ જવાબ વખતે અમિત શાહને ૧૦૨ ડિગ્રી તાવ હતો

નવી દિલ્હી: સંસદમાં બુધવારે રાહુલ ગાંધીના મત ચોરીના આરોપોનો કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જડબાતોડ જવાબ આપ્યો હતો, એ સમયે અમિત શાહને ૧૦૨ ડિગ્રી તાવ હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે સંસદ સત્ર શરૂ થાય તે પહેલાં ડોક્ટરો દ્વારા શાહની તપાસ કરવામાં આવી હતી અને તેમને તાવ ઓછો કરવા માટે દવાઓ આપવામાં આવી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે લોકસભામાં ભાષણ આપવા માટે ઉભા થયા ત્યારે શાહનું તાપમાન ૧૦૨ ડિગ્રી હતું. સત્ર શરૂ થાય તે પહેલાં ડોક્ટરોએ તેમની તપાસ કરી હતી અને તેમને તાવ ઓછો કરવા માટે દવાઓ આપી હતી.

સૂત્રોએ ઉમેર્યું હતું કે ભાજપના વરિષ્ઠ નેતાએ સંસદમાં વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા હતા, તેમના દોઢ કલાકના ભાષણમાં એમણે મત ચોરી, સ્પેશિયલ રિવિઝન ઇન્સ્પેક્શન (સર) અને ચૂંટણી પંચમાં નિમણૂકો સહિત દરેક આરોપોનો જવાબ આપ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે શાહના ઉત્તમ ભાષણ માટે પ્રશંસા કરી હતી, જેમાં તેમણે નક્કર તથ્યો રજૂ કર્યા અને ચૂંટણી સુધારાઓ પર જૂઠાણાનો પર્દાફાશ કર્યો હતો.

શિયાળુ સત્ર દરમિયાન રાહુલે સંસદમાં મત ચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો.

મતદાર યાદીઓમાં કથિત ગેરરીતિઓ પર ચર્ચા કરવાની હિંમત કરીને, શાહે વળતો પ્રહાર કરતા કહ્યું કે વાતમાં કંઇ દમ નથી.

તેમણે વિપક્ષ પર બેવડા ધોરણોનો પણ આરોપ લગાવ્યો હતો, અને નિર્દેશ કર્યો હતો કે તેઓ હાલની મતદાર યાદીઓમાં અનિયમિતતાઓનો આરોપ લગાવી રહ્યા છે અને તે જ સમયે સર સામે વાંધો ઉઠાવી રહ્યા છે. જ્યારે તમે જીતો છો, નવા કપડાં પહેરો છો અને શપથ લો છો ત્યારે મતદાર યાદીઓ એકદમ સારી હોય છે, પરંતુ જ્યારે તમે નિષ્ફળ જાઓ છો, જેમ કે બિહારમાં, ત્યારે તમે કહો છો કે મતદાર યાદીમાં સમસ્યા છે. આ બેવડા ધોરણો ચાલશે નહીં.

શાહે એમ પણ કહ્યું હતું કે સંસદમાં સર પર ચર્ચા થવી જોઈએ નહીં, પરંતુ તેઓ વિપક્ષની માગ સાથે સંમત થયા હતા જેથી બતાવી શકાય કે તેઓ ચર્ચાથી ભાગી રહ્યા નથી. તેમણે ખુલાસો કર્યો હતો કે સંસદમાં ચર્ચા પહેલા તેમણે ચૂંટણી પંચ સાથે વાત કરી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે રાહુલના આરોપો ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં જ આવ્યા ન હતા..

# ઇટાલીની મુલાકાતનું આમંત્રણ પીએમ મોદીએ સ્વીકાર્યું

નવી દિલ્હી: ઇટાલિયન પ્રતિનિધિમંડળે વડા પ્રધાન જ્યોર્જી મેલોની વતી વડા પ્રધાન મોદીને ૨૦૨૬માં ઇટાલીની મુલાકાત લેવાનું આમંત્રણ પણ આપ્યું છે.

ઇટાલીના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન એન્ટોનિયો તાજાની હાલમાં ભારતની ત્રણ દિવસની મુલાકાતે છે. તેમણે બુધવારે સાંજે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી, જેને તાજાનીએ ખૂબ જ સકારાત્મક અને ઉપયોગી ગણાવી હતી.

બેઠક દરમિયાન, તાજાનીએ ઇટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની તરફથી પીએમ મોદીને ૨૦૨૬માં ઇટાલીની મુલાકાત લેવાનું આમંત્રણ પણ આપ્યું હતું.

તાજાનીએ જણાવ્યું કે વડા પ્રધાન મોદીએ આમંત્રણનો જવાબ હામાં આપ્યો છે, પરંતુ સમય હજુ સુધી નક્કી કરવામાં આવ્યો નથી.

તાજાનીએ જણાવ્યું હતું કે ભારત-ઇટાલી સંબંધો એક નવા તબક્કામાં પ્રવેશી રહ્યા છે અને આગામી વર્ષોમાં બંને દેશો વચ્ચે સહયોગ વધુ વેગ પકડશે. ભારત અને ઇટાલી અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગીદારો છે, અને ભવિષ્યમાં બંને દેશો માટે મોટી સંભાવનાઓ રહેલી છે.

# આઈએસઆઈના પૂર્વ ચીફને ૧૪ વર્ષની જેલની સજા

ઈસ્લામાબાદ : પાકિસ્તાનની એક સૈન્ય અદાલતે ગુરુવારે ઇન્ટર-સર્વિસિસ ઇન્ટેલિજન્સ (આઈએસઆઈ)ના ભૂતપૂર્વ વડા ફૈઝ હમીદને લશ્કરી કાયદાઓનું ઉલ્લંઘન કરવા બદલ ૧૪ વર્ષની જેલની સજા ફટકારી છે. પાકિસ્તાનના ઇતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ ગુપ્તચર એજન્સીના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલને સજા ફટકારવામાં આવી છે.

સેના દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન મુજબ, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ પૂર્વ લેફ્ટનન્ટ જનરલ હમીદ સામે પાકિસ્તાન આર્મી એક્ટની જોગવાઈઓ હેઠળ ફિલ્ડ જનરલ કોર્ટ માર્શલ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ફૈઝ હમીદ પર રાજ્યની સુરક્ષા અને હિતોને નુકસાન પહોંચાડતી રાજકીય પ્રવૃત્તિઓમાં સામેલ થવા, સત્તાવાર ગુપ્તતા કાયદાનું ઉલ્લંઘન કરવા, સત્તા અને સરકારી સંસાધનોનો દુરુપયોગ કરવા અને વ્યક્તિઓને ખોટી રીતે ઇજા પહોંચાડવા સંબંધિત ચાર આરોપો હેઠળ કેસ ચલાવવામાં આવ્યો હતો.

ફૈઝ હમીદ ૨૦૧૯ થી ૨૦૨૧ સુધી આઈએસઆઈના ડિરેક્ટર જનરલ તરીકે સેવા આપી હતી. ભૂતપૂર્વ આઈએસઆઈ વડા જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનના ખાસ માણસ માનવામાં આવે છે. તેમણે છેલ્લે ૧૦ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ સમય કરતાં વહેલા નિવૃત્તિ લેતા પહેલા એક્સએક્સએક્સઆઈ કોર્પ્સના કમાન્ડર તરીકે સેવા આપી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, લાંબી કાનૂની કાર્યવાહી પછી આરોપીને બધા આરોપોમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને ૧૪ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી.

સેનાએ વધુમાં જણાવ્યું હતું કે ફિલ્ડ જનરલ કોર્ટ માર્શલે તમામ કાનૂની જોગવાઈઓનું પાલન કર્યું હતું અને આરોપીને તેની પસંદગીની બચાવ ટીમનો અધિકાર સહિત તમામ કાનૂની અધિકારો આપવામાં આવ્યા હતા. નિવેદન અનુસાર, દોષિત ઠેરવ્યા પછી આરોપીને સંબંધિત ફોરમમાં અપીલ કરવાનો અધિકાર છે.

# મ્યાનમાર સૈન્યનો હૉસ્પિટલ પર હુમલો: ૩૧નાં મોત, સેંકડો ઘાયલ

મ્યાનમાર: મ્યાનમારમાં ગુરુવારે સાંજે પશ્ચિમ રાખીન રાજ્યમાં લશ્કરી હવાઈ હુમલામાં જનરલ હોસ્પિટલમાં ઓછામાં ઓછા ૩૧ લોકો માર્યા ગયા અને ૬૮ ઘાયલ થયા હોવાના સમાચાર જાણવા મળ્યાં છે.

સ્થળ પર સહાય કાર્યકર વાઈ હુન આંગે જણાવ્યું હતું કે પરિસ્થિતિ ખૂબ જ ભયાનક છે.

તેમણે કહ્યું. અત્યારે, અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે ૩૧ લોકોનાં મોત થયાં છે અને અમને લાગે છે કે વધુના મૃત્યુ થશે. ઉપરાંત, ૬૮ ઘાયલ થયા છે. આ મહિનાના અંતમાં શરૂ થનારી ચૂંટણીઓ પહેલા જુન્ટા આક્રમણ કરી રહ્યું છે.

સૈન્યએ ૨૮ ડિસેમ્બરથી ચૂંટણી શરૂ કરવાનું નક્કી કર્યું છે.

# રાજકોટ કેન્દ્રીય વિદ્યાલયમાં ૨૩.૮૩ લાખની છેતરપિંડી, સિનિયર સેક્રેટરીયટ આસિસ્ટન્ટની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કાલાવડ રોડ પર આવેલ કેન્દ્રીય વિદ્યાલયના સિનિયર સેક્રેટરીયટ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કર્મચારીએ છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

સિનિયર સેક્રેટરીયટ આસિસ્ટન્ટે વિદ્યાલયના આચાર્ય અને શિક્ષકની બોગસ સહીઓ કરીને રૂપિયા ૨૩.૮૩ લાખની છેતરપીંડી આચરી હતી. આ કેસમાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસે કાર્યવાહી કરતા આરોપી દેવેન્દ્ર ગણાત્રાની ધરપકડ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી દીધી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

રાજકોટની કેન્દ્રીય વિદ્યાલયના પ્રિન્સિપાલ ગંગારામ મીણાએ આ કેસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ પ્રમાણે કેન્દ્રીય વિદ્યાલયમાં સિનિયર સેક્રેટરીયટ આસીસ્ટન્ટ તરીકે દેવેન્દ્ર ગણાત્રા ફરજ બજાવે છે.

શાળાના ત્રણ બેંક એકાઉન્ટ છે તે તમામ ખાતાઓમાંથી નાણાકીય વ્યવહારો કરવા માટે જરૂરી સહી અને સિક્કા કરાવીને દેવેન્દ્ર ગણાત્રા તમામ નાણાકીય વ્યવહારો કરતા હોય છે. આમાં રજિસ્ટર નીભાવવાનુ કામ પણ દેવેન્દ્ર ગણાત્રાનું છે. આ દરમિયાન તેણે ૨૩.૮૩ લાખની છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું હતું.

જ્યારે શાળાના બૅન્ક ખાતામાંથી તેમજ ઇસ્યૂ કરેલ ચેકની નકલો તેમજ સાથે આપવામાં આવતી બૅન્ક એડવાઇઝરી સ્લીપનુ લીસ્ટ મંગાવવામાં આવ્યું અને તેને ચેક ઇસ્યૂ રજિસ્ટર સાથે સરખાવવામાં આવ્યું ત્યારે તેમાં ચેકમાં છેડછાડ જોવા મળી હતી.

એટલું જ નહીં પરંતુ બૅન્ક એડવાઇઝરી સ્લીપમાં ફરિયાદીની તેમજ ગૌતમભાઈ પરમારની ખોટી સહીઓ કરેલી હતી. જેથી ૨૩.૮૩ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા અંગેનું ધ્યાન પર આવ્યું હતું. જેથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડી ત્રણ દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ₹ ૧.૧૫ કરોડના એમ્બરગ્રીસ સાથે ભાવનગરના બે શખ્સો દેવભૂમિ દ્વારકામાંથી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દ્વારકાના રેલવે સ્ટેશન નજીકના સયાજી સર્કલ પાસેથી દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. દ્વારા ભાવનગરના બે શખ્સને વ્હેલ માછલીના એમ્બરગ્રીસ (ઉલ્લાટી)ના ૧.૧૫ કિલોના જથ્થા સાથે અટકાયત કરી કાયદેસરની કામગીરી હાથ ધરી હતી, જેની કિંમત સવા કરોડ થતી હોવાનું જાણવા મળ્યું હતું.


(તસવીર: વિપુલ હિરાણી)

પ્રાપ્ત વિગત અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. ટીમ દ્વારા જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન બાતમીદાર દ્વારા મળેલ માહિતી આધારે રેલવે સ્ટેશન નજીકના સયાજી સર્કલ પાસેથી નિરવ બાલાભાઈ ભટ્ટ અને સુનીલભાઈ ચંદ્રકાન્તભાઈ સંભવાણી નામના ભાવનગરના બે શખ્સોને ૧.૧૫ કિલોના વજનના રૂપિયા એક કરોડ પંદર લાખની બજાર કિંમતના વ્હેલ માછલીના એમ્બરગ્રીસ સાથે પોલીસે પકડી પાડ્યા હતા. પકડાયેલા ઈસમોની પૂછપરછમાં આ વ્હેલ માછલીના એમ્બરગ્રીસને ભાવનગરથી દ્વારકા વેચાણ માટે લઈ આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. બંને શખ્સો વિરુદ્ધ વ્હેલ માછલી એમ્બરગ્રીસ અને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી થશે. ■

# ફરી કહેવાતા તાંત્રિકનો ભોગ એક મહિલા બની, બ્લેકમેલ કરી ત્રણ લાખ પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બે-ત્રણ દિવસ અગાઉ ભુજના માધાપર ગામમાં નડતર દૂર કરી દેવાના બહાને એક યુવતીને સંમોહિત કરી, દુષ્કર્મ ગુજારવાનો પ્રયાસ કરનારા વિશાલ રાજગોર નામના કહેવાતા તાંત્રિક વિરુદ્ધ ઘરની તકલીફો દૂર કરવાના બહાને ૨૦ વર્ષીય પરિણીત યુવતી પાસેથી રૂ.૩.૧૧ લાખ પડાવ્યા બદલ વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ગત જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીના સમયગાળામાં માધાપરના ગંગેશ્વર રોડ પરના ભક્તિ પાર્ક ખાતે રહેતા મૂળ માંડવીના બાગ ગામના વિશાલ રાજગોર નામના કહેવાતા તાંત્રિકે અસાધ્ય બીમારી અને ઘરની અન્ય તકલીફો દૂર કરવા માટે તાંત્રિક વિધિ કરવી પડશે, તેમ કહી મહિલા પાસે વારંવાર પૈસાની માંગણી કરતો રહેતો હતો. દિવસ દરમિયાન યુવાન પરિણીતાને તાંત્રિક ઘરે એકલી બોલાવતો હતો અને એક રૂમમાં જઈ, કપાળ પર કંકુનો ચાંદલો કરતો અને ખોટા મંત્રોચાર કરતો હતો. તાંત્રિક વારંવાર યુવતીને તમારા પર કોઈએ 'વિચ' ક્રાફટ કર્યું છે. અને શરીરમાં શૈતાની આત્મા ઘૂસી આવ્યો છે જેને બહાર કાઢવાનો છે' તેમ કહીને યુવતીને જોરથી થપ્પડો મારતો, વાળ ખુલ્લા કરાવતો અને વિધિ કરવાના નામે તેની મરજી વિરુદ્ધ શારીરિક અડપલા કરતો રહેતો હતો. કહેવાતા તાંત્રિકે જો તેને પૈસા નહીં આપવામાં આવે તો ઘરમાં અનેક તકલીફો આવશે તેવી ગર્ભિત ધમકીઓ આપીને ફરિયાદી મહિલા અને અન્ય કેટલાક સાક્ષીઓ પાસેથી કુલ રૂ. ૩,૧૧,૦૦૦ પડાવી લીધા હતા.

હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા વિશાલ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ માધાપર પોલીસે ગુનો દાખલ કરી તજવીજ હાથ ધરી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, એક તાંત્રિક સ્વરૂપવાન યુવતીઓને સંમોહિત કરીને શરીર સંબંધી ગુનાઓ આચરતો એવું ટીવી ચેનલ પર આવતી પ્રસિદ્ધ 'ક્રાઇમ પેટ્રોલ' નામની સિરિયલના એક એપિસોડમાં જોઈને પ્રેરિત થયેલા વિશાલે માધાપરમાં રહેતી એક યુવતીને નડતર હોવાના બહાને બેભાન કરીને દુષ્કર્મ ગુજારવાનો પ્રયાસ કર્યો હતો. ભોગ બનનારે ફરિયાદ નોંધાવતાં માધાપર પોલીસે તેની ધરપકડ કરીને પાલારા જેલના હવાલે કરી દીધો હતો. ■

# નોકરીના પહેલા દિવસે જ સુરેન્દ્રનગરમાં બે ભાઈનું અકસ્માતમાં મોત, પરિવારમાં માતમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના નાવિયાણી ગામ પાસે ગંભીર અકસ્માતની ઘટના બહાર આવી હતી. જેમાં બાઇકસવાર બે સગાભાઇ સહિત ત્રણ યુવકોને ફંગોળીને અજાણ્યો વાહન ચાલક ફરાર થઇ ગયો હતો. આ અકસ્માતમાં ત્રણેય યુવકનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં.

આ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ પાટડી તાલુકાના એરવાડા ગામનો સંજય ભાથીભાઈ ઠાકોર નામનો યુવક બેચરાજી ખાતે કંપનીમાં કામ કરવા રોજ જતો હતો. તેણે પોતાના જ ગામના ટીનાભાઇ નરશીભાઈ દેવીપૂજક અને તેના નાના ભાઈ મયુર નરશીભાઈ દેવીપૂજકને દિવસના ૪૦૦ રૂપિયા લેખે નોકરી પર લગાડ્યા હતા. બંને ભાઈઓનો નોકરીનો આજે પ્રથમ દિવસ હતો.

બે ભાઈ સહિત ત્રણેય યુવકો આજે વહેલી સવારે એરવાડાથી બેચરાજી ખાતે નોકરી પર જવા નીકળ્યા હતા. આ દરમિયાન નાવીયાણી ગામ પાસે એક અજાણ્યા વાહને બાઇકને ટક્કર મારતા બાઇક ફંગોળાઇ ગયું હતું. ત્રણેય યુવકો રોડ પર પટકાતા માથું ધડથી અલગ થઇ ગયુ હતું અને ગંભીર ઇજાઓ થઈ હતી. મળતી માહિતી મુજબ બંને ભાઇઓ અત્યાર સુધી જૂના કપડાં લે-વેચનું કામ કરતા હતા અને આજે એમની નોકરીનો પ્રથમ દિવસ હતો. બન્ને દીકરા આ રીતે ગુમાવતા માતા-પિતા સહિત પરિવારનો આક્રંદ હૃદયદ્રાવક હતું.

પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વાહનચાલકની શોધ શરૂ કરી હોવાનું જણાવ્યું હતું. ■

# રાજકોટ પોલીસની કાર્યવાહીથી દુષ્કર્મનો આરોપી ફફડી ગયો


(તસવીર: પ્રવિણ સેદાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જસદણ તાલુકાના આટકોટમાં છ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ હેવાનિયતની ઘટનાનો આરોપી રામસિંહ હવે ભાંગી પડ્યો હતો અને પોતાની ભૂલ સ્વીકારી હતી. આ કેસમાં પોલીસ દ્વારા ઝડપી કાર્યવાહી કરવામાં આવી છે. ગઈકાલે આરોપીએ હુમલાનો પ્રયાસ કર્યો તો પોલીસે સ્વ-બચાવમાં ફાયરિંગ પણ કર્યું હતું, તેમાં આરોપીને પગમાં ગોળી વાગી હતી. હવે આરોપી પોલીસ સામે આજીજી કરીને પોતાની ભૂલ નહીં પરંતુ હેવાનિયત સ્વીકારી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર આરોપી કહે છે કે મારી ભૂલ થઈ ગઈ. હું ક્યારેય ગુજરાત સામે જોઈશ નહીં. હું ક્યારેય ગુજરાતમાં આવીશ નહીં. આરોપીના આ શબ્દો પરથી ખબર પડી જાય છે કે, પોલીસે પોતાના કામગીરી બરાબર કરી બતાવી છે. આ કાર્યવાહીના કારણે આ હેવાન દુષ્કર્મીમાં ફફડાટ ફેલાયો હતો. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, આરોપીએ ગુનો તો કબૂલ કર્યો છે, પરંતુ સાથે સાથે ભવિષ્યમાં ગુજરાતમાં નહીં આવવા અને આવી ભૂલ ક્યારેય નહીં કરે એ પણ જણાવ્યું હતું. જોકે, આવા આરોપીને કોર્ટ કડકમાં કડક સજા કરે તેવી માંગણી કરવામાં આવી રહી છે.

આટકોટની ૬ વર્ષની બાળકી પર દુષ્કર્મ થયું હતું. દુષ્કર્મ આરોપીએ ભાગવાનો પ્રયાસ કરતા પોલીસે તેને પગમાં ગોળી મારી હતી. ફાયરિંગમાં આરોપીને બંને પગે ઇજા થઈ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આરોપીએ પોલીસ પર હુમલો કર્યો હોવાથી પોલીસે સ્વ-બચાવમાં ફાયરિંગ કર્યું હતું. પોલીસે બે રાઉન્ડ ફાયરિંગ કરતા આરોપીને પગમાં ગોળી વાગી હતી. આરોપીને હૉસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો, ત્યાર બાદ રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ દરમિયાન એક પોલીસ કર્મચારી પણ ઘાયલ થયો હતો. આ પોલીસ કર્મીની ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ગુજરાતના બલોચ મકરાણી સમાજે ધુરંધરનો વિરોધ કર્યો, પીએમ મોદીને લખ્યો પત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આદિત્ય ધર નિર્દેશિત ફિલ્મ ધુરંધર ધૂમ કમાણી કરી રહી છે. આ ફિલ્મના જેટલા વખાણ થઈ રહ્યાં છે, એટલો વિરોધ પણ થઈ રહ્યો છે. ધુરંધર ફિલ્મમાં સંજય દત્ત દ્વારા બોલાયેલા એક ડાયલોગને લઈને જૂનાગઢમાં વસતા બલોચ મકરાણી સમાજના લોકોમાં ભારે રોષ ફેલાયો છે. આ ફિલ્મમાં અભિનેતા સંજય દત્ત દ્વારા બોલવામાં આવેલા ડાયલોગ પર સમાજે સખત વાંધો ઉઠાવ્યો હતો. ગઈકાલે જૂનાગઢ ખાતે બહોળી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને લોકો એકત્રિત થયાં હતાં.

બલોચ મકરાણી સમાજે વડા પ્રધાનને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં લખવામાં આવ્યું હતું કે, ૫મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ રિલીઝ થયેલી ધુરંધર ફિલ્મમાં પાકિસ્તાની પોલીસ ઇન્સ્પેક્ટરનું પાત્ર ભજવતા સંજય દત્તે એક ડાયલોગ બોલ્યો છે કે, 'મગરમચ્છ પે ભરોસા કર શકતે હે બલોચ પર નહીં'. આ ડાયલોગ મામલે સમાજનો આક્ષેપ છે કે આ સંવાદથી તેમની સમગ્ર કોમ્યુનિટીનીને માનહાનિ થઈ છે. ધુરંધર ફિલ્મમાં સમાજ દગાખોર, આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલો હોય તેવું ચિત્રિત કરવામાં આવ્યું હોવાના કારણે આ ફિલ્મનો બલોચ મકરાણી સમાજના લોકો વિરોધ કરી રહ્યાં છે.

બલોચ મકરાણી સમાજના લોકોએ મામલતદાર મારફતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આવેદનપત્ર પાઠવીને આ ફિલ્મના પ્રસારણ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવા અને વાંધાજનક ડાયલોગ દૂર કરવાની ઉગ્ર રજૂઆત કરી હતી. એટલું જ નહીં પરંતુ જૂનાગઢના એડવોકેટ અને બલોચ સમાજના પ્રમુખ એજાઝ મોહમ્મદ હનીફ મકરાણીએ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફિલ્મ 'ધુરંધર'ના અભિનેતા સંજય દત્ત, ડાયલોગ રાઇટર અને ફિલ્મના ડાયરેક્ટર વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવા માટે અરજી કરી હતી.

# ભાવનગરના નેસડા ગામે વૃક્ષની ડાળી સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ યુવાનનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના નેસડા ગામના યુવાને કોઈ અગમ્ય કારણોસર વૃક્ષની ડાળી સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ મોત મીઠું કરી લેતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના નેસડા ગામે રહેતા અને ખેતી સાથે સંકળાયેલા આહીર યુવાન જીતુ મૂળજીભાઈ ઢીલા ઉં.વ.૩૩ ગત રાત્રિના સમયે તેના ઘરે કોઈ ને જાણ કર્યા વિના ગુમ થયો હતો. વહેલી સવારે જીતુના પરીવારને જાણ થઈ હતી કે ગામની સીમમાં આવેલ એક લીમડાના ઝાડની ડાળીએ ફાંસો ખાધેલી હાલતમાં લાશ ટીંગાઈ રહી છે. આ માહિતી મળતા પરીવાર હાંફળો ફાંફળો સ્થળ પર દોડી આવ્યો હતો અને સિહોર પોલીસને જાણ કરતા પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો અને લાશને નિચે ઉતારી પંચનામું કરી લાશને પીએમ માટે સિહોર સરકારી હૉસ્પિટલમાં મોકલી હતી. આત્મહત્યાનું કારણ જાણવા મળ્યું નથી. પોલીસે તપાસ હાથ ધરી હતી. ■

# ભાવનગર એસટી વર્કશોપ દારૂકાંડમાં વધુ ચાર કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર એસ.ટી. વિભાગના એક સિક્યુરીટી ગાર્ડ સહિત સાત ડ્રાઇવર-કંડક્ટરોના દારૂ કાંડમાં નામ ખૂલતા એસ.ટી.ના વિભાગીય નિયામકે તાકીદે એક હંગામી ડ્રાઈવરને ટર્મિનેટ કર્યો છે જ્યારે સાત કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. તેમજ પોલીસની તપાસ દરમિયાન વધુ ચાર કર્મચારીઓના નામ વિભાગીય નિયામકને ગુપ્ત રાહે જાણ થતાં વધુ ચાર કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. હાલ તમામ આરોપીઓ ફરાર છે.

ભાવનગર એસ.ટી. વર્કશોપમાં ગત સોમવારે ડ્રાઇવરો તેમજ કંડક્ટરના સામાન રાખવાના રૂમ તેમજ બાથરૂમમાં નિલમબાગ પોલીસે દરોડા પાડતા સોથી વધુ નંગ વિદેશી દારૂ તેમજ બિયરની બોટલો મળી આવતા એક સિક્યોરીટી ગાર્ડની ધરપકડ કરાઈ હતી. જેની કબુલાતથી વધુ સાત ડ્રાઇવર અને કંડક્ટરના નામ ખુલતા એસ.ટી.ના વિભાગીય નિયામકે એક હંગામી ડ્રાઇવરને ટર્મિનેટ કર્યો હતો તેમજ સાત કર્મચારીને સસ્પેન્ડ કરી દીધા હતા. જ્યારે પોલીસ તપાસમાં વધુ ચાર કર્મચારીઓના નામ ગુપ્ત રાહે પોલીસે વિભાગીય નિયામકને આપતા ચારેય કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા હતા. ■

# ભાવનગરમાં હિટ એન્ડ રનમાં એક મહિલાનું મોત, યુવતીને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર શહેરના વાઘાવાડીરોડ પર ચાલવા નીકળેલી મહિલાને પાછળથી પૂરઝડપે આવેલા કાર ચાલકે અડફેટે લેતા ગંભીર ઇજા થતા મહિલાનું હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ દરમિયાન કાર ચાલકે એક ઈ-બાઈકચાલક યુવતીને પણ અડફેટે લઈને ઇજા પહોંચાડી હતી. આ અંગે પોલીસે સીસીટીવી કેમેરા ના ફુટેજ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના કાળીયાબીડ, સાગવાળી, પ્લોટ નંબર ૧૭૦૦-એ માં રહેતા મીનાબેન અશ્વિનપુરી ગોસ્વામીએ નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ તેઓ તથા તેમના દેરાણી સોનલબેન ધર્મેશપુરી ગોસ્વામી ઉ.વ.૩૮ જમીને ચાલવા નીકળ્યા હતા. તેઓ પાણીની ટાંકી થઈ અક્ષરવાડીથી થોડે દૂર પહોંચતા પાછળથી ફૂલઝડપે બેફામ આવી રહેલ કારે સોનલબેનને અડફેટે લેતા સોનલબેન ઉછળીને રોડ પર પટકાયા હતા. દરમિયાન કાર ચાલકે આગળ ઈ-લાઈક લઈને જઈ રહેલ બાર્ટન લાયબ્રેરી વિસ્તારમાં રહેતી ઉમેદની બિલાલભાઈ શેખ નામની યુવતીને પણ અડફેટે લઈ ઈજા કરી હતી. રોડ પર પટકાતા સોનલબેનને ગંભીર રીતે લોહિયાળ ઇજા થતા તેમને રિક્ષામાં તાત્કાલિક સર.ટી. હૉસ્પિટલમાં સારવાર માટે લઇ જવાયા હતા. આ ઉપરાંત ઈ-બાઈક ચાલક યુવતીને પણ ઇજા થતા સાથે હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા દરમિયાન સોનલબેન ગોસ્વામી ઉ.વ .૩૮ નું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે નીલમબાગ પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દરમિયાન પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી અકસ્માત સર્જી નાસી છૂટેલા કારચાલકને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. ■

# રાજકોટમાં યુવતીને ઢોર માર મારનાર આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના શીતલપાર્ક નજીક ધ સ્પાયર-૨ બિલ્ડિંગમાં ઓફિસમાં મહિલાને માર મારતો એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. આ વીડિયો જૂન, ૨૦૨૫નો હોવાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતાં. મહિલાએ ધંધામાં ધ્યાન આપવાનું કહેતા ભાગીદારે ખુરશી પર ગળું દબાવી આડેધડ ઢીંક-મુક્કા માર્યાં હતાં. આ મામલે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ છે. પોલીસે સીસીટીવી ફૂટેજ અને યુવતીની ફરિયાદના આધારે તપાસ શરૂ કરવામાં આવી અને આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર મહિલા અને માર મારનાર મૌલિકે પેકેજિંગ પ્રોડ્કટનો ધંધો શરૂ કર્યો હતો, જેમાં મહિલાએ ૬૦ લાખ રૂપિયાની લોન લીધી હોવાનો દાવો કર્યો હતો. ધંધામાં ધંધાકીય વાતચીત બાદ યુવકે ઉગ્ર બની મહિલાને માર મારી ધમકી પણ આપી હતી. મારામારીની આ ઘટના જૂન, ૨૦૨૫માં બની હતી.

આ કેસમાં મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. પીડિત મહિલાનું કહેવું છે કે, તેને નોકરીની જરૂર હોવાથી ૨૦૨૧માં ઓનલાઈન જોબ એપ્લિકેશનથી મૌલિકનો સંપર્ક કર્યો હતો. પહેલા તેની સાથે ફોન પર વાત થઈ હતી. ત્યારબાદ બંને જણાએ ભાગીદારીમાં પેકેજિંગનો ધંધો શરૂ કરવાનું નક્કી કર્યું હતું. જેના માટે લોન પણ લીધી હતી.

આ લોનના હપ્તા સાથે ભરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ બાદમાં મૌલિકે ધંધામાં ધ્યાન આપવાનું ઓછું કરી દીધું હોવાના કારણે વિવાદ શરૂ થયો હતો. બાદમાં લોન ભરવાની વાત કરી ત્યારે તેણે મારામારી કરી હતી. આ ઘટના હવે પ્રકાશમાં આવી હતી. ■

# ભચાઉમાં સગાઇ તૂટી જતાં યુવતીએ ગળેફાંસો ખાઇ આયખું ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પૂર્વ કચ્છના ભચાઉ શહેરમાં આવેલી જલારામ સોસાયટીમાં રહેનાર શ્રેયા રમેશ સુથાર (ઉ.વ.૨૦) નામની યુવતીની સગાઇ તૂટી જતાં મનમાં લાગી આવતા ગળેફાંસો ખાઇ પોતાનું જીવન ટૂંકાવી લેતાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી.

બીજી તરફ ભચાઉ તાલુકાના ચોપડવા નજીક મોટરસાઇકલ સ્લીપ થતાં સર્જાયેલા અકસ્માતમાં રવિચંદન ચંદ્રવંશી નામના યુવકનું મોત થયું હતું તેમજ વાંઢિયા નજીક ટ્રક અને ટેમ્પો વચ્ચે થયેલી ટક્કરમાં ટેમ્પોના ચાલક જીતેન્દ્રસિંહ વતાસિંહનું મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ભચાઉની જલારામ સોસાયટી ઇ.ડબલ્યુ.ટી. ક્વાર્ટર પાસે રહેનાર શ્રેયા નામની યુવતીની કોઈ અંગત કારણોસર મનગમતા પાત્ર સાથે થયેલી સગાઇ તૂટી ગઈ હતી.

માનસિક આઘાત સહન ન થતાં શ્રેયાએ પોતાના ઘરે લાકડાની આરીમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવાર શોકમગ્ન બન્યો હતો.

બીજી તરફ, રવિચંદન નામનો હતભાગી યુવાન તેના મોટરસાઇકલ પર સવાર થઈને ચોપડવાથી દૂધ લઇને લુણવા તરફ જઇ રહ્યો હતો એ દરમ્યાન તેનું વાહન કોઈ કારણોસર સ્લીપ થતાં તેને ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચી હતી. રવિચંદનને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઇ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

વધુ એક જીવલેણ માર્ગ અકસ્માતનો બનાવ માળિયા-સામખિયાળી ધોરીમાર્ગ પરના વાંઢિયા ગામ નજીક સર્જાયો હતો જેમાં ફરિયાદી દિનેશ બિજલ ગરસાણિયા રાજકોટથી ટ્રક લઇને ભુજ તાલુકાના ધાણેટી ગામમાં માલ ભરવા આવી રહ્યો હતો, તે દરમ્યાન સામેથી રોંગ સાઇડમાં ધસમસતો આવેલો ટેમ્પો તેની ટ્રક સાથે ટકરાતાં ટેમ્પોચાલક જીતેન્દ્રસિંહને ગંભીર ઇજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. પોલીસે ટ્રક ચાલકે નોંધાવેલી ફરિયાદના આધારે આ સમગ્ર બનાવની વધુ તપાસ હાથ ધરી હતી. ■



**ક્રિસમસની તૈયારીઃ**
વર્ષનો છેલ્લો મહિનો ડિસેમ્બર એટલે નાતાલની ઉજવણી. નવા વર્ષના આગમન સાથે ક્રિસમસની તૈયારીઓ થવા લાગી છે. બજારમાં ખરીદી માટેની ભીડ જોવા મળે છે. (અમય ખરાડે)

રાજકારણમાં કંઈક નવું રંધાઈ રહ્યું છે

# શરદ પવારની ડીનર પાર્ટીમાં અજિત પવાર

## તરત બીજા દિવસે પ્રફુલ્લા પટેલ મોદીની મુલાકાતે

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણ સાથે સંકળાયેલો એક મોટો ઘટનાક્રમ દિલ્હીમાં બુધવારની રાતે અને ગુરુવારે ઘટિત થયો હતો અને તેને કારણે હવે રાજ્યના રાજકીય વાતાવરણ અંગે અનેક અટકળો લગાવવામાં આવી રહી છે. વાસ્તવમાં પવાર કાકા-ભત્રીજા વચ્ચે મનમેળ થઈ રહ્યો હોવાનો અંદાજ આ ઘટનાક્રમ પરથી લગાવવામાં આવી રહ્યો છે.

દિલ્હીમાં જ્યેષ્ઠ નેતા શરદ પવારના નિવાસસ્થાને બુધવારે રાત્રે યોજાયેલી ડિનર ડિપ્લોમસી પછી, ગુરુવારે કેટલીક ઘટના ઘટી હતી. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પણ શરદ પવાર દ્વારા આયોજિત ડિનરમાં હાજર હતા. ત્યારબાદ, એવું જાણવા મળ્યું છે કે એનસીપી અજિત પવાર જૂથના કાર્યકારી પ્રમુખ અને બંને પવારના અત્યંત વિશ્વાસુ પ્રફુલ્લ પટેલ ગુરુવારે વડા પ્રધાન મોદીને મળ્યા હતા.

શરદ પવારે તેમના જન્મદિવસની પૂર્વસંધ્યાએ દિલ્હીમાં ડિનરનું આયોજન કર્યું હતું. આ ડિનરમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને પાર્ટીના અન્ય નેતાઓ પણ હાજર હતા. જોકે, એવું જાણવા મળ્યું છે કે શરદ પવાર અને અજિત પવાર વચ્ચે એક અલગ મુલાકાત થઈ હતી.

એનસીપીના કાર્યકારી પ્રમુખ પ્રફુલ્લ પટેલ દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. જોકે આ મુલાકાત ઔપચારિક લાગતી હતી, પરંતુ રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ થઈ ગઈ છે કારણ કે આ મુલાકાત શરદ પવાર અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર વચ્ચેની રાત્રિની મુલાકાત પછી જ થઈ હતી.

મળતી માહિતી અનુસાર, પટેલ અને મોદીએ રાજ્યમાં બદલાતા રાજકીય સમીકરણો પર વિગતવાર ચર્ચા કરી હતી. મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓનો મુદ્દો આ બેઠકમાં ખાસ મધ્ય સ્થાને રહ્યો હતો. એવું જાણવા મળ્યું છે કે પટેલે વડા પ્રધાનને ખાતરી આપી હતી કે મહાયુતિ આ ચૂંટણીઓમાં સારી સફળતા મેળવશે.

રાજ્યમાં અનેક સ્થળે એનસીપીનું શરદ પવાર જૂથ અને અજિત પવાર જૂથ સાથે મળીને ચૂંટણી લડશે તેવી ચર્ચા છે. પિંપરી-ચિંચવડ, પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય મ્યુનિસિપલ ચૂંટણીઓમાં પણ એનસીપી સાથે મળીને ચૂંટણી લડશે તેવી ચર્ચા છે. આ પૃષ્ઠભૂમિમાં, શરદ પવાર-અજિત પવારની મુલાકાતને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ■

## અજિત પવાર અને રોહિત પવારની એક જ વિમાનમાં મુસાફરી

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં ભાગલા પડ્યા પછી, ઘણીવાર આ બંને પક્ષો એક સાથે આવશે કે કેમ તે અંગે ચર્ચા થાય છે. તેનું કારણ એક જ છે. કારણ કે અજિત પવાર, સુપ્રિયા સુળે, રોહિત પવાર, શરદ પવાર ઘણીવાર વિવિધ કાર્યક્રમોમાં સાથે જોવા મળે છે. શરદ પવારનો જન્મદિવસ ૧૨ ડિસેમ્બરે છે. જોકે, તેના બે દિવસ પહેલા, તેમણે દિલ્હીમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. અજિત પવારે તેમાં હાજરી આપી હતી. આના કારણે ઘણી ચર્ચા થઈ હતી. થોડા મહિના પહેલા, નાયબ મુખ્યમંત્રીઓ અજિત પવાર અને રોહિત પવાર, જેઓ એકબીજાના રાજકીય દુશ્મન તરીકે જાણીતા હતા, એક જ કારમાં મુસાફરી કરી હતી. તેઓ બંને એક જ વિમાનમાં નાગપુર આવ્યા હતા. રોહિત પવારે આ અંગે મહત્વપૂર્ણ પ્રતિક્રિયા આપી છે.

મીડિયા સાથે વાત કરતા રોહિત પવારે કહ્યું હતું કે સુપ્રિયા તાઈએ શરદ પવારના જન્મદિવસ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં તમામ પક્ષોના નેતાઓ હાજર હતા. અજિતદાદા સાથે ભેગા થવાનો એકમાત્ર મુદ્દો નાગપુર પહોંચવાનો હતો. નાગપુરમાં સત્ર ચાલી રહ્યું છે અને આપણે લોકોના ઘણા સવાલો ઉઠાવવાના છે. વધુમાં, હાલમાં ફ્લાઇટ્સમાં મૂંઝવણ છે. તેથી, સમયસર નાગપુર પહોંચવું જરૂરી હતું. આ પ્રસંગે, મેં ગઈકાલે અજિત પવાર સાથે મુસાફરી કરી હતી. તેમની સાથે મુસાફરી કરતી વખતે, તેમણે નાગપુરમાં મીડિયાને કહ્યું કે કોઈ રાજકીય ચર્ચા નહોતી, પરંતુ અમારા પરિવારના લગ્ન સમારંભ, દિલ્હીમાં પ્રદૂષણ અને અન્ય સામાજિક મુદ્દાઓ વિશે ચર્ચા હતી. રોહિત પવારે એમ પણ કહ્યું હતું કે અઢી વર્ષ પહેલાં અમારી પાર્ટી અલગ થઈ ગઈ હતી. ત્યારથી, બંને પવાર જૂથો એકસાથે આવશે કે કેમ તે અંગે ચર્ચા થઈ રહી છે. પરંતુ આજ સુધી કંઈ થયું નથી. મીડિયામાં આ ફક્ત રાજકીય ચર્ચા છે. કારણ કે અમે એક જ પરિવારના છીએ, અમે વિવિધ પારિવારિક કાર્યક્રમો માટે ભેગા થઈએ છીએ. આનો અર્થ રાજકીય રીતે એકસાથે આવવાનો નથી. ■

# મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખ દિલ્હીમાં અમિત શાહને મળ્યા

નાગપુરઃ મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણ રાજ્યમાં મહાનગરપાલિકાઓની ચૂંટણી પહેલા સંગઠનાત્મક ચર્ચા માટે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા.

ગુરુવારે સૂત્રોએ એવી માહિતી આપી હતી કે ચવ્હાણે રાષ્ટ્રીય રાજધાનીમાં શાહ સાથે મોડી રાત્રે મુલાકાત કરી હતી, જે દરમિયાન તેમણે રાજ્યમાં તાજેતરના ઘટનાક્રમ વિશેની માહિતી આપી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વચ્ચે ચૂંટણીની તૈયારીઓ અંગે થયેલી ચર્ચા બાદ રાજ્ય ભાજપ પ્રમુખની મુલાકાત થઈ હોવાથી તેને મહત્ત્વની માનવામાં આવી રહી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે બેઠક દરમિયાન ફડણવીસ અને શિંદે વચ્ચેની ચર્ચાનો સારાંશ શાહને પહોંચાડવામાં આવ્યો હતો. ભાજપના સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પ્રભારી ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું છે કે શાસક મહાયુતિના ઘટકો - ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપી - સાથી પક્ષ તરીકે ચૂંટણી લડશે. બીજી ડિસેમ્બરના રોજ યોજાયેલી વિવિધ નગર પરિષદો અને નગર પંચાયતોની ચૂંટણીમાં, મહાયુતિના ઘટકોને કેટલીક જગ્યાએ એકબીજા સામે ઉગ્ર સ્પર્ધાનો સામનો કરવો પડ્યો હતો.

ચૂંટણી અધિકારીઓએ હજુ સુધી રોકડથી ભરપૂર બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત વિવિધ નાગરિક સંસ્થાઓની ચૂંટણીઓનું સમયપત્રક જાહેર કર્યું નથી. ■

# ખેડૂત સહાય પર મોટો વિવાદઃ ૧૦૦ કરોડનું ભંડોળ અને સહાય માત્ર ૭૫,૦૦૦?

મુંબઈ : ઓક્ટોબરમાં મુખ્ય પ્રધાન રાહત ભંડોળમાં ૧૦૦ કરોડ રૂપિયા આવ્યા હોવા છતાં ખેડૂતોને ફક્ત ૭૫,૦૦૦ રૂપિયા જ આપવામાં આવ્યા હોવાનો ખુલાસો થયા બાદ ભારે હંગામો મચી ગયો હતો. માહિતી અધિકાર કાયદા હેઠળ પ્રકાશમાં આવેલી માહિતી પર વિપક્ષે સરકાર પર પ્રહારો કર્યા હતા. બીજી તરફ મુખ્ય પ્રધાન ફડણવીસના કાર્યાલયે આરોપોને નકારી કાઢ્યા છે અને સ્પષ્ટતા કરી છે.

સપ્ટેમ્બરમાં અતિવૃષ્ટિને કારણે રાજ્યમાં પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. નાગરિકો, ઉદ્યોગો અને વિવિધ સંગઠનોએ અસરગ્રસ્ત ખેડૂતોને મદદ કરવા માટે પહેલ કરી અને મુખ્ય પ્રધાન રાહત ભંડોળમાં નાણાકીય સહાય જમા કરાવી. ઓક્ટોબર મહિનામાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમ એકઠી થઈ હતી. જોકે, આરટીઆઈ કાર્યકર્તા વૈભવ કોકાટની માંગણી પરથી જાણવા મળ્યું કે ખેડૂતોના ખાતામાં ખરેખર પહોંચેલી સહાય માત્ર ૭૫,૦૦૦ રૂપિયા હતી. વિપક્ષે આ મુદ્દા પર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો. ઠાકરે જૂથના નેતા અને વિધાનસભા પરિષદમાં ભૂતપૂર્વ વિપક્ષી નેતા અંબાદાસ દાનવેએ ટ્વિટ કરીને દેવેન્દ્ર ફડણવીસને ઉદાર રાજ્યના કંજૂસ વડા તરીકે ગણાવ્યા.

કોંગ્રેસના નેતા સતેજ પાટીલે પણ આકરી ટીકા કરતા કહ્યું હતું કે જો મુખ્ય પ્રધાન રાહત ભંડોળ ખેડૂતોને મદદ કરવા માટે હોય, તો તે મદદ તેમના સુધી પહોંચવી જોઈએ. જો ઇચ્છાશક્તિ હોય, તો સહાય તાત્કાલિક કરી શકાય છે. જોકે, હાલમાં સરકાર પાસે આવી ઇચ્છાશક્તિ નથી, એમ પાટીલે જણાવ્યું હતું. ■

## મુખ્ય પ્રધાન કાર્યાલયે શું કહ્યું?

વિવાદ બાદ, મુખ્યપ્રધાન કાર્યાલયે આ અંગે સ્પષ્ટતા કરી. મુખ્યપ્રધાન કાર્યાલયે કહ્યું કે, ફક્ત ઓક્ટોબર મહિનાના આંકડા આપવાથી ગેરસમજ ઊભી થાય છે. આ ઉપરાંત, આ માહિતી પણ ખોટી છે. આવી ખોટી માહિતી કેમ આપવામાં આવી તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર દરમિયાન મુખ્યપ્રધાન રાહત ભંડોળમાંથી ૬૧,૫૧,૬૯૮ રૂપિયાની મદદ કરવામાં આવી છે. મુખ્યપ્રધાન રાહત ભંડોળનો ઉપયોગ રોજિંદા ખર્ચ માટે થાય છે. તેથી, આ ખર્ચની રકમ દરરોજ વધે છે. તેથી, ફક્ત એક મહિનાની માહિતીના આધારે તારણો કાઢવા ખોટા છે. અત્યાર સુધીમાં, ખાસ પેકેજમાંથી ખેડૂતોના ખાતામાં ૧૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ સીધી જમા થઈ ગઈ છે અને આ પ્રક્રિયા હજુ પણ ચાલુ છે, એમ પણ મુખ્ય પ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું. ■

## વિદ્યાર્થીઓને મેટ્રોમાં મફત પ્રવાસની વિચારણા

મુંબઈઃ મુંબઈમાં શાળાના વિદ્યાર્થીઓને મુસાફરી કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ટ્રાફિક જામને કારણે તેમને શાળાએ સમયસર પહોંચવું મુશ્કેલ બને છે. આ માટે શાળાના વિદ્યાર્થીઓ માટે બેસ્ટની બસોમાં મફત મુસાફરીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હવે મુંબઈ અને નાગપુરના વિદ્યાર્થીઓ ટૂંક સમયમાં મેટ્રોમાં પણ મફત મુસાફરી કરી શકશે. જોકે આ અંગે અંતિમ નિર્ણય લેવાયો નથી.

ઉદ્ધવ સેનાના વિધાનસભ્ય સુનીલ શિંદેએ વિધાન પરિષદમાં આની ભલામણ કરી હતી. તેમના મતે શાળાના સમય દરમિયાન મફત મુસાફરીથી વિદ્યાર્થીઓના સમયની બચત થશે, ઉપરાંત તેઓ સુરક્ષિત અને આરામદાયક મુસાફરી કરી શકશે. વિદ્યાર્થીઓને મફત મુસાફરીની સુવિધા ઉપલબ્ધ કરાવવાથી તેમના શિક્ષણને પ્રોત્સાહન મળશે, એટલું જ નહીં પરંતુ માતા-પિતાના આર્થિક ભારણમાં પણ થોડો ઘટાડો થશે. ઉપરાંત મેટ્રોનો ઉપયોગ વધવાથી રોડ ટ્રાફિકમાંથી પણ રાહત મળશે. શિંદેએ વિધાનસભામાં સ્પષ્ટતા કરી હતી કે શાળાના વિદ્યાર્થીઓના લાભ માટે આ યોજના ટૂંક સમયમાં લાગુ કરવાની જરૂર છે. ■

# લોકાયુક્ત બિલને અમલમાં મૂકવા અણ્ણા હઝારે ફરી અનશન કરશે

અહિલ્યાનગરઃ નાગપુરના શિયાળુ સત્રમાં એક તરફ લોકાયુક્ત સુધારા બિલ પસાર કરવામાં આવ્યું, તો બીજી તરફ આ જ કાયદાનો અમલ ન થવાને કારણે વરિષ્ઠ સામાજિક કાર્યકર અણ્ણા હઝારેએ ફરી એકવાર ભૂખ હડતાલ કરવાની ચેતવણી આપી છે.

ભ્રષ્ટાચાર મુક્ત ભારત અને લોકાયુક્ત કાયદા માટે લડત ચલાવનાર વરિષ્ઠ સામાજિક કાર્યકર અણ્ણા હઝારેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખી લોકાયુક્ત બિલના અમલીકરણ માટે તેઓ ઉપવાસ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું અને ભૂખ હડતાલ માટેની તારીખ પણ જાહેર કરી હતી. તેઓ ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ થી રાલેગણ સિદ્ધિ સ્થિત યાદવ બાબા મંદિરમાં ભૂખ હડતાળ કરશે.

મહારાષ્ટ્ર સરકારે ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ વિધાનસભામાં અને ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ વિધાન પરિષદમાં લોકાયુક્ત બિલ પસાર કર્યું છે, પરંતુ ૨ વર્ષ વીતી ગયા હોવા છતાં આ કાયદાનો અમલ ન થવાને કારણે અણ્ણા હઝારે ઉપવાસ કરશે. દરમિયાન, અણ્ણાએ પત્રમાં જણાવ્યું હતું કે, લોકાયુક્ત કાયદાનો અમલ થઈ રહ્યો નથી અને સરકારની ઈચ્છા પણ દેખાતી નથી તેથી ઉપવાસ પર બેસવાનો સમય આવી ગયો છે. અણ્ણા હઝારેએ ૨૦૧૧માં લોકાયુક્ત કાયદા માટે મોટું જનઆંદોલન કર્યું હતું. ભ્રષ્ટાચાર મુક્ત ભારતનો નારો આપીને અણ્ણાએ શરૂ કરેલા આંદોલનને દેશભરમાં મોટું સમર્થન મળ્યું હતું, જેના પછી દેશમાં અને મહારાષ્ટ્રમાં પણ સત્તા પરિવર્તન જોવા મળ્યું હતું. ■

# મહારાષ્ટ્ર વિધાનસભાઃ પાક ખરીદીના મુદ્દે વિપક્ષનું વોકઆઉટ

નાગપુરઃ કપાસ અને સોયાબીનની ખરીદી અંગે માર્કેટિંગ પ્રધાન જયકુમાર રાવલનો જવાબ સંતોષકારક ન હોવાનો દાવો કરી વિપક્ષના સભ્યોએ ગુરુવારે મહારાષ્ટ્ર વિધાનસભામાંથી વોકઆઉટ કર્યું હતું.

ભાજપના વિધાનસભ્ય સંતોષ દાનવેએ પ્રશ્નકાળ દરમિયાન પાકની ખરીદીનો મુદ્દો ઉઠાવ્યો હતો. ભૂતપૂર્વ પ્રધાન અને ભાજપના સભ્ય બબનરાવ લોણીકર અને એનસીપી વિધાન સભ્ય પ્રકાશ સોળંકે સહિત ટ્રેઝરી બેંચના ઘણા વિધાન સભ્યોએ રાજ્ય સરકારના જાહેર કેન્દ્રો દ્વારા ખરીદી કરવાની પદ્ધતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રધાન રાવલે ગૃહને માહિતી આપી હતી કે ગયા વર્ષની સરખામણીમાં સરકારે ખરીદ કેન્દ્રોની સંખ્યામાં તેમજ ખરીદી કિંમતમાં વધારો કર્યો છે. જોકે, વિપક્ષી સભ્યોએ દાવો કર્યો હતો કે ઘણા કેન્દ્રો કાર્યરત નથી અથવા કાર્યકારી અવરોધોનો સામનો કરી રહ્યા છે. કોંગ્રેસ વિધાયક દળના નેતા વિજય વડેટ્ટીવારે આરોપ મૂક્યો હતો કે સરકાર માત્ર સર્વિસ આપી રહી છે પણ ખેડૂતોને મદદરૂપ થાય એવા પગલાં નથી લઈ રહી. ઘણા કેન્દ્રો પર ખેડૂતોને બદલે વેપારીઓને ફાયદો થઈ રહ્યો છે. રાજ્યના કેટલાક ભાગોમાં કપાસ અને સોયાબીન લઘુત્તમ ટેકાના ભાવથી નીચે વેચવામાં આવી રહ્યા છે. (પીટીઆઈ)■

## ૨૦૦૮ના દંગલના કેસમાં મનસે પ્રમુખ રાજ ઠાકરે થાણે કોર્ટમાં હાજર થયા

થાણેઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરે ૨૦૦૮ના દંગલના કેસ સંદર્ભે ગુરુવારે થાણે જિલ્લાની કોર્ટમાં હાજર થયા હતા અને આરોપો નકાર્યા હતા, એમ તેમના વકીલે જણાવ્યું હતું.

રાજ ઠાકરે ગુરુવારે ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ એ. વી. કુલકર્ણી સમક્ષ હાજર થયા ત્યારે તેમના કાર્યકરો મોટી સંખ્યામાં બહાર એકઠા થયા હતા.

૧૯ ઑક્ટોબર, ૨૦૦૮ના રોજ દંગલ, ઉમેદવારોની મારપીટ અને પોલીસ કર્મચારીઓ પર હુમલાની ઘટના સંદર્ભે કોર્ટે મનસે પ્રમુખ અને તેમના અનેક કાર્યકરો સામે આરોપ ઘડ્યા હતા.

મેજિસ્ટ્રેટ દ્વારા પૂછવામાં આવ્યું કે શું તેમણે આરોપ સ્વીકાર્યા છે, ત્યારે ઠાકરેએ નકારાત્મક જવાબ આપ્યો હતો. કોર્ટે બાદમાં કેસની આગામી સુનાવણી ૧૬ ડિસેમ્બર પર મોકૂફ રાખી હતી, એમ રાજ ઠાકરેના વકીલ રાજેન્દ્ર શિરોડકરે જણાવ્યું હતું.

કોર્ટ જ્યારે પણ નિર્દેશ આપશે ત્યારે રાજ ઠાકરે કોર્ટની કાર્યવાહીમાં હાજરી આપશે, એમ તેમના વકીલે કહ્યું હતું.

રાજ ઠાકરે સુનાવણી માટે કોર્ટમાં પહોંચ્યા ત્યારે કોર્ટ પરિસરમાં ભારે ભીડ અને પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો.

૨૦૦૮માં રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડની પરીક્ષા આપવા બિહાર અને ઉત્તર પ્રદેશથી આવેલા ઉમેદવારોને ટાર્ગેટ કરવાનો મનસે પ્રમુખ અને તેમના કાર્યકરો પર આરોપ છે. રાજ ઠાકરે અને તેમના કાર્યકરો સામે કુલ ૫૪ કેસ દાખલ કરાયા હતા. એ સમયે તેમને એક લાખ રૂપિયાની શ્યોરિટી પર જામીન આપવામાં આવ્યા હતા.

આગોતરા જામીન નકારાયા બાદ બોમ્બે હાઇ કોર્ટના નિર્દેશને પગલે ઠાકરેએ જૂન, ૨૦૦૯માં કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. (પીટીઆઇ)■

# હવે પરવાનગી વગર સલમાન ખાનના ફોટાનો ઉપયોગ નહીં કરી શકાયઃ દિલ્હી હાઈ કોર્ટ



મુંબઈઃ ડિજિટલ યુગમાં લોકો સેલિબ્રિટીઓના ફોટાઓનો,અવાજનો મનફાવે તેમ દુરુપયોગ કરતા હોય છે. હવે અભિનેતા સલમાન ખાને પોતાની ઓળખના અનધિકૃત ઉપયોગ સામે એક મહત્વપૂર્ણ પગલું ભરતા, દિલ્હી હાઈ કોર્ટમાં એક અરજી દાખલ કરી છે જેમાં તેમના વ્યક્તિત્વ અને પ્રચાર અધિકારોના વ્યાપક કાનૂની રક્ષણની માગ કરવામાં આવી છે. આ અરજીની સુનાવણી ગુરુવાર, ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ કરવામાં આવી હતી. આ કેસ દર્શાવે છે કે ઝડપથી બદલાતા ઓનલાઈન વાતાવરણમાં, સેલિબ્રિટીઓ તેમના ફોટાઓ અને ઓળખના દુરુપયોગ સામે લડવા માટે કોર્ટનો આશરો લઈ રહ્યા છે. આ પહેલા અમિતાભ બચ્ચન, ઐશ્વર્યા રાય બચ્ચન અને રજનીકાંત જેવા અગ્રણી ભારતીય સેલિબ્રિટીઓએ પણ પોતાના વ્યક્તિત્વના રક્ષણ માટે કાનૂની પગલાં લીધાં છે.

બોલીવુડ અભિનેતા સલમાન ખાનની પર્સનાલિટી રાઇટ્સના રક્ષણની માગ કરતી અરજી અંગે દિલ્હી હાઈ કોર્ટે સોશિયલ મીડિયા મધ્યસ્થીઓને નિર્દેશ આપ્યો છે કે,તેઓ અભિનેતા સલમાન ખાન દ્વારા પર્સનાલિટી રાઇટ્સના રક્ષણ સંબંધિત દાખલ કરાયેલી અરજીને ફરિયાદ તરીકે ગણે અને નિયમો અનુસાર ત્રણ દિવસની અંદર કાર્યવાહી કરે. સલમાન ખાનના વકીલે કોર્ટને એમ પણ જણાવ્યું હતું કે એપલે એક એવી એપ્લિકેશન ડાઉનલોડ કરવાની મંજૂરી આપી છે જે અભિનેતાના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. સાથે તેમણે અઈ ચેટબોટ્સ અને ઈ-માર્કેટપ્લેસ પ્લેટફોર્મ પર સલમાન ખાનના નામ અને વ્યક્તિત્વનો દુરુપયોગ કરતી સામગ્રીનો પણ ઉલ્લેખ કર્યો. દિલ્હી હાઈ કોર્ટે એમ પણ કહ્યું છે કે તે ટૂંક સમયમાં નોન-સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અંગે સ્ટે ઓર્ડર જારી કરશે. ■

# સ્કાય સાઈન, હોર્ડિંગ્સ અને બિલબોર્ડ અંગેની ફી વસૂલવાની સત્તા પાલિકાને : હાઈ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશનોના ફી વસૂલવાના નિર્ણયને પડકારતી અરજીઓને ફગાવી દેતા કહ્યું છે કે મહાનગરપાલિકાઓ પાસે સ્કાય-સાઇન, હોર્ડિંગ્સ અને બિલબોર્ડ્સ માટે લાઇસન્સ ફી ગ્રાન્ટ / રિન્યૂઅલ માટે નિયમન અને ફી વસૂલવાની સત્તા છે. ન્યાયમૂર્તિ જી એસ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ અદ્વૈત સેઠનાની ખંડપીઠે મંગળવારે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે સ્કાય સાઇન્સ, હોર્ડિંગ્સ અને બિલબોર્ડ્સ આધુનિક શહેરોમાં જોવા મળતા હોવાથી તેમના નિયમન અને નિયંત્રણને મહત્વ આપવામાં આવ્યું છે. આ બાબતે ટૂંકી દૃષ્ટિ નહીં ચાલે.

હાઈ કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશન (પુણે, નાસિક, થાણે અને કોલ્હાપુર) દ્વારા આવા લાઇસન્સ મંજૂર અને રિન્યૂ કરતી વખતે સ્કાય-સાઇન અને હોર્ડિંગ્સ પર લાઇસન્સ ફી વસૂલવાને પડકારતી અરજીઓના સમૂહ પર આ આદેશ આપ્યો હતો.

હાઈ કોર્ટે જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન લાઇસન્સ ફી અને લાઇસન્સ આપવા અથવા નવીકરણ માટે ફી વસૂલવા નિર્ણય લેતું હોય તો એમાં કોઈ ગેરકાયદેસરતા નથી. (પીટીઆઈ)■

## મીરા-ભાયંદરમાં વિકાસ કાર્યોના ડિજિટલ રેકોર્ડઃ નકામા ખર્ચ પર અંકુશ આવશે

ભાયંદરઃ શહેરમાં અને ભવિષ્યમાં ચાલી રહેલા દરેક વિકાસ કાર્યોનો વિગતવાર ડિજિટલ રેકોર્ડ રાખવા માટે મહત્વપૂર્ણ પદ્ધતિ લાગુ કરી મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશને મીરા-ભાયંદર શહેરને 'યુનિક આઈડી નંબર' આપવાનો નિર્ણય કર્યો છે. એવો દાવો કરવામાં આવે છે કે આનાથી માત્ર વિકાસ કાર્યો પર જ નજર રાખવામાં આવશે નહીં, પરંતુ નકામા ખર્ચમાં પણ બચત થશે.

મીરા ભાયંદર મ્યુનિસિપલ કમિશનર રાધા બિનોદ શર્માએ મહાપાલિકાના રોજીંદા કામકાજમાં ભૂલો ન થાય તે માટે મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશન (એમબીએમસી)ની કામગીરીમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. આનાથી અગાઉ કાગળ પર લેખિત સ્વરૂપે થતા કામકાજની પ્રક્રિયાને પર કામ આધુનિક રૂપ મળશે.

મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનની સમગ્ર કામગીરીનું ડિજિટલાઇઝેશન કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની ઈ-ઓફિસ સિસ્ટમ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. આ ઉપરાંત મહાપાલિકાએ વિકાસ કાર્યો માટે પણ 'સ્પેશિયલ આઇડેન્ટિફિકેશન નંબર' આપવાનો નિર્ણય લીધો છે. શહેરમાં થઈ રહેલા દરેક કામનું ડિજિટલ રેકોર્ડિંગ કરવામાં આવશે. જે કામમાં પ્રગતિ થઈ હોય તેને પણ સતત અપડેટ કરવામાં આવશે. આ બટન પર ક્લિક કરીને અધિકારીઓન ડિજિટલ સ્વરૂપમાં કોઈપણ કાર્ય વિશે સરળ અને વિગતવાર માહિતી મેળવી શકશે. મ્યુનિસિપલ કમિશનરએ આ પહેલનું નામ ' ઝ્ખ ગતિ શક્તિ મીરા-ભાઈન્દર' રાખ્યું છે કારણ કે તે સરકારની પીએમ ગતિ શક્તિ પહેલ હેઠળ ભૌગોલિક માહિતી પ્રણાલી પર આધારિત હશે. ■

## મ્હાડાના ફ્લેટ સસ્તામાં અપાવવાના બહાને કરોડો રૂપિયાની ઠગાઇઃ ફરાર આરોપી ચેમ્બુરથી પકડાયો

મુંબઈઃ મ્હાડાના ફ્લેટ સસ્તામાં અપાવવાને બહાને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં ફરાર આરોપીને મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ ચેમ્બુરથી પકડી પાડ્યો હતો. આરોપીની ઓળખ જિતેન્દ્ર સુખલાલ રાઠોડ તરીકે થઇ હોઇ તેની વિરુદ્ધ શિવાજી પાર્ક, દાદર, સમતાનગર, જુહુ, દિંડોશી, વનરાઇ તથા નાલાસોપારાના આચોલે અને વસઇના માણિકપુર પોલીસ સ્ટેશનમાં ગુના દાખલ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

મઝગાંવ વિસ્તારમાં રહેતી સારા જોખીમ ફર્નાન્ડિઝ (૫૦) નામની મહિલાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે બેલા મેલવિન ડિસોઝા (૪૮)એ અન્ય આરોપીઓ સાથે મળીને ફરિયાદી બેલા ફર્નાન્ડિઝ તથા સાક્ષીદારોને સરકારી ક્વોટામાં મ્હાડાના ફ્લેટ સસ્તામાં અપાવવાને બહાને નવેમ્બર, ૨૦૧૨થી ૨૦૧૯ દરમિયાન ૭૦.૦૮ લાખ રૂપિયા લીધા હતા અને તેમને ફ્લેટના બોગસ દસ્તાવેજો પધરાવ્યા હતા. ■

## પાલઘરમાં ૨૧ લાખનો ગુટકા, તંબાકુજન્ય પદાર્થ જપ્ત

પાલઘરઃ પાલઘર જિલ્લામાં પોલીસે ૨૧.૬૨ લાખ રૂપિયાનો ગુટકા અને તંબાકુજન્ય ટેમ્પોમાંથી જપ્ત કરીને તેના ડ્રાઇવરની ધરપકડ કરી હતી. પોલીસ અધિકારીઓએ મળેલી માહિતીને આધારે મુંબઈ-અમદાવાદ હાઇવે પર મનોર વિસ્તારમાં મસ્તાન નાકા ખાતે ૮ ડિસેમ્બરે ટેમ્પોને આંતર્યો હતો.

ટેમ્પોની તલાશી લેવામાં આવતાં ગુટકાના પાઉચ અને બેગ તથા વિવિધ બ્રાન્ડનો તંબાકુજન્ય પદાર્થ મળી આવ્યો હતો, જેની કિંમત ૨૧.૬૨ લાખ રૂપિયા થાય છે.

દરમિયાન ૩૬ વર્ષના ટેમ્પો ડ્રાઇવર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને ફૂડ સેફ્ટ એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ હવે ટેમ્પોના માલિકની શોધ ચલાવી રહી છે. (પીટીઆઇ)■

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# દેશમાં દંડે... વિદેશમાં વંદે

## વિધિની કેવી વક્રતા કે જાફર પનાહી એન્ડ કંપનીને સ્વદેશમાં પીઠ દેખાડવામાં આવે જ્યારે વિદેશમાં પીઠ થાબડવામાં આવે છે.

ઓઈલ અને ગેસ જેવી કુદરતી સંપત્તિને કારણે આજની તારીખમાં ઈરાન સમૃદ્ધ દેશ ગણાય છે એ સાચું, પણ કેલિગ્રાફી કે પછી રૂમી (રુબાઈ અને સૂફી કાવ્યો) અને ફેરદોસી(રુસ્તમ અને સોહરાબ) જેવો ભવ્ય વારસો ધરાવતા ઈરાનમાં આજે સાંસ્કૃતિક બાબતે ઉદાસીનતા દેખાય છે. દેશ સાંસ્કૃતિક રીતે નબળો ન પડે એની તકેદારી ફિલ્મ જગત રાખે છે. કહેવા માટે ઈરાનમાં પ્રથમ સિનેમા થિયેટર વીસમી સદીના પ્રારંભમાં બાંધવામાં આવ્યું હતું અને પહેલી ઈરાની ફિલ્મ ૧૯૩૦માં રજૂ થઈ હતી. હકીકત એ છે કે ૧૯૬૬ - ૭૬ના દાયકામાં ઈરાનની ફિલ્મ ઈન્ડસ્ટ્રી મહોરી ઊઠી. અસગર ફરહાદી (બે ઓસ્કર એવોર્ડ), આબરૂદાર કિરોસ્તામી, માજીદ મજીદ, મોહમ્મદ રસૂલેફ અને જાફર પનાહી જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનારા ફિલ્મમેકરો ત્યાં છે, પણ મોટી તકલીફ એ છે કે લાલઘૂમ આંખો ધરાવતી સેન્સરશિપને કારણે ઈરાનના ફિલ્મમેકરો સામે ઘરઆંગણે પીઠ ફેરવી દેવામાં આવે છે અને એ જ ફિલ્મમેકરોની વિદેશમાં પીઠ થાબડવામાં આવે છે.

સરકારી ખૌફનો શિકાર બનેલા લેટેસ્ટ ફિલ્મમેકર છે ૬૫ વર્ષના જાફર પનાહી. દસેક દિવસ પહેલા ન્યુયોર્કમાં It was Just an Accident ફિલ્મ માટે વિશ્વમાં પ્રતિષ્ઠિત ગણાતો Gotham Awards જાહેર થયો અને આ તરફ ઈરાનની સરકારે પનાહીને તેમની ગેરહાજરીમાં એક વર્ષની જેલની સજા અને દેશની નાલેશી કરતી પ્રવૃત્તિ બદલ મુસાફરી કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. લેખિત સજાપત્રમાં જણાવ્યા અનુસાર પનાહી બે વર્ષ સુધી દેશ છોડી બહાર નહીં જઈ શકે અને કોઈ પણ રાજકીય કે સામાજિક ગ્રુપ સાથે સંકળાઈ પણ નહીં શકે. ફિલ્મમેકરના વકીલના કહેવા અનુસાર સરકારે દેશની નાલેશી કરતી પ્રવૃત્તિ વિશે વિસ્તારપૂર્વક કશું નથી જણાવ્યું. અગાઉ મે મહિનામાં આ જ ફિલ્મ માટે પનાહીને ‘કાન ફિલ્મ ફેસ્ટિવલ’માં પણ એવોર્ડ એનાયત થયો હતો.

ફિલ્મની કથા અનુસાર જેલના ભૂતપૂર્વ કેદીઓ તેમના પર અત્યાચાર કર્યો હોવાની શંકા જેમના પર છે એનો બદલો લેવા માંગે છે. ટૂંકમાં ન્યાય વિરુદ્ધ બદલાની ભાવના કેન્દ્રસ્થાને છે. હુકમશાહી સત્તામાં જનતાના સ્વાતંત્ર્ય પર તરાપ, વેઠવો પડતો માનસિક અત્યાચાર અને રાજકીય જુલમ કથાનાં ગુણસૂત્રો છે.

પોતાના દેશની સરકારે આવી સજા થઈ હોવા છતાં જાફર પનાહી સ્વદેશ પાછા ફરવા ઉત્સુક છે. ‘ગમે તેવા વિપરીત સંજોગોમાં મારો દેશ છોડી અન્ય દેશમાં નિરાશ્રિત રહેવાની મારી કોઈ ઈચ્છા


આ વર્ષે બે પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવનારી ફિલ્મ It was Just an Accident

નથી. માતૃભૂમિથી બહેતર કોઈ જગ્યા જ નથી. હું ઈરાન પાછો ફરીશ, સજા ભોગવીશ, ફિલ્મો બનાવીશ અને યુવાનોને ફિલ્મ બનાવતા શીખવીશ. સરકારે કાયમ અમને ફિલ્મો બનાવતા રોક્યા છે, પણ અમે રસ્તો કાઢી લીધો છે,’ આવું જાફર સાફ શબ્દોમાં જણાવે છે.

આવી દેશદાઝ - દેશપ્રેમને વરેલી વ્યક્તિ દેશદ્રોહી કઈ રીતે હોઈ શકે? પણ ના, સરકાર વિરુદ્ધ હરફ નહીં ઉચ્ચારવાનો અને જો ઉચ્ચાર્યો છે તો તમારી ખેર નથી એ એકવીસમી સદીનું જાણે કે નવું સમીકરણ બની ગયું છે અને ઈરાન તેમાંથી બાકાત નથી.

પનાહી ઉપરાંત My Favourite Cake નામની રોમેન્ટિક ફિલ્મ બનાવનાર બે ઈરાની ડિરેક્ટરોને જુઠ્ઠાણાં ફેલાવવા તેમ જ અશાંતિ ઊભી કરવાના ઈરાદા બદલ ‘સસ્પેન્ડેડ સેન્ટેન્સ’ (નિશ્ચિત સમયમાં વધુ એક ગુનો આચરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં નહીં મુકાયેલી જ્યુડિશ્યલ સજા) આપવામાં આવ્યા છે.

મિસ્ટર પનાહીને અગાઉ બે વાર સજા થઈ છે. સૌ પ્રથમ ૨૦૧૦માં તેમની ધરપકડ કરવામાં આવી હતી. ઈરાનના ફિલ્મમેકરને શું સજા કરવામાં આવી હતી? છ વર્ષની જેલની સજા અને ૨૦ વર્ષ સુધી ફિલ્મ બનાવવા પર પ્રતિબંધ. પણ મિસ્ટર પનાહી હાથ જોડીને બેસી ન રહ્યા. ચૂપચાપ, કોઈને ખબર ન પડે એમ ફિલ્મો બનાવવાનું ચાલુ રાખ્યું, જેમાં બે ડોક્યુમેન્ટરીઝ This is not a Film (૨૦૧૧), Taxi (૨૦૧૫)નો સમાવેશ હતો. ૨૦૧૧ના ‘બર્લિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ’માં પનાહીને જ્યુરીના સભ્ય તરીકે હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. જોકે, સજાને કારણે પનાહી ફેસ્ટિવલમાં હાજરી ન આપી શક્યા. પનાહી માટે આદર અને સજાના વિરોધના પ્રતીક તરીકે સમગ્ર ફેસ્ટિવલ દરમિયાન તેમની ખુરશી ખાલી રાખવામાં આવી હતી...!

૨૦૧૧માં પનાહી હાઉસ એરેસ્ટ હેઠળ હતા - નજરકેદમાં હતા. આ અવસ્થામાં પણ તેમને ફિલ્મ બનાવવાની ઈચ્છા થઈ. એક સીધોસાદો ડિજિટલ વીડિયો કેમેરા અને પોતાના આઈ ફોનની મદદ લઈ પોતાના જ ફ્લેટમાં ફિલ્મ શૂટ કરી. This Is Not a Film ડોક્યુમેન્ટરીમાં પનાહીના જીવનના એક દિવસનું ચિત્રણ હતું, પણ ફિલ્મ દર્શકો સુધી કેમ પહોંચાડવી આઈડિયા વાપરી આખી ફિલ્મ યુએસબી સ્ટિક (ડેટા - માહિતીનો સંગ્રહ કરતું ઉપકરણ)માં સ્ટોર કરી, એ સ્ટિક કેકમાં સંતાડી પહેરો ભરતા ઓફિસર તેમ જ અન્ય સલામતી વ્યવસ્થાની નજર ચૂકવી દેશ બહાર મોકલી દીધી અને ૨૦૧૧ના ‘કાન ફિલ્મ ફેસ્ટિવલ માં એ પ્રદર્શિત કરવામાં આવી હતી.

૧૯૬૦ના દાયકાના ઉત્તરાર્ધમાં આપણા દેશમાં સમાંતર સિનેમા - ન્યુ વેવ સિનેમાનો ઉદય થયો હતો એ જ રીતે ઈરાનમાં પણ ૧૯૬૦ - ૭૦ના દાયકામાં ક્રિયેટિવ સિનેમેટિક મુવમેન્ટ ઊભરી હતી. આ નવી ચળવળમાં જે કેટલાક ઈરાની ફિલ્મ મેકરો (અસગર ફરહાદી, માજીદ મજીદી...)ને વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત થઇ એમાં જાફર પનાહીનું આદરભર્યું સ્થાન છે. મજેદાર વાત એ છે કે તેમની ફિલ્મો દર્શાવવા પર તેમના જ દેશમાં પ્રતિબંધ છે, પણ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં નિયમિત ધોરણે એવોર્ડ મેળવતી રહે છે. તેમની પહેલી જ ફિલ્મ The White Balloon ૧૯૯૫માં ‘કાન ફેસ્ટિવલ’માં એવોર્ડ મેળવવામાં સફળ રહી હતી. અન્ય ઈન્ટરનેશનલ એવોર્ડ મેળવવામાં પણ ફિલ્મ સફળ રહી હતી. આ ફિલ્મ ૬૮મા ઓસ્કર એવોર્ડમાં બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ કેટેગરીમાં The White Balloon ઈરાનની સત્તાવાર એન્ટ્રી હતી. યુએસ સાથેના સંબંધો કથળવાને કારણે ઈરાન સરકારે ઓસ્કર આયોજકોને ફિલ્મ પાછી ખેંચવા આગ્રહ કર્યો હતો. જોકે, એકેડેમીએ ના પાડી. અંતે ફિલ્મ એવોર્ડ માટે પાત્ર ઠરવા નોમિનેટ ન થઈ. વાતે એવો વળાંક લીધો કે ઈરાનની સરકારે યુએસમાં આયોજિત ‘સન ડાન્સ ફિલ્મ ફેસ્ટિવલ’ અથવા આ ફિલ્મનો પ્રચાર કરવા યુએસના રિપોર્ટર સાથે ફોન ઈન્ટરવ્યૂ પર પ્રતિબંધ મૂકી દીધો. દેશની સરકાર સાથે વાંકું પડવાની શરૂઆત પનાહી માટે અહીંથી થઈ હતી. ૩૦ વર્ષ પછી પણ તેમાંથી મુક્તિ નથી મળી.


દિગ્દર્શક જાફર પનાહી

વીસમી સદીના ફ્રેન્ચ ફિલોસોફર, માર્ક્સવાદના પુરસ્કૃતા અને ફ્રાંસ સરકારની નીતિઓનો જાહેરમાં વિરોધ કરતા જ્યાં પોલ સાર્ત્રને જેલમાં પૂરી એમની બોલતી બંધ કરી દેવા ૧૯૬૮માં એમની ધરપકડ કરવામાં આવી હતી ત્યારે તત્કાલીન ફ્રેન્ચ પ્રેસિડેન્ટ ચાર્લ્સ દ ગોલએ ‘વોલ્તેર (૧૭મી સદીમાં ફ્રેન્ચ સરકારની જાહેરમાં આકરી ટીકા કરનાર મહાન લેખક)ની ધરપકડ ન કરાય’ એવું વિધાન કરી સાર્ત્રને મુક્ત રાખવા આદેશ આપ્યો હતો. મતલબ કે પોતાની વિચારસરણીથી જનતાને પ્રભાવિત કરનારી વ્યક્તિના અભિપ્રાય વિવાદાસ્પદ હોય તો પણ આવી પ્રભાવશાળી વ્યક્તિને જેલમાં ન પૂરી દેવાય.

ચાર્લ્સ દ ગોલ વીસમી સદીમાં અને ફ્રાન્સમાં થઈ ગયા. આ એકવીસમી સદી છે અને ઈરાનના શાસકો પાસે આવી વિચારસરણીની અપેક્ષા રાખવી એ વધુ પડતું નથી? ■

---

# સંબંધ મનથી હોવો જોઈએ, મતલબથી નહીં!

સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

અજાણી વ્યક્તિએ સારો અભિનેતા આપ્યો તો શ્રેષ્ઠ અભિનેતા એવા મુરબ્બી જયુકાકા(જયંત વ્યાસ), એવો જવાબ આપી બેઠા કે પૂરા થયેલા કાસ્ટિંગમાં એક નાની ફાંસ જાણે આંગળીમાં પેસી ગઈ. કામ કરવાની સીધી ના પણ નહીં અને કરશે એવી ચોખ્ખી હા પણ નહીં. આવું દુઃખ કોને કહેવું? તાત્પૂરતું તો ગળી ગયો. આ દુઃખ પણ કેટલું હોંશિયાર હોય છે, સહનશીલતાવાળાને શોધી જ કાઢે, મને પણ શોધી લીધો. હું સહનશીલ એક કારણે હતો કે કદાચ જયુકાકા છટકે તો ફી રાખેલી મારી જાતને હું એ રોલમાં ફીટ કરી દઉં જેથી નાટક ન અટકે. મારે એક દિગ્દર્શક તરીકે શોમાં હાજર રહી, ‘જયુકાકા કેટલું ટકશે?’ એ વિચાર મનમાં ઘોળ્યાં કરવાનો... જયુકાકા મને દીકરો જ ગણતાં, પણ એમનો જવાબ ઓરમાયો હતો. મને નાટકમાં એમનું ‘નામ’ મળે એવું કદાચ એમના મનમાં હોઈ શકે. આ એમની મારા પ્રત્યેની લાગણી હોઈ શકે. લાગણી એટલે માણસની અંદર રહેલાં માણસનું સરનામું.

આનંદ મસ્વેકરનાં મૂળ મરાઠી નાટક જોડી જમલી તુજી માજીનું દિનેશ કોઠારીએ કરેલું પરફેક્ટ ગુજરાતીકરણ. સાંજે બધાની જેમ જયુકાકા પણ છ વાગે શાંતિ નિવાસ આવી ગયાં. અમે રીડિંગ શરૂ કર્યું. નિર્માણ નિયામક ધનવંત શાહ, જે મારા નાટક માટે ખંતથી કામ કરતાં. નાટકમાં કદાચ કલેક્શન ઓછું હોય તો પોતે પોતાનું ‘કવર’ ન લેતાં. નિર્માતાની એનાથી કોઈ મોટી રકમ બચે નહિ, પણ સ્વેચ્છાએ પોતાની નિષ્ઠા જરૂર બતાવતાં. એમણે મારાં લગભગ ઘણાં નાટકોમાં આ જવાબદારી નિભાવતા સંબંધ જાળવી રાખ્યો, હયાત હતા ત્યાં સુધી. સંબંધ ભલે ગમે તે હોય, મનથી હોવો જોઈએ, મતલબથી નહીં....અમારો સંબંધ એવાં તાંતણે બંધાયેલો હતો.

રીડિંગ સમયે દિનેશ સાથે આનંદ પણ હતો. બધાએ પાત્રનુંસાર રીડિંગ શરૂ કર્યું. આનંદ મસ્વેકરના મરાઠી શો પૂરા થવામાં હતાં. નિર્માતાનો ખર્ચ બચાવવા એણે પોતાના મરાઠી નાટકનો સેટ રંગરોગાન કરી વાપરવા કહ્યું.માત્ર એક દોસ્તી દાવે આ સૂચન હતું. દોસ્તી એટલે એવો સંબંધ જ્યાં ભગવાન પણ પૂર્ણવિરામ નથી મૂકી શકતાં. અત્યાર સુધી મારાથી સેટનું કામ શરૂ કરનાર પ્રવીણ ભોસલે જ મારાં સેટ બનાવતો. મેં આનંદની સેટ બાબત તુષારભાઈને વાત કરી તો એમણે તરત હામી ભણી દીધી. સ્વાભાવિક છે કે ખર્ચ બચતો હતો. નાટકમાં જેટલો ખર્ચ બચાવો એટલો નફો. નાટક એટલે આખી ‘બ્લાઈંડ’ની રમત, પડદો ખુલ્યા પછી પ્રેક્ષકો કેવો પ્રતિસાદ આપે એના ઉપર વળતરના દાખલા માંડવા પડે. મેં સેટ બાબત આનંદને વાત કરી. બીજે દિવસે એ સેટના ડિઝાઈનર ઉલ્હાસ સુર્વે મળવા આવી ગયા. જૂનાને નવા સેટમાં ફેરવી નાખવા મેં એ સમયે ૧૦,૫૦૦/- ચૂકવેલા. આજે તો સેટ ખૂબ ખર્ચાળ બની ગયા છે.

મને યાદ છે એક પ્રસંગ. મરાઠી નાટક દુર્ગી પરથી ‘બહુરૂપી’ સંસ્થાએ એકાકી મનના ઉઘડ્યાં કમાડ. રિલીઝ સમયે લાલુશાહ હયાત હતાં. એ પછી એમનું નિધન થયેલું. નાટકનાં પચીસમા શો પહેલાં. તરત પચીસમો શો તેજપાલ બપોરનાં હતો. મને હતું કે કદાચ ચંદ્રિકા શાહ (લાલુ શાહના પત્ની) શો રદ




કરશે પણ ‘શો મસ્ટ ગો ઓન’. એમણે શો કર્યો. નાટક કમલાકર સારંગે ડિરેક્ટ કરેલું. સંગીત અજિત મર્ચન્ટે આપ્યું હતું જયારે ઉત્તરા કેળકરે પ્રથમવાર એ નાટકમાં પોતાનો કંઠ આપેલો. કમલાકરનાં પત્ની, લાલન સારંગ એ શો જોવા આવેલાં. એમાં એક સીન હતો. એક વિધવા નોકરાણી દયનીય દશામાં મંદિરની બહાર ભીખ માગી રહ્યાં છે અને હાથમાં રહેલ માળા ફેરવી રહ્યાં છે. પહેલાં અંકની સમાપ્તી બાદ લાલન સારંગ પોતાનાં દિગ્દર્શક પતિ કમલાકર ઉપર ભડકીઃ ‘નાટકમાં ભિખારી જેવી દુર્દશામાં જીવતું પાત્ર હોય તો સ્વાભાવિક એનાં કપડાં ફાટેલાં હોય જયારે અહીં તો ઈસ્ત્રીટાઈટ સાડી પહેરીને ભીખ માગે છે?!’. ત્યારે કમલાકરે આપેલ જવાબ મને આજે પણ યાદ છે. : ‘આ ગુજરાતી પ્રેક્ષકોની જરૂરીયાત છે. પડદો ખુલે ત્યારે એ અંજાય જવા જોઈએ. ઝૂંપડી પણ બતાવવી હોય તો લાખેક રૂપિયાની બનાવવી પડે.’

પ્રેક્ષકોની નાડ કમલાકર પારખી ગયેલા. મારા અનુભવે કદાચ એટલે જ સેટ સાથેનું રાચરચીલું અવ્વલ દરજ્જાનું શરૂ થયું હશે, આમાં અપવાદ હોઈ શકે. અમે ઉલ્હાસનો સેટ ફાઈનલ કરી લીધો.

રિહર્સલમાં જયુકાકા નિયમિત આવતા. એ આવે પછી રાજેશ જોશીની વાત એકાદ વાર તો નીકળે જ.! કદાચ જયુકાકા ન કરે તો હું કરું. એ બાબત મને વધારે ચિંતા રહ્યાં કરતી. હું નાટકની તૈયારી આ વિચાર સાથે પણ દિલથી કરતો રહેતો. બધા સાથી કલાકારો પણ પૂરી નિષ્ઠા સાથે નાટક માટે મહેનત કરતાં, સફળતા મળવાની આશાએ. શૈલેશ દવે સાચું કહેતા કે પડદો ખૂલે ત્યાં સુધી દિગ્દર્શકનું નાટક, પછી કલાકારનું અને નાટક સફળ કે નિષ્ફળ એ ફાઈનલ સિક્કો મારવાનું કામ પ્રેક્ષકો કરે. કદાચ એવું બને કે નાટકને બે હાથે તેડી લે અથવા ધક્કો પણ મારી દે. જે નાટક માટે એ પૈસા ખર્ચીને આવ્યા હોય અને વાત એમને અપીલ ન કરે તો એવું કરવાનો એમને પૂરો હક છે પછી નિર્માતાએ ભલે નાટક પાછળ ખૂબ નાણાં વાપર્યાં હોય.

આજે પણ આ વાત સાચી લાગે. નાટકની સફળતા એ બધા માટે હરખનો ઉત્સવ બને પણ જો... સફળતાનું કોઈ રહસ્ય નથી તે ફક્ત પરિશ્રમ ઈચ્છે. શક્ય બને કે તમારો પરિશ્રમ પ્રેક્ષકો ન પણ સ્વીકારે. ત્યારે એ કથન સાચું લાગે કે પ્રેક્ષકો જ આપણા માઈ-બાપ છે.

અમારું નાટક સેટ થતું ગયું. પહેલો જ સોલ્ડઆઉટ શો પણ મળી ગયો. લેનાર હતા, ચામુંડા જ્વેલર્સ. (આજે બોરીવલીમાં-પ્રબોધન ઠાકરે થીયેટરની સામે એનાં નામે ‘ચામુંડા સર્કલ’ છે.)

હવે સમય આવી ગયો નાટકનું શીર્ષક નક્કી કરવાનો. નાટકમાં ત્રણ જુદા-જુદા સ્વભાવ અને વર્તણૂક ધરાવતાં દંપતીની વાત હતી. એ વખતે ટી.વી. ઉપર ખૂબ દેખાતું એક સોંગ, ‘મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા’...

બસ! એ જ નામ અમે બહુમતીથી નક્કી કર્યું : ‘મળે સૂર જો તારો મારો’ ■

ડબ્બલ રિચાર્જ

ભૂરોઃ (દુકાનદારને) એક કેલેન્ડર આપશો?
દુકાનદારઃ કેવું આપું?
ભૂરોઃ રજા વધારે હોય એવું આપો.

---

કલેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## જેમ્સ બોન્ડ કે તાત્યા ટોપે?




ભારતીય ફિલ્મ ઇતિહાસની ‘મહાભારત’ કહી શકાય એવી ‘શોલે’ આજે તેનાં નવાં પરંતુ મૂળ સ્વરૂપે ફરીથી રિલીઝ થઇ રહી છે. કટોકટીનાં સમયમાં રિલીઝ થવાને કારણે ફિલ્મનાં અમુક સિન્સ અને ડાયલોગ્સમાં જબરી કાપકૂપ થઇ હતી. આ કાપકૂપમાં સચિનને મારી નાખવાનું દ્રશ્ય અને ફિલ્મનાં એન્ડને આખેઆખો બદલી નાખવો પડ્યો હતો.

હાલમાં જ્યારે આ નવાં ‘શોલે’નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું ત્યારે એક ડાયલોગને લઈને મૂળ લેખક સલીમ જાવેદના જાવેદ અખ્તર અચંબામાં પડી ગયા.

હેમા માલિનીને જ્યારે ધર્મેન્દ્ર બંદૂક ચલાવતાં શીખવે છે એ દ્રશ્યમાં અમિતાભ એક ડાયલોગ બોલે છે.

જાવેદનું કહેવું એવું છે કે મૂળ ફિલ્મમાં ‘જેમ્સ બોન્ડ કે પોતે હૈ યે’ એવું કહેવાયું હતું , પરંતુ ટ્રેલરમાં જેમ્સ બોન્ડની જગ્યાએ તાત્યા ટોપે સાંભળીને એમને આઘાત લાગ્યો. તો શું આ નવી ‘શોલે’માં ડાયલોગ્સ સાથે પણ છેડછાડ થઇ છે? પરંતુ, જે લોકો પાસે ‘શોલે’ની લોંગ પ્લે રેકર્ડ હતી કે પછી બાદમાં ડાયલોગ્સની કેસેટ્સ હતી એમાં તાત્યા ટોપે કે પોતે હૈ યે એમ જ હતું.

કદાચ એવું શક્ય છે કે કટોકટીનાં કાળમાં ભારતના સ્વતંત્રતા સેનાનીનું અપમાન ન થાય એટલે સેન્સર બોર્ડે એ ડાયલોગ બદલાવી નાખ્યો હોય એ શક્ય છે. હવે જ્યારે આખી ‘શોલે’ને નવાં રંગરૂપ આપીને રિલીઝ કરવામાં આવી રહી છે ત્યારે કપાયેલા સીન અને મૂળ એન્ડ સાથે એ જ ઓરિજિનલ ડાયલોગ ફરીથી મૂકવામાં આવ્યો હોય એ પણ શક્ય છે.

### ધુરંધરે ‘ધમાલ’ રોકી દીધી


અજય દેવગણ

આજકાલ જે જોવો તે ‘ધુરંધર’ વિષે અને એમાં પણ અક્ષય ખન્નાનાં ડાન્સ વિશે ચર્ચા કરી રહ્યું છે, કારણ કે આ ફિલ્મ જ એટલી જબરદસ્ત છે કે તેણે દેશવાસીઓની જાણે કે નાડ પારખી લીધી છે. સાડા ત્રણ કલાક લાંબી હોવા છતાં દર્શકને શ્વાસ લેવાનો પણ સમય મળતો નથી. વળી, ફિલ્મનાં અંતે આવતે વર્ષે ઈદના દિવસે આ ફિલ્મનો બીજો ભાગ આવશે એવી જાહેરાત પણ ડાયરેક્ટર આદિત્ય ધરે કરી દીધી છે.

હવે, અહીં જરા તકલીફ ઊભી થઇ છે. આ જ દિવસે સંદીપ રેડ્ડી વંગા અને યશની ‘સ્પિરિટ’ રિલીઝ થાય છે. અને આ જ દિવસે અજય દેવગણે પણ ‘ધમાલ-૪’ની જાહેરાત કરી દીધી હતી. હવે ફક્ત પાંચ દિવસમાં ‘ધુરંધર’ જે રીતે લોકોના દિલોદિમાગ પર છવાઈ ગઈ છે એ જોઇને અજય દેવગણે પોતાની ફિલ્મ પાછી ખેંચી લીધી છે, કારણ કે જે જગ્યાએ ‘ધુરંધર’ પૂરી થઇ છે એના પરથી દર્શકો હવે એનાં બીજા ભાગની રાહ જોવા માટે તૈયાર નથી. હવે આવી સ્થિતિમાં ‘ધમાલ -૪’ ધોવાઇ જાય એવી પૂરી શક્યતા છે. એટલે અજય દેવગણે ડાહ્યું કામ કર્યું છે. હવે નજર વંગા ઉપર છે કે શું તે પણ ‘સ્પિરિટ’ની ડેટ આગળ કે પાછળ કરશે? ઔર અભી તો રુકો ભાઈજાન પણ ‘ગલવાન’ લઈને લગભગ ઈદના દિવસે જ આવી રહ્યાં છે તો શું ભાઈજાન પણ એમની રેગ્યુલર ઈદ ‘ધુરંધર’ માટે છોડી દેશે?

આગે આગે દેખીએ હોતા હૈ ક્યા.

### અક્ષયનો ઓક્સિજનવાળો બલોચ ડાન્સ


અક્ષય ખન્ના

‘ધુરંધર’માં અક્ષય ખન્નાનો બલોચ ડાન્સ જબરદસ્ત વાઈરલ થયો છે એ અક્ષય માટે અઘરો હતો.

અક્ષયના સાથી કલાકાર અનુસાર ઓરિજિનલ સ્ક્રિપ્ટમાં અક્ષય ડાન્સ કરે છે એવું ન હતું, પરંતુ ડાયરેક્ટર આદિત્ય ધરને અક્ષયે જ આઈડિયા આપ્યો કે તે બલોચોના લીડરને મળવા માટે એન્ટ્રી કરે એ વખતે પોતે પણ ડાન્સ કરે.

ધર માની ગયા અને પછી અક્ષયે કોરીઓગ્રાફરની મદદ વગર પોતાની રીતે આ ડાન્સ કર્યો, જે આજે સોશ્યલ મીડિયામાં છવાઈ ગયો છે. જોકે દરેક સિક્કાની બે બાજુ હોય છે એમ અક્ષય માટે આ ડાન્સ કરવો સહેલો ન હતો, કારણ કે આ દ્રશ્ય લડાખમાં ફિલ્માવામાં આવ્યું હતું. હવે લડાખમાં ઓક્સિજનનું લેવલ શું હોય છે એ તો આપણને ખબર જ છે!

અક્ષયે ડાન્સનો જ્યારે એક હળવો સ્ટેપ કર્યા પછી તેને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી. આથી અક્ષયને વારંવાર ઓક્સિજન માસ્ક પહેરીને ઓક્સિજન પહેલાં શરીરમાં ઉતારી પછી તે પ્રોપર ડાન્સ કરી શકતો હતો. આમ તો માંડ સવા મિનિટનો આ ડાન્સ છે, પણ એ સવા મિનિટમાં હાંફી ગયેલા અક્ષયે પણ ખૂબ ઓક્સિજન લેવો પડ્યો હતો. ■

**કટ એન્ડ ઓકે...**

*રાજકુમાર હિરાણીએ લખેલી ‘૩ ઈડિયટ્સ ૨’ની સ્ક્રિપ્ટ લોક થઇ ગઈ છે અને આવતાં વર્ષનાં સેકન્ડ હાફમાં આ ફિલ્મનું શૂટિંગ પહેલાં ભાગની મુખ્ય સ્ટારકાસ્ટ સાથે શરૂ થશે.*

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# સદાબહાર સલિલ ચૌધરીઃ ભારતીય સિનેમાના 'શતખંડ' સંગીતકાર

***સંગીત હૃદયોને જોડવાનો સેતુ છે ને સ્વર સાચો હશે તો દિલની આરપાર ઊતરશે જ.***

ooooooooooooooooo

***સામાન્ય કલાકારની એ કરે છે જે તે કરી શકે, પરંતુ પ્રતિભાશાળી તે કરે છે જે કરવું જરૂરી છે!***

ooooooooooooooooo

***કલાકાર ક્યારેય પૂરેપૂરો સંતુષ્ટ થઈ જ શકતો નથી. મને લાગે છે, હું મારી કલ્પનાનાં માત્ર ૩૦% જ વાપરી શક્યો છું.***

ooooooooooooooooo

આવું વિચારનાર લેખક કવિ નાટ્યકાર અને હિંદી બંગાળી મલયાલમ ફિલ્મોના સુપરહિટ સંગીતકાર સલિલ ચૌધરીનું આ જન્મ શતાબ્દી વર્ષ છે. સલિલ ચૌધરીમાં ભિન્ન ભિન્ન ૧૦૦ સલિલદા હતાઃ શતખંડ!

બહુમુખી પ્રતિભા ધરાવતા સલીલ ચૌધરી પશ્ચિમ બંગાળના ગાઝીપુર ગામમાં જન્મેલા. સલિલદાના પિતા જ્ઞાનેન્દ્ર ચૌધરી આસામની ટીએસ્ટેટમાં ડોક્ટર ને સંગીત પ્રેમી હતા. ચાના બગીચાના આદિવાસીઓ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા લેતા સલિલદાને બાળપણથી જ સંગીતનું ઘેલું લાગ્યું.



સલિલદા કલકત્તામાં કોલેજકાળ પછી બંગાળના દુષ્કાળ, ભારતીય સ્વતંત્રતા ચળવળથી પ્રભાવિત થઈને, ડાબેરી વિચારધારા તરફ ઝુકવા લાગ્યા. કોલેજમાં રાજકીય જાગૃતિને કારણે 'ઇન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિએશન' ('ઇપ્ટા')માં જોડાયા. સલિલદા મજાકમાં કહેતા, હું ગીત બનાવતો નથી, ગીત પોતે જ રિહર્સલ કરીને, તૈયાર થઈને મારી સામે આવે છે.'

પણ ના, એમના સંગીત પાછળ વર્ષોની તાલીમ, વાંચન, રાજકીય પ્રતિબદ્ધતા અને 'ઇપ્ટા' જેવી સામ્યવાદી નાટચસંસ્થાના વિચારનો સામાજિક સંઘર્ષ હતો.

૧૯૪૯માં બંગાળી ફિલ્મ 'પરિવર્તન'થી ફિલ્મી સંગીત આપવાનું શરૂ કર્યું. સલિલદાએ બંગાળના દુકાળગ્રસ્ત કિસાન વિશે એક વાર્તા લખીઃ 'રિક્ષાવાલા', જે બિમલ રોયને એટલી ગમી કે એના પરથી 'દો બીઘા જમીન' ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું, પણ સલિલદાએ શરત મૂકી, 'ફિલ્મમાં વાર્તાની સાથે સાથે સંગીત પણ મારું જ હશે!' ને આમ, હિન્દી ફિલ્મોમાં સલિલદાનો પ્રવેશ થયો. એ ફિલ્મને ૧૯૫૪ના 'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. એ ફિલ્મનાં ગીતો 'કુછ તો કહાની છોડ જા મૌસમ બિતા જાયે..', 'હરિયાલા સાવન ઢોલ બજાતા આયા', 'અજબ તોરી દુનિયા હો મેરે રાજા' ને ક્લાસિક ગણવામાં આવે છે.

બોલિવૂડમાં સલિલદાના સંગીતે 'મધુમતી', 'પરખ', 'આનંદ', 'દો બીઘા જમીન', 'છાયા', 'આવાઝ',

'રજની ગંધા', 'છોટી સી બાત', 'મેરે અપને'જેવી અનેક યાદગાર ફિલ્મોને અમર બનાવી.

મધુમતીના આજા રે પરદેશી પહેલીવાર સાંભળીને બિમલ રોય બે ઘડી ચૂપ થઇ ગયા ને પછી કહ્યું, આ ગીત નથી આ તો એક કોઇ ગૂઢ લાગણીનું ગુંજન છે.

સલિલ હસીને બોલ્યા, દાદા, આ તો પહાડો પાસેથી મેં સાંભળેલો સ્વર છે. 'મધુમતી' માટે એમને શ્રેષ્ઠ સંગીતકારનો 'ફિલ્મફેર' એવૉર્ડ મળેલો. એ ફિલ્મનાં બધાં ગીતોઃ 'દિલ તડપ તડપ કે કહે રહા', 'સુહાના સફર ઔર યે મૌસમ', 'ચઢ ગયો પાપી બિછુઆ', 'ઘડી ઘડી મોરા દિલ ધડકે', 'ઝુલ્મી સંગ આંખ લડી રે' આજેય સુપરહિટ છે.



કિશોર કુમાર સાથેના સલીલદાના કિસ્સાઓનો તો ખજાનો છે. કિશોર એમને મજાકમાં કહેતા, તમારી ધૂન દિમાગને હલાવી દે એવી મુશ્કેલ ને ગાવામાં અઘરી હોય છે.

એકવાર ગીતનું રેકોર્ડિંગ થઈ ગયું પછી કિશોરકુમારે પરસેવો લૂછીને કહ્યું, 'સલિલદા, તમે ગીત નથી ગવડાવતા, પણ કસરત કરાવો છો! સલિલદા તરત બોલ્યા, પણ એનાથી તારા અવાજના મસલ્સ તો બને છે ને? અને એ જ સલિલદાએ કિશોરકુમાર પાસેઃ 'કોઇ હોતા જિસકો અપના, હમ અપના કહ લેતેં યારોં...'જેવું ગંભીર ગીત ગવડાવેલુ.

નિર્દેશક હૃષિકેશ મુખર્જી કહેતા, સલિલદાએ ક્યારેય માનવીય સંવેદના વિનાનું, ખાલીખમ ગીત બનાવ્યું નથી. એમનાં ગીતોમાં હંમેશાં માણસની ગરિમા હોય છે.

સલિલદાએ આસામનાં જંગલોમાં બંગાળી લોકસંગીત અને કોલકાતાની ગલીઓમાં પશ્ચિમી સંગીતનાં સ્વરો એમ બંને સાંભળ્યા. પશ્ચિમની સમૃદ્ધ તાલમેળ અને ભારતની માટીનો સુગંધિત લોકસ્વાદ. એ કહેતા- પૂર્વ કે પશ્ચિમ, હું કોઇ એક શું કામ પસંદ કરું? મારું હૃદય તો બંને લય પર ધબકે છે.

સલીલ ચૌધરીના શરૂઆતનાં બંગાળી ગીતો 'બેચરપોટી તોમર બિચાર', 'હે શામલો ધન હો', 'ઓ મોડેરે દેશોબાશી રે', 'કોનો એક ગીયર બોધુ', 'ધવાક', 'ધેઉ ઉઠાવે કારા ટુચે', 'અબક પૃથ્વી' જેવાં ગીતો ક્રાંતિકારી અને રાજકીય પ્રભાવ ધરાવતા હતા. સલિલદાએ આવાં ગીતોને 'અંતરાત્માનાં ગીતો' કહ્યા છે. સલિલ ચૌધરીએ ૧૯૫૮માં બોમ્બે યુથ કોરસ ગાયકવૃંદની સ્થાપના કરી, જે ભારતનું પ્રથમ ધર્મનિરપેક્ષ ગાયકવૃંદ હતું. પછી આખા ભારતમાં આવા ગાયકવૃંદ બનાવવાની પ્રેરણા મળી.

૧૯૭૧માં, હિન્દીની સૌથી યાદગાર ફિલ્મોમાંની એક હૃષિકેશ મુખર્જી દ્વારા નિર્દેશિત ને રાજેશ ખન્ના અભિનીત 'આનંદ'માં સલિલદાએ સંગીત આપેલું. 'કહીં દૂર જબ દિન ઢલ જાયે..', 'મૈંને તેરે લિયે હી સાત રંગ કે સપને..', 'ઝિંદગી કૈસી હૈ પહેલી..' જેવા અમર હૃદયસ્પર્શી ગીતો વડે કેન્સર જેવા ગંભીર વિષયને ન્યાય આપ્યો.

વળી સલિલદાએ એવૉર્ડ વિનર મલયાલમ ફિલ્મ 'ચેમ્મીન' માટે નિર્દેશક રામુ કારિયતને કહેલું,

તમારો તો દરિયો જ પોતાનો એક સૂર લઈને આવે છે. મારે એની પાસે લય શીખવો પડે.

માછીમારોનાં ગીતોમાંથી 'મનસા મૈને વરુ' જેવાં ગીતો રચ્યાં. એક મલયાલમ વિવેચકે લખ્યું,

સલિલ માત્ર કેરળ આવ્યા નહોતા, તે તો કેરળની ધડકન બની ગયેલા.

કમાલ એ છે કે સલિલદાને મલયાલમ ભાષા નહોતી આવડતી તોયે ૪૧ ફિલ્મોમાં સંગીત આપ્યું! વળી કેટલા ગુજરાતીને ખબર છે કે સલિલદાએ હની છાયા નિર્દેશિત ગુજરાતી ફિલ્મ 'ઘર સંસાર' માટે પણ મ્યુઝિક આપેલું, જેનાં ગીતો કવિ વેણીભાઇ પુરોહિતે લખેલા.

લતાજી કહેતાં કે સલિલદાની રચનાઓ ગાવી ચેલેન્જિંગ, પણ એમની ધૂનમાં જાદુ રહેતો. લતાજીએ ૭૫થી વધુ હિન્દી ફિલ્મોમાં સલિલદા સાથે કામ કર્યું, જેમ કે 'પરખ'માંનું 'ઓ સજના બરખા બહાર આઈ' જેવું રોમેન્ટિક ગીત, સદાબહાર છે. 'કાબુલીવાલા'નું 'એ મેરે પ્યારે વતન' જેવું દેશભક્તિનું ગીત, આજેય વતનથી દૂર માણસને રડાવી મૂકે છે. 'છાયા' ફિલ્મમાં 'ઇતના ના મુઝસે તુ પ્યાર બઢા' તેમણે મોઝાર્ટની સિમ્ફોનીને ભારતીય રાગ સાથે મેળવીને બનાવ્યું અને એટલે જ ઘણાં એમને 'ભારતની માટીનો મોઝાર્ટ' કહેતા!

સલિલદા ૧૦૦ સાજિંદાઓની ઓર્કેસ્ટ્રા વાપરતા ને ચર્ચની પ્રાર્થનાના કોરસ જેવી ટેક્નિકથી ગીતોમાં ઊંડાણ લાવતા, જેમ કેઃ 'રજનીગંધા'નું 'ના જાને ક્યું હોતા હૈ યૂં ઝિંદગી કે સાથ'. વળી 'મધુમતી'માં 'ઝુલ્મી સંગ આંખ લડી' ગીતમાં જાઝ, કવ્વાલી અને બોસાનોવા જેવા આદિવાસી જાતિઓ સાથે પ્રયોગ કરેલો.

વળી જે ફિલ્મોમાં એકપણ ગીતો ના હોય એવી બી.આર.ચોપરાની 'કાનૂન' અને યશ ચોપરાની 'ઇત્તફાક' જેવી ફિલ્મોમાં કમાલનું બેકગ્રાઉંડ મ્યુઝિક આપેલું. આજે એમનો દીકરો સંજય ચૌધરી ખૂબ સફળ બેકગ્રાઉંડ મ્યુઝિક ડાયરેક્ટર છે.

સલિલ ચૌધરીનું ૫ સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ અવસાન થયું, પરંતુ તેમનો વારસો જાળવવા ૨૦૦૨માં પત્ની સબિતા અને પુત્રી અંતરા ચૌધરીએ સલિલ ચૌધરી ફાઉન્ડેશન ઓફ મ્યુઝિક, સોશ્યલ હેલ્પ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના કરી.

આખરે સલિલદાનું પોતાનું વાક્ય જ તેમની શ્રદ્ધાંજલિ બની રહે છેઃ

'મારું ગીત જો એક દુઃખી આત્માને હિંમત આપે તો મારું કાર્ય પૂર્ણ ગણાશે'! ■

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# અક્ષય ખન્ના

## નેગેટિવ પાત્રમાં નીખરતો અનોખો અદાકાર

બોલિવૂડમાં એક સમયે અમિતાભ બચ્ચન પછી બીજા નંબરે અથવા તો લગભગ સમાંતર ક્રમ પર વિનોદ ખન્નાનું નામ લેવાતું હતું. વિનોદ ખન્નાએ કારકિર્દીની શરૂઆતમાં અનેક ફિલ્મોમાં વિલનની ભૂમિકા કરી હતી, પણ થોડા સમય પછી તેણે હીરોની ભૂમિકા કરવા માંડી અને તેમાં તેને ખૂબ જ સફળતા મળી હતી. વિનોદ ખન્નાની કારકિર્દીમાં થોડો બ્રેક રજનીશને કારણે આવ્યો હતો. પણ પછી તેની ગાડી ખૂબ જ ભાગી હતી.

એ જ રીતે કહેવા કરતાં તેનાં કરતાં સાવ ઊંધુ તેના નાના પુત્ર અક્ષય ખન્ના સાથે થયું છે. કારકિર્દીની શરૂઆતમાં કેટલીક સફળ ફિલ્મોમાં હીરો તરીકે ભૂમિકા કર્યા પછી તેણે વચમાં ચાર વર્ષનો બ્રેક લીધો અને અભિનયમાં પાછો ફર્યા બાદ તે એન્ટી હીરો કે વિલનની ભૂમિકામાં છવાઈ ગયો છે. 'છાવા' ફિલ્મમાં ઔરંગઝેબની ભૂમિકામાં તેનું કામ ખૂબ જ વખણાયું હતું અને હાલમાં જ રિલીઝ થયેલી મલ્ટિસ્ટારર ફિલ્મ 'ધુરંધર'માં મહેમાન ડકેતની ભૂમિકામાં તે પૂર્ણપણે નીખરી ઊઠયો છે.



'ધૂરધર'માં હીરો રણવીરને ય આંટી દેતો વિલન અક્ષય ખન્નાનો અફલાતૂન ડાન્સ!




હાલમાં ૫૦ વર્ષના થયેલા અક્ષયનો જન્મ ૨૮ માર્ચ ૧૯૭૫ના મુંબઈમાં થયો.૧૯૯૭માં આવેલી 'હિમાલય પુત્ર'થી કારકિર્દીની શરૂઆત કરનારા અક્ષય ખન્નાને પહેલી ફિલ્મમાં નિષ્ફળતાનો સામનો કરવો પડયો હતો, પણ બીજી જ ફિલ્મ 'મલ્ટિસ્ટારર' હોવા છતાં 'બોર્ડર'માં તેનું કામ ખૂબ જ વખણાયું...'બોર્ડર'માં સની દેઓલ, સુનીલ શેટ્ટી, જેકી શ્રોફ, સુદેશ બેરી, પુનીત ઈસ્સાર, કુલભૂષણ ખરબંદાની સાથે લબરમૂછિયા લશ્કરી જવાન તરીકે તે રીતે રીતસરનો છવાઈ ગયો. આ ફિલ્મની ભૂમિકા માટે તેને 'ફિલ્મ ફેર'નો અવૉર્ડ પણ મળ્યો હતો. ત્યાર પછી તેણે ઘણી સફળ ફિલ્મોમાં અભિનય કર્યો છે, તેમાં તાલ, દિલ ચાહતા હૈ, હંગામા, હલચલ, ૩૬ ચાઈના ટાઉન, હમરાઝ, દિવાનગી, રેસ અને ગાંધી માય ફાધર જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.

૨૦૧૨થી ૨૦૧૬ સુધી રૂપેરી પડદાથી દૂર રહ્યા બાદ ઢિસૂમ, ઈત્તેફાક, મોમ, ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર, એકશન ૩૭૫, ટેમ્પલ એટેક, હંગામા-ટુ, લવ યુ હંમેશા, દૃશ્યમ-ટુ જેવી કેટલીક બહુ નહીં ચાલેલી ફિલ્મોમાં તે સહાયક ભૂમિકામાં દેખાયો.

એ પછી આવ્યો એની કારકિર્દીનો ટર્નિંગ પોઈન્ટ...૨૦૨૫ની શરૂઆતમાં જ આવેલી વિકી કૌશલ-રશ્મિકા મંદાનાની ફિલ્મ 'છાવા'માં નેગેટિવ ઔરંગઝેબની ભૂમિકા સ્વીકારી તેણે બધાને ચોંકાવી દીધા હતા. આ પાત્રમાં તે રીતસરનો છવાઈ ગયો હતો અને એક સશક્ત કલાકાર તરીકે તેની ફરીથી ગણના થવા લાગી છે.

હાલમાં જ આવેલી મલ્ટિસ્ટારર ફિલ્મ 'ધુરંધર'માં રણવીર સિંહ, અર્જુન રામપાલ, આર. માધવન, સંજય દત્તની હાજરીમાં અક્ષયને રહમત ડકૈતની ભૂમિકામાં ખૌફ ઊભો કરવામાં સફળતા મળી છે. અક્ષય ખન્ના એક સશક્ત અભિનેતા છે, તે તેણે એકવાર નહીં પણ અનેકવાર સાબિત કરી આપ્યું છે. હીરો તરીકે તેણે અનેક સફળ ફિલ્મો આપી છે, પણ હવે તે નકારાત્મક પાત્ર વધુ પસંદ કરે છે અને તેમાં દમદાર અભિનય દ્વારા તે પોતાની હાજરી પુરાવે છે.

એક ચોકલેટી હીરોનું ખૂંખાર ખલનાયક તરીકેનું પરિવર્તન એ દર્શાવે છે કે તે કેટલો સક્ષમ અભિનેતા છે.

'ધુરંધર' ફિલ્મ પહેલાંથી જ બે ભાગમાં બનાવવામાં આવી છે. બીજો ભાગ આવતા વર્ષે એટલે કે ૨૦૨૬માં રજૂ થશે ત્યારે બીજા ભાગમાં અક્ષય હશે કે નહીં એ અત્યારે કહેવું વહેલું ગણાશે, પણ ૨૦૨૬માં યોજાનારા દરેક અવૉર્ડ ફંકશનમાં અક્ષય ખન્ના છવાઈ જશે એ પાક્કું છે. ■

## ૧૩ થી ૧૯ ડિસેમ્બર શું જોશો?

**OTTનું હોટસ્પોટ**

ઓટીટીમાં સૌથી વધુ લોકપ્રિય ચેનલ 'નેટફ્લિક્સ' પર અત્યારે યશરાજ ફિલ્મ્સનો ફેસ્ટિવલ ચાલી રહ્યો છે. તેમાં ૧૩ થી ૧૯ ડિસેમ્બર સુધી યશરાજની ટિકિટબારી પર બહુ ન ચાલેલી ફિલ્મો રજૂ થવાની છે. તેમાં ૧૩ ડિસેમ્બરે બેવકૂફિયા, મેરે ડેડ કી મારુતિ, ૧૪મીએ બેન્ક ચોર, ડિટેક્ટિવ બ્યોમકેશ બક્ષી, ૧૫મીએ કાબુલ એક્સપ્રેસ, ટશન, ૧૬મીએ ઝૂમ બરાબર ઝૂમ, સુઈ ધાગાઃ મેડ ઈન ઈન્ડિયા, ૧૭મીએ દાવતે ઈશ્ક, મેરે બ્રધર કી દુલ્હન, ૧૮મીએ તિતલી અને કૈદી બેન્ડ અને ૧૯મીએ ઔરંગઝેબ તેમ જ ઠગ્સ ઑફ હિન્દુસ્તાન રજૂ થશે.

'નેટફ્લિક્સ' પર જ ૧૬ ડિસેમ્બરે હર્ષવર્ધન રાણે અને સોનમ બાજવાની 'એક દિવાને કી દિવાનિયત' અને ૧૯ ડિસેમ્બરે નવાઝુદ્દીન સિદ્દીકી અભિનીત 'રાત અકેલી હૈ - બંસલ મર્ડર્સ', રજૂ થશે.

* 'એમેઝોન પ્રાઈમ વીડિયો':

અહીં ૧૬ ડિસેમ્બરે આયુષ્યમાન ખુરાન, રશ્મિકા મંદાના અને પરેશ રાવળ અભિનીત સફળ ફિલ્મ 'થામા' રજૂ થશે તો ૧૯ ડિસેમ્બરે સયાની ગુપ્તા, કીર્તિ દુલ્હારી, બાની જે અને માનવી ગાગરુ અભિનીત 'ફોર મોર શોટ્સ પ્લીઝ'ની ચોથી સિઝન શરૂ થશે.

* જિયો હોટસ્ટારઃ

માધુરી દીક્ષિત અભિનીત સાયકોલોજીકલ થ્રીલર ફિલ્મ 'મિસિસ દેશપાંડે' ૧૯ ડિસેમ્બરે રજૂ થશે.

* ઝી ફાઈવઃ

અહીં આજે એટલે કે ૧૨ ડિસેમ્બરે રાધિકા આપ્ટે અભિનીત ફિલ્મ 'સાલી મહોબ્બત' રજૂ થશે. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

**આ ફિલ્મનું એવું ગીત જાણો છો, જેમાં એક સંબંધ આવતો હોય?**

૧) ખૂબસૂરત (જૂનું)
૨) હમ આપકે હૈ કૌન
૩) અલબેલા (જૂનું)
૪) તપસ્યા
૫) બીવી હો તો ઐસી
૬) અનોખી રાત
૭) દુલ્હે રાજા




### ક્વિઝ (બ)

**એક જ શબ્દ બે વાર આવે એવી આ કલાકાર જોડીની ફિલ્મનું નામ શું છે ?**

૧) રાજેશ ખન્ના - ટીના મુનીમ
૨) ધર્મેન્દ્ર - શર્મિલા ટાગોર
૩) કુણાલ કપૂર - પદ્મિની કોલ્હાપુરે
૪) મિથુન ચક્રવર્તી - મંદાકિની
૫) જીતેન્દ્ર - રેખા
૬) સન્ની દેઓલ - ડીમ્પલ કાપડિયા
૭) શાહરુખ ખાન - રાની મુખરજી

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# દેશી ગીત... વિદેશી ભાષા

## હિન્દી ચલચિત્રોનાં ગીતોમાં ઈંગ્લિશનું આગમન ૯૦ વર્ષ પહેલા થયું હતું અને પછી અન્ય વિદેશી ભાષા પ્રવેશી ગઈ હતી.


'દુનિયા ના માને'માં શાંતા આપટે

રણવીર સિંહ - આદિત્ય ધરની 'ધૂરંધર'નો પહેલા ચાર દિવસનો સ્વદેશનો વકરો ૧૪૦ કરોડ નજીક પહોંચી ગયો છે. ફિલ્મના જે રસાયણએ દર્શકોને રાજી કર્યા છે એમાં એના ગીત - સંગીત સુધ્ધાં છે. મોડર્ન જનરેશનને ધ્યાનમાં રાખી બનાવેલી આ ફિલ્મનાં હિન્દી ગીતોમાં ઈંગ્લિશની પ્રભાવી હાજરી (Run Down the City - Monica and Easy Easy) જોવા મળે છે.

આવી હાજરી ૯૦ વર્ષ પહેલાં પ્રથમ વાર જોવા મળી હતી. ગીત - સંગીત હિન્દી ફિલ્મોનું અવિભાજ્ય અંગ ગણાય છે. વાત પણ સાચી છે. સોન્ગલેસ - ગીત વિનાના ચિત્રપટની યાદી બનાવશો તો સંખ્યા માંડ ૩૫ની આસપાસ હોવાની માહિતી ઉપલબ્ધ છે. અલબત્ત, એમાંની પચીસ તો એકવીસમી સદીની (ઈ. સ. ૨૦૦૦ પછીની) ફિલ્મો છે મતલબ કે હિન્દી ફિલ્મ સંગીતના ડંકા દસે દિશામાં વાગતા હતા ત્યારે ગીત રહિત ફિલ્મોની સંખ્યા માંડ દસેક હતી. 'કાનૂન', 'અચાનક', 'જાને ભી દો યારો'... તરત યાદ આવે એવાં નામ. હિન્દી ગીતોની ભાષા પ્રમુખપણે હિન્દી અને ઉર્દૂ રહી છે. હા, ક્યારેક બ્રજ, અવધિ કે ભોજપુરી (જેમ કે નૈન લડ જઈ હૈ તો મનવામાં કસક હોઈબે કરી)નીઝલક પણ જોવા મળી. અંગ્રેજીનું આગમન Bye Bye, Sorry, My Love, Happy Birthday જેવા શબ્દો પૂરતું સીમિત હતું. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે રિલીઝ થયેલી ફિલ્મ 'શહનાઈ'માં પી. એલ. સંતોષીએ લખેલા 'આના મેરી જાન, મેરી જાન સન્ડે કે સન્ડે'માં કેટલાક અંગ્રેજી શબ્દોની હાજરી હતી. ૧૯૭૫માં રિલીઝ થયેલી 'જુલી' ફિલ્મનું My Heart is beating, Keeps on repeating ગીત હિન્દી ફિલ્મનું પૂર્ણપણે પ્રથમ અંગ્રેજી ગીત છે એવું અનેક લોકો માને છે. જોકે, હકીકત જુદી છે.

હિન્દી ફિલ્મમાં પહેલું અંગ્રેજી ગીત ૫૦ વર્ષ પહેલા નહીં, પણ ૯૨ વર્ષ પહેલા ૧૯૩૩માં આવ્યું હતું એમ જો તમને કહેવામાં આવે તો ચોંકી તો જવાય જ ને? અને એના ચાર જ વર્ષ પછી બીજા પૂર્ણપણે ઈંગ્લિશ સોંગની પધરામણી થઈ હતી.

હિમાંશુ રાય અને દેવિકા રાણી... હિન્દી બોલપટ ઈન્ડસ્ટ્રીનું પહેલું ગાજેલું દંપતી. હિમાંશુ રાયએ ફિલ્મ નિર્માતા ઉપરાંત લેખક - દિગ્દર્શક - અભિનેતા તરીકે જૂજ જવાબદારી પણ નિભાવી છે. દેવિકા રાણીનું યોગદાન અભિનય પૂરતું સીમિત હતું. જાણવાની વાતએ છે કે રૂપેરી પડદે સાથે અભિનય કરતા પતિ - પત્ની એક જ ફિલ્મમાં જોવા મળ્યા હતા. અંગ્રેજી અને હિન્દી એમ બે ભાષામાં રજૂ થયેલી ફિલ્મનું અંગ્રેજી ટાઈટલ હતું Karma અને હિન્દી ફિલ્મનું નામ હતું 'નાગન કી રાગિની.' આ ફિલ્મમાં ચાર ગીત હતાં જેમાં ત્રણ હિન્દી અને એક અંગ્રેજી ગીત હતું. અંગ્રેજી ગીતના ગીતકાર તરીકે J.L. Freer Hunt, Roy Douglas એમ બે નામ છે. ગીતના શબ્દો ઉપલબ્ધ નથી, પણ પહેલી પંક્તિનો ઉલ્લેખ છેઃ Now The Moon Her Light Has Shed. ગીત ખુદ દેવિકા રાણીએ ગાયું છે.

ટેકનિકલી દેવિકા રાણીનું ગીત હિન્દી ફિલ્મનું પહેલું અંગ્રેજી ગીત ભલે કહેવાય, પણ વી. શાંતારામની 'દુનિયા ના માને' (૧૯૩૭)નું ગીત Psalm of Life પહેલું વ્યવસ્થિત અંગ્રેજી ગીત તરીકે વધુ યોગ્ય લાગે છે. અમેરિકન કવિ અને શિક્ષણશાસ્ત્રી Henry Longfellow લિખિત કવિતાની પસંદગીમાં શાંતારામની સૂઝબૂઝ દેખાય છે. મરાઠી ભાષાના તંત્રી અને નવલકથાકાર નારાયણ હરિ આપટેએ લખેલી **ન પટણારી ગોષ્ટ** નવલકથા પરથી બનેલી આ ફિલ્મમાં બાળ વિવાહનું દૂષણ કેન્દ્રસ્થાને હતું. શાંતારામે ફિલ્મમાં બાળ વિવાહને કારણે નિર્મલાને ભોગવવી પડતી સમસ્યા - યાતના અને એની સામે નિર્મલા કેવી લડત આપે છે એ દર્શાવ્યું છે. કથાના આ હાર્દનું પ્રતિબિંબિ લોન્ગફેલોની કવિતામાં નજરે પડતું હોવાથી એની પસંદગી કરવામાં આવી હશે એવું લાગે છે. કવિતાની પ્રથમ ચાર પંક્તિ આ અનુમાનને સમર્થન આપનારી છેઃ In the world's broad field of battle,In the bivouac of Life, Be not like dumb, driven cattle! Be a hero in the strife! પાંચ કડીની આ કવિતામાં અન્યાય સામે લડી લેવાની ભાવના જ સતત પ્રગટ થાય છે. સંગીતકાર હતા કેશવરાવ ભોલે અને ગાયિકા હતાં શાંતા આપટે અને ગીત એમની પર જ ફિલ્માવાયું હતું.

૧૯૬૦ના દાયકામાં રાજ કપૂરની 'સંગમ' ફિલ્મમાં વિવિયન લોબો નામના હોટેલ ગાયક પાસે એક ગીત ગવડાવ્યું છે, જેમાં ઈંગ્લિશ ઉપરાંત જર્મન, રશિયન ભાષાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ગીતનું ફિલ્માંકન બેકગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું છે જ્યારે રાજ કપૂર અને વૈજયંતિમાલા યુરોપ ફરવા નીકળ્યા હોય છે. જોકે, ફિલ્મ રિલીઝ થઈ ત્યારે 'યે મેરા પ્રેમપત્ર પઢકર' અને 'દોસ્ત દોસ્ત ના રહા, પ્યાર પ્યાર ના રહા'ને મળેલી અફાટ લોકપ્રિયતામાં આ બહુભાષી ગીત ખોવાઈ ગયું હતું.

૧૯૭૫ના 'જુલી'ના My Heart is beating, keeps on repeating, I am waiting for you ગીતને મળેલી અફાટ લોકપ્રિયતા જાણીતી છે. હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય લિખિત આ ગીતને પ્રીતિ સાગરે ગાયું હતું. સંગીતકાર હતા રાજેશ રોશન. જોકે, અંગ્રેજીનું રતીભાર જ્ઞાન ન ધરાવતા લોકોમાં ગીતમાં અંગ્રેજી શબ્દની હાજરીને કારણે કેવી ગેરસમજ - ગોટાળો થાય છે એ દેવ આનંદની ફિલ્મ 'ડાર્લિંગ ડાર્લિંગ' (૧૯૭૭)માં આબાદ ઉપસ્યું છે. વિદેશી વાતવરણમાં પલોટાયેલો શહેરી બાબુ - અર્બન જેન્ટલમેન ગાંવ કી છોરીને મોડર્ન બનાવવાની કોશિશમાં એની સામે 'હેલો ડાર્લિંગ, હેલો ડાર્લિંગ, હેલો ડાર્લિંગ બોલો હેલો ડાર્લિંગ' ગાય છે. અંગ્રેજી કઈ બલાનું નામ છે એ ન જાણતી દેશી છોકરી 'ડાર્લિંગ' શબ્દ જ ન જાણતી હોવાથી 'દાર્જિલિંગ' સમજી બેસે છે અને સામે લલકારે છે કે 'કિસી નયે શહર કા નામ લે બાબુ દેખા હૈ મૈને દાર્જિલિંગ' અને એ ગોટાળો હાસ્ય વેરે છે.

અંગ્રેજી સિવાય વિદેશી ભાષાનો ઉપયોગ થયો હોય એમાં સૌથી પ્રખ્યાત ઉદાહરણ છે શક્તિ સામંતની 'ધ ગ્રેટ ગેમ્બલર' ફિલ્મનું. ઈટલીના પ્રખ્યાત શહેર વેનિસની ગોન્ડોલા બોટમાં અમિતાભ બચ્ચન અને ઝીનત અમાન પર ફિલ્માવાયેલા આ ગીતમાં શરૂઆતમાં જ ઈટાલિયન પંક્તિ આવે છેઃ Laa, laa, laa Amore mio, dove sei tu? Ti sto cercando, tesoro mio! (લા લા લા... ઓ મારી પ્રિયતમા, તું છે ક્યાં? મારા દિલના ખજાના, તને હું શોધી રહ્યો છું). બોટ ચલાવનાર આ પંક્તિ ગણગણે છે ત્યારે એ ગીતમાં રચાયેલું વાતાવરણ, અમિતાભ - ઝીનતની આંખોમાં છલકાતો પ્રેમ અને એક અક્ષર પણ ન સમજાતો હોવા છતાં જે સ્ટાઈલમાં ઈટાલિયન પંક્તિ રજૂ થાય છે ત્યારે થિયેટરમાં બેઠેલો દરેક પુરુષ અમિતાભ બની પોતાની બાજુમાં ઝીનતને અને દરેક સ્ત્રી ઝીનત બની પોતાની બાજુમાં અમિતાભને ઝંખવા લાગે છે અને કેટલીક મિનિટનું એ સપનું ધરતી પર સ્વર્ગનો એહસાસ કરાવે છે. ■

---

ફિલ્મનામા

નરેશ શાહ

# ગીતકાર સમીર-હિમેશ રેશમિયાઃ કહો કે, રબને બના દી જોડી?!

## પ્રથમ બન્ને ફિલ્મ સમીરજીને કરવી નહોતી, કારણ કે તેનું સંગીત હિમેશ રેશમિયા આપતા હતા!


સમીર


હિમેશ રેશમિયા

ઑગસ્ટ, ૨૦૨૫માં એનાઉન્સ થતાંની સાથે જ સલમાન ખાનની આવનારી ફિલ્મ 'બેટલ ઓફ ગલવાન' સતત ચર્ચામાં છે. લેટેસ્ટ ચર્ચાનો વંટોળ એ ઉઠ્યો છે કે 'જીઓ સિનેમા' સાથે 'બેટલ ઓફ ગલવાન'ની તોતિંગ અમાઉન્ટ (આશરે સવા ત્રણસો કરોડનો આંકડો હવામાં તરે છે)માં ડિલ થઈ ગઈ છે. સલમાન ખાનના સ્ટારડમનો જ આ કમાલ છે કે 'બેટલ ઓફ ગલવાન' સતત લાઈમ લાઈટમાં રહી છે. ઓફિશ્યિલી તો આ ફિલ્મના બે જ પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યા છે, પણ સોશ્યલ મીડિયામાં તેના અનેક પોસ્ટરો ફેન્સ ક્લબોએ વહેતાં કરી દીધા છે એટલે ઈદ પહેલાં આ ફિલ્મના વિગતવાર પોસ્ટર કે ટિઝર આવશે ત્યારે પ્રેક્ષકો અને સલમાન ખાનના ચાહકોને ખબર પડશે કે 'બેટલ ઓફ ગલવાન'ના સંગીતકાર આપણા ગુજરાતી હિમેશ રેશમિયા અને ગીતકાર સમીર (અન્જાન) છે.

આ વખતનો આપણો વિષય પણ સલમાન ખાન કે બેટલ ઓફ ગલવાન ફિલ્મ નહીં, પણ હિમેશ રેશમિયા અને સમીરજી છે. આ બન્ને નામને 'સફળતાનું કોમ્બિનેશન' માનવામાં આવે છે. એક સમય તો એવો હતો કે ગીતકાર-સંગીતકારની આ જોડીએ એક જ વરસમાં બે ડઝનથી વધુ બ્લોક બસ્ટર ગીતો આપ્યાં હતાં. ૨૦૦૬માં હિમેશ રેશમિયાનું સૌથી વધુ હિટ થયેલું મ્યુઝિક આલ્બમ 'તેરા સુરૂર' આવેલું અને આ આલ્બમના દશેદશ ગીતો સુપરહિટ થયાં હતાં. એ ગીતો સમીરજીએ લખેલાં. હિમેશ રેશમિયા અને સમીરજી અત્યાર સુધીમાં પિસ્તાલીસથી વધુ હિન્દી ફિલ્મોના (ત્રણસો જેટલાં) ગીત-સંગીત આપી ચૂક્યા છે અને એ જ શ્રેણીમાં સલમાન ખાનની 'બેટલ ઓફ ગલવાન' ફિલ્મનો સમાવેશ થઈ જાય છે.

આમ તો સલમાન-હિમેશની જુગલબંધીએ કરેલી કમાલ પર સ્વતંત્ર લેખ લખી શકાય તેમ છે, પણ HR (હિમેશ રેશમિયા) અને SA(સમીર અન્જાન)ની જુગલબંધીએ સક્સેસના અનેક સીમાચિહ્નો સર્જ્યાં છે, પરંતુ...

'હું જ્યારે 'ચલો ઈશ્ક લડાએં' (૨૦૦૨)ના ગીતો લખી રહ્યો હતો ત્યારે મને એમ જ લાગતું હતું કે હિમેશ એવી વ્યક્તિ નથી, જેની સાથે હું કામ કરી શકું!' આ શબ્દો ડેરેક બોઝે સમીરજી પર લખેલાં પુસ્તકમાં સમીરજીએ કહ્યા છે. ૨૦૦૨ પહેલાં સમીરજી અને હિમેશ રેશમિયા (ત્યારે સુધાકર શર્મા ગીતો લખતા એચઆર માટે) એ સાથે કામ કર્યું નહોતું. 'ચલો ઈશ્ક લડાએં' બનાવનારા અજીજ સેજવાલે પ્રેમભરી હઠ લઈને હિમેશના સંગીત માટે સમીરજી પાસે ગીતો લખાવ્યાં. આપણે માની લઈએ કે સમીરજીએ શરમેભરમે 'ચલો ઈશ્ક લડાએં'ના ગીતો લખ્યાં હશે પણ નિયતિ ગીત-સંગીતના આ જાદુગરોને એકઠાં કરવાનો મનસૂબો બનાવી ચૂકી હતી.

- અને એ 'તેરે નામ' ફિલ્મમાં ફરીથી બન્યું. આ ફિલ્મ પહેલાં આનંદ-મિલિંદ અને નદીમ -શ્રવણને ઓફર થઈ હતી. સમીરજીના આ બન્ને ફેવરિટ સંગીતકાર ગણાય, કારણ કે આનંદ-મિલિંદ સાથે ૧૪૬ ફિલ્મો અને નદીમ- શ્રવણ સાથે ૮૯ ફિલ્મો માટે સમીરજી ગીત લખી ચૂક્યા હતા , પણ 'તેરે નામ' માટે સલમાન ખાન નક્કી થયો એટલે સ્વાભાવિકપણે ફિલ્મ (સલમાનના ફેવરિટ) હિમેશ રેશમિયાની ઝોળીમાં આવી, પરંતુ ડિરેક્ટર (સ્વ.) સતીશ કૌશિક ઈચ્છતા હતા કે 'તેરે નામ'નાં ગીતો સમીરજી જ લખે. કામના પ્રેશરવશ સતીશ કૌશિકની ઓફર ટાળીને સમીરજી નવી ફિલ્મનાં ગીતો માટે નદીમ-શ્રવણને મળવા લંડન ચાલ્યા ગયા. જોકે સતીશજીએ તેમનો કેડો મૂક્યો નહીં અને ધરાર ગીત નહીં તો એક ભજન લંડનથી લખી મોકલવાનો આગ્રહ રાખ્યો.

સમીરજીએ નાછૂટકે લંડન બેઠાં 'તેરે નામ' માટેનું ભજન લખી મોકલ્યું. મુંબઈ આવીને સંગીતબદ્ધ થયેલું એ ભજન સાંભળ્યું ત્યારે ખુશ થઈ ગયા અને આ વખતે તેમને હિમેશ રેશમિયા તદ્દન જુદા જ લાગ્યાઃ અધિક વિનમ્ર, સન્માનથી લબાલબ, નાની નાની વાતોની દરકાર કરનારા તેમજ હૂંફાળા. જે હિમેશ રેશમિયાના કારણે 'તેરે નામ' ફિલ્મ કરવા સમીરજી તૈયાર નહોતા એ હિમેશ માટે સમીરજીએ 'તેરે નામ' માટે ગીતો લખી આપ્યાં અને હિમેશ રેશમિયાએ તેને એવા તગડા સંગીતથી મઢ્યાં કે 'તેરે નામ' ફિલ્મનું સંગીત ચાર્ટબસ્ટર સાબિત થયું. ડેરેક બોઝને સમીરજીએ કહ્યા મુજબ, 'તેરે નામ'ના ગીત અને સફળતાથી હિમેશ રેશમિયા એવા ખુશ હતા કે જમીન, એતરાઝ, ટારઝન- ધ વન્ડર કાર, ટોમ, ડિક એન્ડ હેરી જેવી આઠ ફિલ્મો માટે તેમણે સમીરજીને ગીતકાર તરીકે સાઈન કરાવ્યાં અને... રેસ્ટ ઈઝ હિસ્ટરી. ■

---

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# રિલીઝ બે - શૂટ એક... હમ સાથ સાથ હૈ!

## એકસાથે બે ભાગમાં શૂટ થતી ફિલ્મ્સની વાત ન્યારી
















હાલમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ધુરંધર' અંગે એક ખાસ વાત ચર્ચામાં છે; આ ફિલ્મનો પહેલો અને બીજો ભાગ બંને એકસાથે શૂટ થયા છે. આજે આપણે ઘણી ફિલ્મ્સની સિક્વલ જોઈએ છીએ, પણ મોટા ભાગે એ સિક્વલ વર્ષો પછી બનાવવામાં આવે છે અથવા તો પહેલી ફિલ્મ રિલીઝ થઈ ગયા પછી પ્લાન કરવામાં આવે છે. 'ધુરંધર' બાબતે એવું નથી. અહીં વાત એવી ફિલ્મ્સની છે, જેના પહેલા અને બીજા ભાગ પહેલેથી જ નક્કી હોય અને એક જ શૂટિંગ પ્રક્રિયામાં પૂરા થયા હોય. એટલે આ મોડલ સિક્વલથી અલગ છે.

ભારતમાં આ રીતનું સૌથી યાદગાર ઉદાહરણ છે અનુરાગ કશ્યપની 'ગેંગ્સ ઓફ વાસેપુર' (૨૦૧૨). હા, સત્તાવાર રીતે આ ફિલ્મને બે ભાગમાં રિલીઝ કરવામાં આવી, પરંતુ તેનું આખું શૂટિંગ એક જ પ્રક્રિયામાં થયું હતું. એટલે જ બાકીની સિક્વલ ફિલ્મ્સ કરતા અલગ એમ આ ફિલ્મ્સના બંને ભાગ એક જ વર્ષે આવી ગયા હતા. રસપ્રદ એ છે કે શરૂઆતમાં તેને એક જ ફિલ્મ માનવામાં આવી હતી. ત્યારબાદ પોસ્ટ પ્રોડક્શન દરમિયાન એ દેખાયું કે ફિલ્મ બહુ લાંબી છે, એટલે પ્રેક્ટિકલ રીતે તેને બે ભાગમાં રજૂ કરવી વધારે યોગ્ય લાગી. આથી બંને ભાગ વચ્ચે જે રીતે નેરેટિવ કન્ટિન્યુઈટી રહેવી જોઈએ, એ પણ રહી.

એ ઉપરાંત ભારતમાં સૌથી સ્પષ્ટ રીતે બેક-ટુ-બેક બનાવાયેલી ફિલ્મ્સમાં રામ ગોપાલ વર્માની 'રક્તચરિત્ર'નું નામ પણ આવે. આ ફિલ્મના બંને ભાગ જોકે 'ગેંગ્સ ઓફ વાસેપુર' પહેલાં ૨૦૧૦માં રિલીઝ થયા હતા. અહીં શરૂઆતથી જ ભાગ એક અને ભાગ ૨ એક જ પ્રોજેક્ટ તરીકે વિચારાયા હતા. રાજકીય પૃષ્ઠભૂમિ, લાંબી સમયરેખા અને અનેક મહત્ત્વનાં પાત્રોને કારણે, પ્રોડક્શન માટે એક જ શૂટિંગમાં બંને ભાગ પૂરાં કરવાનું યોગ્ય લાગ્યું. આ ફિલ્મ ભલે બહુ મોટી હિટ ન બની, પણ આ વિષયના દ્રષ્ટાંત રૂપે તેની નોંધ ચોક્કસ લેવાય છે.

જોકે સાચો માઇલસ્ટોન તો 'બાહુબલી' છે. દિગ્દર્શક એસ. એસ રાજમૌલી પાસે શરૂઆતથી જ બંને ભાગનું આખું નેરેટિવ, બજેટ અને વિઝન તૈયાર હતું. મહિશ્મતી જેવું વિશાળ જગત ઊભું કરવાનું (અફકોર્સ, આખું નહીં, અમુક સેટ્સ) અને પછી ફરીથી તોડીને એ જ સેટ વર્ષો પછી ફરીથી બનાવવાનું કામ મુશ્કેલ છે તેથી સમગ્ર શૂટ એક જ પ્રોજેક્ટ તરીકે કરવામાં આવ્યું કોસ્ચ્યુમ, એક્શન, સમગ્ર પ્રોડક્શન બધું જ બંને ભાગનું એકસાથે.

અહીં સમજવા જેવું એ છે કે કોઈ પણ ફિલ્મ કે ફ્રેન્ચાઈઝના બે કે ત્રણ ભાગ બનાવવાનો વિચાર અને પહેલા ભાગને પાર્ટ વન તરીકે રિલીઝ કરીને પછી બીજા ભાગનું પ્લાનિંગ કરવું એ અલગ બાબત છે. એમાં ક્યારેક એવું થતું હોય છે કે પહેલો ભાગ જોઈએ એટલો સફળ ન નીવડે તો બાકીનું પ્લાનિંગ દિવાળીની સફાઈમાં અભેરાઈએ ચડી જાય. અહીં તો વાત છે એક જ સાથે બે ભાગનું પ્રોડક્શન કરવાની. હા, એક ભાગ વિચાર્યો હોય ને એમાંથી બે કરવા પડે એ શક્ય છે. અને એ પણ શક્ય છે કે તેની જરૂરિયાત પ્રિ-પ્રોડક્શન, પ્રોડક્શન કે પોસ્ટ પ્રોડક્શન એમ કોઈ પણ સ્ટેજ પર ફિલ્મમેકરને સમજાઈ શકે છે.

આ ઉપરાંત ચર્ચામાં આવતા ઉદાહરણોમાં 'કેજીએફ' અને 'પોન્નીયન સેલ્વન' ખાસ યાદ રહે. ખાસ કરીને મણિરત્નમની 'પોન્નીયન સેલ્વન'માં પિરિયડ ડ્રામા, મોટા સેટ, કોસ્ચ્યુમ, હેવી પાત્રો અને ઇતિહાસ પર આધારિત વાર્તામાં બધું એકસાથે નિયંત્રિત કરવું સરળ નહીં હોય, પરંતુ પ્રોડક્શન ટીમ માટે લાંબા શેડ્યુઅલમાં બંને ભાગ પૂરા કરવાથી બજેટ પણ સરળ બને અને પાત્રોની કન્ટિન્યુઈટી પણ.

હવે જો નજર હોલિવૂડ તરફ કરીએ, તો ત્યાં આ પદ્ધતિ વર્ષોથી જોવા મળે છે. પીટર જેક્સન દ્વારા બનાવેલી 'The Lord of the Rings' ટ્રીલોજી એક જ લાંબા શૂટમાં પૂર્ણ થઈ અને પછી ત્રણ ભાગમાં રિલીઝ થઈ. આવું જ ઉદાહરણ 'The Matrix Reloaded' અને 'The Matrix Revolutions' નું છે. એટલે આ ફિલ્મ્સને પણ એક જ પ્રોજેક્ટ, બે રિલીઝ તરીકે જોવાય છે. આમ જ 'Back to the Future Part 2' અને ૩નું શૂટ પણ સાથે થયું હતું, જેથી કલાકારોની ઉંમર અને દેખાવમાં ફેરફાર ન આવે.

૨૦૧૦ના દાયકામાં આ રીત ખાસ કરીને યુવા પ્રેક્ષકો માટેબનેલી ફ્રેન્ચાઇઝીસમાં Harry Potterની અંતિમ બે ફિલ્મ્સ 'Deathly Hallows (Part 1 અને Part 2)', Twilight ના "Breaking Dawn (Part 1 અને Part 2)' અને 'The Hunger Games' ના "Mockingjay (Part 1 અને Part 2)'; આ બધાનું શૂટિંગ પોતપોતાની ફ્રેન્ચાઈઝ માટે લગભગ એકસાથે પૂર્ણ કરવામાં આવ્યું હતું. આવી ફિલ્મ્સમાં યુવા કલાકારોની ઉંમર વધી જાય તેવો ખતરો પણ રહેતો.

આ પદ્ધતિ કેમ અપનાવવામાં આવે છે?

સામાન્ય રીતે આ મોડલ ત્યારે પસંદ થાય, જ્યારે ફિલ્મમેકર પાસે પહેલેથી જ લાંબી કહાની હોય, પાત્રોની રચના અને અંતિમ ભાગનું રૂપ સ્પષ્ટ હોય અને પ્રોડક્શન ડિઝાઇન એટલું મોટું હોય કે બે વખત શૂટ કરવાનો પ્રશ્ન જ ન થાય. શું આને ટ્રેન્ડ કહી શકાય? કદાચ નહીં. રોજ-બરોજ આવી ફિલ્મ્સ બનવી શક્ય નથી, પરંતુ ફિલ્મમેકરને સર્જનાત્મક વિશ્વ એક જ સમયે ઊભું કરવું હોય ત્યાં આ પદ્ધતિ સૌથી યોગ્ય સાબિત થાય છે. ■

**લાસ્ટ શોટ**

*ક્વેન્ટિન ટારન્ટિનોની 'Kill Bill' પણ મૂળે એક લાંબી ફિલ્મ હતી. રનટાઇમને કારણે બે ભાગમાં રિલીઝ થઈ.*

# આજથી દુબઈમાં જેન-ઝી ક્રિકેટરોની એશિયા કપ વન-ડે ટૂર્નામેન્ટ

### ▸૧૪ વર્ષના સૂર્યવંશી પર સૌની નજર, રવિવારે ભારતીયોની પાકિસ્તાનીઓ સામેની નો-હૅન્ડશેક નીતિ ફરી ચર્ચા જગાવશે

દુબઈઃ સપ્ટેમ્બરમાં સૂર્યકુમાર યાદવની કૅપ્ટન્સીમાં ભારતે દુબઈમાં પાકિસ્તાનને ફાઇનલમાં પછડાટ આપીને ટી-૨૦ એશિયા કપનું ચૅમ્પિયનપદ મેળવી લીધું હતું એ જ શહેરમાં રવિવારે (સવારે ૧૦.૩૦ વાગ્યે) ભારત અને પાકિસ્તાનના જુનિયર ક્રિકેટરો વચ્ચે મુકાબલો થશે, પરંતુ એ પહેલાં આ જ શહેરમાં આજે મેન્સ અન્ડર-૧૯ વન-ડે એશિયા કપ (સવારે ૧૦.૩૦ વાગ્યે) શરૂ થઈ રહ્યો છે જેમાં ભારતની પ્રથમ મૅચ યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ) વિરુદ્ધ રમાશે.

ફરક માત્ર એટલો છે કે ૨૮મી સપ્ટેમ્બરે સૂર્યકુમારની ટીમે દુબઈ ઇન્ટરનૅશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં સલમાન આગાની પાકિસ્તાની ટીમને એ ટૂર્નામેન્ટમાં સતત ત્રીજો પરાજય ચખાડ્યો હતો, જ્યારે રવિવારે ભારત-પાકિસ્તાન ટક્કર દુબઈના આઇસીસી ઍકેડેમીના મેદાન પર થશે. ચર્ચાનો મુખ્ય મુદ્દો અત્યારે તો એ છે કે આ મૅચ માટે પણ બીસીસીઆઇ પાકિસ્તાની પ્લેયર્સ સાથેની નો હૅન્ડશેક નીતિ જાળવી રાખશે?

જનરેશન-ઝેડ માટેની 'જેન-ઝી' એવી સંજ્ઞા છે જે ૧૯૯૦ના દાયકાના છેવટના વર્ષોથી માંડીને ૨૦૦૦ના દાયકાના શરૂઆતના વર્ષો વચ્ચે જન્મેલી વ્યક્તિઓને લાગુ પડે છે. દુબઈમાં અન્ડર-૧૯ એશિયા કપ જેન-ઝી એશિયા કપ તરીકે પણ ઓળખાવી શકાશે.

**ભારતીય અન્ડર-૧૯ ટીમઃ**

આયુષ મ્હાત્રે (કૅપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિજ્ઞાન કુન્ડુ (વિકેટકીપર), હરવંશ સિંહ (વિકેટકીપર), વિહાન મલ્હોત્રા, વેદાંત ત્રિવેદી, યુવરાજ ગોહિલ, કનિષ્ક ચૌહાણ, ખિલાન પટેલ, નમન પુષ્પક, ડી. દીપેશ, હેનિલ પટેલ, કિશન કુમાર સિંહ, ઉધવ મોહન અને આરૉન જ્યોર્જ.

આજે ભારતની યુએઇ સામેની પહેલી મૅચ માટેની ટીમના ૧૪ વર્ષની ઉંમરના વૈભવ સૂર્યવંશી પર સૌની નજર રહેશે. મુંબઈનો આયુષ મ્હાત્રે ભારતીય ટીમનો કૅપ્ટન છે.

**ભારત-પાકિસ્તાન સેમિમાં પહોંચશે એ લગભગ નક્કી**

આઠ ટીમ વચ્ચેની આ ટૂર્નામેન્ટમાં ચાર-ચાર ટીમને બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે. ભારત-પાકિસ્તાન ગ્રૂપ-એમાં છે અને તેઓ સેમિ ફાઇનલ રાઉન્ડમાં પહોંચશે એ લગભગ નક્કી જણાય છે. તેમના ગ્રૂપમાં યુએઇ ઉપરાંત મલયેશિયા પણ છે. ગ્રૂપ-બીમાં શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને નેપાળ છે.

**ભારતીયો ફરી હાથ નહીં મિલાવે?**

સપ્ટેમ્બરમાં સૂર્યકુમારના સુકાનમાં ભારતીય ટીમે અને ત્યાર બાદ વન-ડેના મહિલા વર્લ્ડ કપમાં અને પછી રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓએ પહલગામના આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને અંજલિ આપવાના હેતુથી તેમ જ ભારતીય સૈન્યને સપોર્ટ કરવાના ઇરાદાથી પાકિસ્તાની પ્રતિસ્પર્ધીઓ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. હવે અન્ડર-૧૯ ટૂર્નામેન્ટમાં આઇસીસી ઇચ્છે છે કે રાજકારણને આ ટૂર્નામેન્ટથી દૂર રાખવામાં આવે. બીજી રીતે કહીએ તો આઇસીસી ઇચ્છે છે કે ભારતીય ખેલાડીઓ પાકિસ્તાની પ્લેયર્સ સાથે હાથ મિલાવે. જોકે ભારતીય ટીમ જો (આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મૅચની ઔપચારિકતા તરીકે) પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ નહીં મિલાવવાના હોય તો એ સંબંધમાં ભારતીય ટીમના મૅનેજરે આઇસીસી દ્વારા નિયુક્ત મૅચ રેફરીને અગાઉથી એ વિશે જાણ કરી દેવી પડશે. ■

# ટીમ ઇન્ડિયાનો સંપૂર્ણ રકાસ

### છેલ્લી પાંચ વિકેટ નવ બૉલ અને પાંચ રનમાં ગુમાવી

મુલ્લાંપુરઃ પંજાબના ન્યૂ ચંડીગઢમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતીય ટીમનો ગુરુવારે સિરીઝની બીજી ટી-૨૦માં સાઉથ આફ્રિકા સામે સંપૂર્ણ રકાસ થયો હતો. ૨૧૪ રનના લક્ષ્યાંક સામે ટીમ ઇન્ડિયા ૧૬૨ રનના સ્કોર પર ઑલઆઉટ થતાં પ્રવાસી ટીમનો ૫૧ રનથી વિજય થયો હતો અને પાંચ મૅચની સિરીઝ ૧-૧થી લેવલ થઈ હતી.

ટીમ ઇન્ડિયાની આ મૅચમાં જબરી નામોશીઓ થઈ. પહેલાં તો સાઉથ આફ્રિકાની ટીમ છેલ્લા ૧૯ બૉલમાં ચાર સિક્સર અને બે ફોરની ફટકાબાજીને લીધે ૨૦૦ રનનું ટોટલ પાર કરી શકી હતી. ત્યાર બાદ ફરી ફ્લૉપ ગયેલા શુભમન ગિલ (૦) સહિત ભારતે ઇનિંગ્સ શરૂ થયાના આરંભમાં જ ધબડકો જોયો હતો, ૧૫મી ઓવરમાં હાર્દિક પંડ્યા (૨૩ બૉલમાં ૨૦ રન)એ જીવતદાન મળ્યા બાદ તરત જ કૅચ આપી દીધો હતો.

૧૮મી ઓવરમાં ભારતનો સ્કોર પાંચ વિકેટે ૧૫૭ રન હતો, પરંતુ ૧૬૨મા રન સુધીમાં આખરી પાંચ વિકેટ પડી ગઈ હતી. એકમાત્ર તિલક વર્મા (૬૨ રન, ૩૪ બૉલ, પાંચ સિક્સર, બે ફોર)એ લડત આપી હતી. બાર્ટમૅને ચાર તેમ જ લુન્ગી, યેનસેન, સિપામ્લાએ બે-બે વિકેટ લીધી હતી.

એ અગાઉ, સાઉથ આફ્રિકાના ૨૧૪ રનમાં સૌથી મોટું યોગદાન ક્વિન્ટન ડિકૉક (૯૦ રન, ૪૬ બૉલ, સાત સિક્સર, પાંચ ફોર)નું હતું. ચપળ વિકેટકીપર જિતેશ શર્માના હાથે તે રનઆઉટ થઈ ગયો હતો. ■

# મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની ટિકિટોનું વેચાણ શરૂ, અમુક સ્થળે ટિકિટનો સૌથી નીચો ભાવ ૧૦૦ રૂપિયા

મુંબઈઃ આગામી ૭ ફેબ્રુઆરીથી ૮ માર્ચ સુધી ભારત અને શ્રીલંકામાં યોજાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની પ્રથમ તબક્કાની ટિકિટોનું વેચાણ શરૂ થઈ ચૂક્યું છે જેમાં ભારતમાં અમુક સ્થળે ટિકિટનો ઓછામાં ઓછો ભાવ ૧૦૦ રૂપિયા અને શ્રીલંકામાં એલકેઆર ૧,૦૦૦ (૩.૨ ડૉલર) છે. આ ટિકિટો tickets.cricketworldcup.com પરથી ખરીદી શકાશે.

બીજા તબક્કાની ટિકિટોના વેચાણને લગતી વિગતો હવે પછી જાહેર કરવામાં આવશે. આઇસીસીના સીઇઓ સંજોગ ગુપ્તાએ કહ્યું હતું કે '૨૦૨૬ના આઇસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટેનું અમારું વિઝન એ છે કે આ ટૂર્નામેન્ટ ક્રિકેટપ્રેમીઓ, પછી ભલે તે કોઈ પણ બૅકગ્રાઉન્ડના હોય, ભૌગોલિક રીતે તથા આર્થિક રીતે કોઈ પણ વર્ગના હોય તેમને સ્ટેડિયમમાં આવીને મૅચ માણવાનો લાભ મળી રહે. સામાન્યમાં સામાન્ય લોકોને પણ પરવડી શકે એવો ટિકિટનો સૌથી નીચો ભાવ રાખવો એ અમારો ઇરાદો છે કે જેથી તેઓ સ્ટેડિયમના અદ્ભુત માહોલમાં મૅચ માણી શકે.'

૨૦ દેશ વચ્ચેના વર્લ્ડ કપમાં કુલ પંચાવન મૅચ રમાશે. આ મૅચો માટેના ત્રણ સમય નક્કી કરાયા છે. જે દિવસે ત્રણ મૅચ હશે એમાં પહેલી મૅચ સવારે ૧૧.૦૦ વાગ્યે, બીજી મૅચ બપોરે ૩.૦૦ વાગ્યે અને ત્રીજી મૅચ સાંજે ૭.૦૦ વાગ્યે શરૂ થશે.

ભારતના ગ્રૂપ-એમાં પાકિસ્તાન, યુએસએ, નેધરલૅન્ડ્સ, નામિબિયાનો સમાવેશ છે. ભારત-પાકિસ્તાન મુકાબલો ૧૫મી ફેબ્રુઆરીએ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) કોલંબોમાં થશે. ■

# યુવી અને હરમનના નામના સ્ટૅન્ડના ઉદ્ઘાટન




મુલ્લાંપુરઃ પંજાબમાં ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુરમાં આજે ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની બીજી ટી-૨૦ના અવસરે બે વર્લ્ડ કપ વિજેતા ભારતીય ખેલાડીઓ યુવરાજ સિંહ તથા હરમનપ્રીત કૌરના નામના સ્ટૅન્ડના અનાવરણ કરવામાં આવ્યા હતા. યુવી ૨૦૧૧ના વન-ડે વિશ્વ કપનો સુપરસ્ટાર ખેલાડી હતો. હરમનપ્રીતના સુકાનમાં ભારતે તાજેતરમાં જ પહેલી વાર મહિલા વર્લ્ડ કપનો તાજ જીતી લીધો હતો. આ સ્ટૅન્ડના ઉદ્ઘાટનના પ્રસંગે પરિવારના સભ્યો, મિત્રો તેમ જ પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન ઉપસ્થિત હતા. ■

# ટીમ ઑસ્ટ્રેલિયાની અને એમાં ભર્યા છે ભારતીય, ચીની, શ્રીલંકન મૂળના ખેલાડીઓ!

મેલબર્નઃ ભારત અને ચીનનો ફેલાવો ક્યાં નથી એ તો કહો! અનેક દેશોમાં તો છે જ, કેટલાક દેશોની ક્રિકેટ ટીમોમાં પણ મૂળ આ બે દેશના ખેલાડીઓ સામેલ છે. વાત એવી છે કે આગામી ૧૫મી જાન્યુઆરીએ નામિબિયા અને ઝિમ્બાબ્વેમાં મેન્સ અન્ડર-૧૯ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે જે માટે ઑસ્ટ્રેલિયાએ જે ટીમ જાહેર કરી છે એમાં ભારતીય મૂળના બે, શ્રીલંકન મૂળના પણ બે અને ચીની મૂળના એક ખેલાડીનો સમાવેશ છે.


આર્યન શર્મા


ઍલેક્સ લી યંગ

૧૮ વર્ષનો આર્યન શર્મા લેફ્ટ-આર્મ સ્પિનર અને રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન છે. તે ભારતીય મૂળનો છે. જૉન જેમ્સ નામનો પેસ બોલિંગ ઑલરાઉન્ડર પણ ભારતીય મૂળનો છે.

ચીનનો ૧૮ વર્ષનો ઍલેક્સ લી યંગ વિકેટકીપર-બૅટ્સમૅન છે. તે પણ ઑસ્ટ્રેલિયા વતી રમવાનો છે. બન્ને ભારતીય મૂળના ખેલાડીઓની જેમ તે પણ ઑસ્ટ્રેલિયામાં સ્થાયી થયો હોવાથી ઑસ્ટ્રેલિયા વતી રમવાનો છે.

ઑલિવર પીક ઑસ્ટ્રેલિયન ટીમનો કૅપ્ટન છે. તે ઑફ સ્પિન બોલિંગ કરે છે, પરંતુ ખાસ તો તે બૅટિંગ ઑલરાઉન્ડર તરીકે ઓળખાય છે.

મૂળ શ્રીલંકાનો નેડન કૂરે પણ ઑસ્ટ્રેલિયાની ટીમમાં સામેલ છે. નીતેશ સૅમ્યૂલ્સ પણ મૂળ તો શ્રીલંકાનો જ છે અને તે વિકેટકીપર-બૅટ્સમૅન છે અને તેને પણ અન્ડર-૧૯ વર્લ્ડ કપ માટેની ઑસ્ટ્રેલિયન ટીમમાં સમાવવામાં આવ્યો છે. ઑસ્ટ્રેલિયા ગ્રૂપ-એમાં છે જેમાં શ્રીલંકા, જાપાન અને આયરલૅન્ડ સામેલ છે. ■

# કોહલીનું પોતાની બ્રૅન્ડ વેચીને ખરીદનારની જ કંપનીમાં રોકાણ!

મુંબઈઃ દિગ્ગજ ક્રિકેટર વિરાટ કોહલીએ એક જાણીતી સ્પોર્ટ્સવેઅર કંપની સાથે ભાગીદારીને લગતા કરાર કર્યા છે જે મુજબ કોહલી એ કંપનીને One8 નામની પોતાની સ્પોર્ટ્સવેઅર બ્રૅન્ડ આ કંપનીને વેચી રહ્યો છે અને એ જ કંપનીમાં (૧.૯૪ ટકાની ઈક્વિટી માટે) લગભગ ૪૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. થોડા દિવસ પહેલાં એવી વાતો હતી કે કોહલી મુંબઈમાં સ્વર્ગીય પાર્શ્વગાયક કિશોર કુમારના બંગલામાં થોડા વર્ષ પહેલાં શરૂ કરેલી One8 નામની રેસ્ટોરાં વેચી રહ્યો છે. જોકે એવું નથી. હકીકત એ છે કે કોહલી ખેલકૂદને લગતી ચીજોનું ઉત્પાદન ધરાવતી બ્રૅન્ડ ઍજિલિટાસ સ્પોર્ટ્સ નામની કંપનીને વેચી રહ્યો છે. ■

# વિરાટ-અનુષ્કાએ આઠમી ઍનિવર્સરી ઉજવી



નવી દિલ્હીઃ ક્રિકેટર વિરાટ કોહલી અને ઍક્ટ્રેસ અનુષ્કા શર્માએ ગુરુવારે આઠમી મૅરેજ ઍનિવર્સરી ઉજવી હતી. વિરાટ તાજેતરમાં સાઉથ આફ્રિકા સામે સિરીઝની છેલ્લી વન-ડે રમ્યા બાદ તરત જ લંડન જવા રવાના થઈ ગયો હતો. અનુષ્કાએ પ્રથમ લગ્નતિથિ બાદ વિરાટને વિશ્વના 'ગ્રેટેસ્ટ' પુરુષ તરીકે ઓળખાવ્યો હતો. બન્નેને સોશ્યલ મીડિયા પર લગ્નતિથિ બદલ અનેક ચાહકોના અભિનંદન તથા શુભેચ્છા મળ્યા છે.

અનુષ્કાએ વિરાટ સાથે ૨૦૧૭ની ૧૧મી ડિસેમ્બરે ઇટલીમાં લગ્ન કર્યા હતા. વર્તમાન ભારતના આ બેસ્ટ સેલિબ્રિટી કપલ તરીકે ઓળખાય છે. વિરાટ અને અનુષ્કા ઘણા સમયથી બન્ને બાળકો સાથે લંડનમાં રહે છે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बुंद | ચૂર્ણ |
| बुआ | ડરપોક |
| बुक्का | ફોઈ |
| बुजुर्ग | ટીપું |
| बुजदिल | વયોવૃદ્ધ |

## જાણવા જેવું

ધરખમ ફિલ્મ નિર્માતા બોની કપૂરએ અભિષેક બચ્ચન, કરિશ્મા કપૂર અને ફરદીન ખાનને લઈ તમિલ ફિલ્મ 'રાજા'ની રીમેક 'દિલ ચોર' નામની ફિલ્મ કરવાનું નક્કી કરી પ્રાથમિક તૈયારી શરૂ કરી હતી. જોકે, ડેવિડ ધવને 'જોડી નંબર વન'માં એના બધા કોમિક સીન ઉપયોગમાં લીધા હોવાથી બોની કપૂરે એ ફિલ્મ માંડી વાળી હતી.

## ગુજરાત મોરી મોરી રે

અનેક ગુજરાતી નાટકો અને ગુજરાતી ચલચિત્રોમાં અભિનય કરનારા સિદ્ધાર્થ રાંદેરિયાની આ વર્ષે આવેલી ગુજરાતી ફિલ્મનું નામ જણાવો.

અ) ઉંબરો
બ) બચુભાઈ
ક) બચુની બહેનપણી
ડ) કહેવતલાલ પરિવાર

## નોંધી રાખો

પૈસા કમાઈ લેવાની ઈચ્છા રાખવામાં કશું ખોટું નથી, પણ એક વાત યાદ રાખજો કે, ખોટે રસ્તે આવેલો પૈસો માણસને રિચ નહીં નીચ બનાવે છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ■ | ૩ | | ૪ | ■ | ■ |
| | ■ | ૫ | ૬ | ■ | | ■ | ૭ | ૮ | ■ |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | | | ૧૨ | ■ | ૧૩ | ૧૪ |
| ■ | ૧૫ | ૧૬ | | ■ | ■ | ૧૭ | ૧૮ | ■ | |
| ■ | ■ | | ■ | ૧૯ | ૨૦ | ■ | ૨૧ | | |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | | ■ | ■ |
| | ■ | ૨૪ | ૨૫ | ■ | ■ | ૨૬ | | ૨૭ | ■ |
| ૨૮ | ૨૯ | ■ | ૩૦ | ૩૧ | | | ■ | ૩૨ | ૩૩ |
| ■ | ૩૪ | ૩૫ | ■ | | ■ | ૩૬ | ૩૭ | ■ | |
| ■ | ■ | | ■ | | ■ | ■ | ૩૮ | | |

### આડી ચાવી

૧. સવાર, પરોઢ (૩)
૩. સુગંધ (૩)
૫. શ્રેણી, હારમાળા (૨)
૭. વિલંબ (૨)
૯. અને, તેમ (૨)
૧૧. ઘડિયાળનો અવાજ (૪)
૧૩. દૂબળા ઢોરને --- ઝાઝી (૨)
૧૫. સ્વકીય, પોતાનું (૩)
૧૭. નોકર, ચાકર (૨)
૧૯. વાંદરો (૨)
૨૧. કમળ કાકડી (૩)
૨૨. ખાનદાની, કીમતી (૩)
૨૩. માલમિલકત, દોલત (૨)
૨૪. મૃત્યુનો દેવ (૨)
૨૬. દુર્ગાનું એક સ્વરૂપ (૩)
૨૮. સાથે (૨)
૩૦. હરફર, રીતભાત (૪)
૩૨. હંમેશાં (૨)
૩૪. ક્યાં (મારવાડી) ભાષા (૨)
૩૬. ઊણપ, ઓછપ (૨)
૩૮. શહેર (૩)

### ઊભી ચાવી

૧. જાણીતું, નામચીન (૩)
૨. છાશ (૨)
૩. મફત (૩)
૪. ઝૂંપડી, કુટિર (૨)
૬. આંખનો પલકારો (૩)
૮. હોઠ (૨)
૧૦. કંકુવાળા પંજાની છાપ (૨)
૧૨. ક્યારે (૨)
૧૪. મદારી (૩)
૧૬. નિશાનબાજ (૪)
૧૮. માંગલિક, શુભ પર્વનું (૪)
૧૯. ઓછું (૨)
૨૦. તાત (૨)
૨૨. ગમગીન, ખિન્ન (૩)
૨૫. મોટું (૨)
૨૬. ચલાવનાર (૩)
૨૭. ધમકી, ઠપકો (૨)
૨૯. અધિકાર (૨)
૩૧. થાક, શ્રમ (૩)
૩૩. પેટ (૩)
૩૫. દુખતે --- અને દૂબળે વેઠ (૨)
૩૭. પાની મેં --- પિયાસી (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગો | ૨ ર | ખ | ૩ ધં | ૪ ધા | ■ | ૫ મ | ૬ લ | ૭ ખં | ૮ ભ |
| ૯ દા | મ | ■ | ૧૦ ધો | ર | ણ | ■ | ૧૧ ખા | ત | ર |
| ૧૨ વ | ત | ૧૩ ની | ■ | ણા | ■ | ૧૪ પ્રા | ણ | ■ | તી |
| રી | ■ | ર | ■ | ■ | ૧૫ ના | થ | ■ | ૧૬ આ | ■ |
| ■ | ૧૭ વિ | શા | ૧૮ ર | દ | ■ | ૧૯ મિ | ૨૦ જ | બા | ની |
| ૨૧ સા | મા | થી | ક | ■ | ૨૨ બ | ક | વા | દ | ■ |
| ■ | ન | ■ | ૨૩ ઝ | ટ | ■ | ■ | હિ | ■ | ૨૪ સ |
| ૨૫ આ | ■ | ૨૬ શ | ક | ■ | ૨૭ શ | ■ | ૨૮ ર | ૨૯ ત | લ |
| ૩૦ લ | ૩૧ વ | રી | ■ | ૩૨ નિ | રા | ૩૩ શ | ■ | ૩૪ મ | ગ |
| ૩૫ મ | હું | ર | ત | ■ | ૩૬ ફ | ર | તા | રા | મ |

## ઓળખાણ પડી?



૧૯૬૦ના દાયકામાં અગ્રણી અભિનેત્રી સાથે જોડી જમાવી મુખ્યત્વે રોમેન્ટિક ફિલ્મોમાં કામ કરનારા એક્ટરની ઓળખાણ પડી?

અ) અનિલ ધવન બ) જોય મુખર્જી ક) વિશ્વજીત ડ) દેબ મુખર્જી

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

પોલીસ ઈન્સ્પેક્ટર સહિત અનેક આક્રમક ભૂમિકા નિભાવનારા રાજ કુમારે કઈ ફિલ્મમાં ગામઠી વ્યક્તિનો રોલ કર્યો હતો?

અ) દિલ એક મંદિર બ) હમરાઝ ક) ગોદાન ડ) ૩૬ ઘંટે

## માઈન્ડ ગેમ

ગુજરાતી રંગભૂમિના અફલાતૂન અભિનેત્રી સરિતા જોશીએ કઈ ફિલ્મમાં અભિષેક બચ્ચનની માતાનો રોલ કર્યો હતો એ જણાવો.

અ) સરકાર બ) ગુરુ ક) બ્લફ માસ્ટર ડ) કભી અલવિદા ના કેહના

## સુડોકુ-૯૧૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૮ | ૬ | | | ૪ | | |
| | | ૫ | | ૯ | | | | |
| | ૩ | | | | | | | ૬ |
| | ૮ | ૨ | | | | | | ૩ |
| ૫ | | ૬ | ૪ | | ૨ | ૮ | | ૯ |
| ૧ | | | | | | ૫ | ૭ | |
| ૨ | | | | | | | ૬ | |
| | | | | ૫ | | ૭ | | |
| | | ૭ | | | ૬ | ૨ | ૫ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૯ | ૩ | ૭ | ૬ | ૨ | ૪ | ૮ |
| ૪ | ૭ | ૮ | ૧ | ૨ | ૯ | ૬ | ૩ | ૫ |
| ૨ | ૬ | ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૯ | ૭ |
| ૯ | ૨ | ૭ | ૪ | ૬ | ૩ | ૮ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૬ | ૯ | ૮ | ૭ | ૪ | ૨ | ૩ |
| ૩ | ૮ | ૪ | ૨ | ૧ | ૫ | ૯ | ૭ | ૬ |
| ૬ | ૩ | ૨ | ૫ | ૯ | ૮ | ૭ | ૧ | ૪ |
| ૮ | ૪ | ૧ | ૭ | ૩ | ૨ | ૫ | ૬ | ૯ |
| ૭ | ૯ | ૫ | ૬ | ૪ | ૧ | ૩ | ૮ | ૨ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| बिक्री | વેચાણ |
| बिख | ઝેર |
| बिगर | વિના |
| बिच | વચ્ચે |
| बिच्छू | વીંછી |

**ગુજરાત મોરી મોરી રેઃ** કિંજલ રાજપ્રિયા

**ઓળખાણ પડી?** યાદોં કી બારાત

**માઈન્ડ ગેમ :** યકીન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** હેમા માલિની

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિશંબ્ધ દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહેતા (૧૩) લજિતા ખોના (૧૪) ફાલ્ગુની શેઠ (૧૫) પ્રવીણ વોરા (૧૬) મહેશ સંઘવી (૧૭) મીનળ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) કિરીટ છેડા (૨૦) અમીશી બંગાળી (૨૧) ભરત કજરિયા (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૬) ભારતી બુચ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) વિણા સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) મહેન્દ્ર લોઢાવિયા (૩૩) મીના ભગત (૩૪) અંજુ ટોલિયા (૩૫) જાગૃતિ નિખિલ બંજરિયા (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) રમેશભાઈ દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) શિલ્પા શ્રોફ (૪૫) કમલ માતલિયા (૪૬) નિતિન જયંતિલાલ બજરિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ડૉ. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી (૫૧) ચેતના છેડા (૫૨) મનીષા શેઠ (૫૩) પ્રતિમા પમાણી (૫૪) હિતેશ ખત્રી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) દીદી - સુન સુન સુન દીદી તેરે લિયે એક રિસ્તા આયા હૈ અચ્છે ઘર કા, ૨) દેવર - લો ચલિ મૈં અપને દેવર કી, બારાત લેકે ના બેન્ડ બાજા ના હી, ૩) બેટા -અરે ઓ બેટાજી કિસ્મત કી હવા કભી નરમ કભી ગરમ કભી, ૪) ભાભી - ભાભી કી ઉંગલી મેં હિરે કા છલ્લા છલ્લે સે ભૈયા ને બાંધા, ૫) સાસુ - સાસુજી તુને મેરી કદર ના જાની, બહુ કો તુને બહુ ના સમજા, ૬) બેટી - મેહલો કા રાજા મિલા કે રાની બેટી રાજ કરેગી ખુશી ખુશી કર દો, ૭) સસુરજી - સુનો સસુરજી અબ જીદ છોડો માન લો મેરી બાત દુલ્હન

ક્વિઝ (બ) ૧) અલગ અલગ, ૨) ચુપકે ચુપકે, ૩) આહિસ્તા આહિસ્તા, ૪) ડાન્સ ડાન્સ, ૫) અપને અપને, ૬) મંઝિલ મંઝિલ, ૭) ચલતે ચલતે

# ત્રણ દિવસની પીછેહઠને બ્રેકઃ સેન્સેક્સમાં ૪૨૭ પોઈન્ટનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં અપેક્ષિત ઘટાડાને પગલે ખાસ કરીને ઓટો અને મેટલ શેરોની આગેવાનીએ નવેસરની લેવાલીનો ટેકો મળવાથી બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીએ ત્રણ દિવસના ઘટાડાનો સિલસિલો અટકાવીને આગેકૂચ નોંધાવી હતી. સેન્સેક્સ ૪૨૬.૮૬ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા વધીને ૮૪,૮૧૮.૧૩ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૪,૯૦૬.૯૩ની ઊંચી સપાટી અને ૮૪,૧૫૦.૧૯ની નીચી સપાટી વચ્ચે અથડાયો હતો.

જ્યારે નિફ્ટી ૧૪૦.૫૫ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા વધીને ૨૫,૮૯૮.૫૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. શરૂઆતની અસ્થિરતા પછી, નિફ્ટી ધીમે ધીમે ઉપર ગયો અને મોટાભાગના ક્ષેત્રોમાં તેજી આવતાં ૨૫,૯૨૨.૮૦ પોઇન્ટની સત્રની ટોચની નજીક બંધ થયો હતો. સેન્સેક્સના ઘટક શેરોમાં, ઇટર્નલ, ટાટા સ્ટીલ, કોટક મહિન્દ્રા બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, મારુતિ સુઝુકી ઇન્ડિયા, સન ફાર્માસિસ્યુટિકલ્સ, ટેક મહિન્દ્રા, એચડીએફસી બેંક, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, ઇન્ફોસિસ, ટ્રેન્ટ, મહિન્દ્રા અને મહિન્દ્રા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એચસીએલ ટેક્નોલોજીસ સૌ થી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. જોકે, એશિયન પેઇન્ટ્સ, ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ, પાવરગ્રીડ, એક્સિસ બેંક, આઇસીઆઇસીઆઇ બેંક અને ટાઇટન ટોપ લુઝર્સ શેરોમાં સામેલ હતા.

મેગ્નેટ વાઇન્ડિંગ વાયર્સની ઉત્પાદક અને નિકાસકાર કેઅસએચ ઈન્ટરનેશનલનો રૂ. ૭૧૦ કરોડનો આઇપીઓ ૧૬ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૮ ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૯ ડિસેમ્બરે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૩ ડિસેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૬૫થી રૂ. ૩૮૪ પ્રતિ શેર છે અનેલોટાઇઝ માટે અરજી ૩૯ શેરની છે. ઇન્વેસ્ટ ફોર એડ્યુ રિસર્ચે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરની આધારે ખઝાંચી જ્વેલર્સ લિમિટેડના રેટિંગમાં સુધારો જાહેર કર્યો છે. કંપનીએ બીજા ક્વાર્ટરમાં ૪૬.૨૦ ટકાના વધારા સાથે રૂ. ૫૪૮ કરોડની રેવન્યૂ નોંધાવી છે. એબિટા ૧૧૩.૩૦ ટકા વધીને રૂ. ૨૩.૫૦ કરોડ નોંધાયો છે.

યુએસમાં ફુગાવાના ઊંચા દર વચ્ચે ફેડરલ દ્વારા અપેક્ષિત ૨૫ બેસિસ પોઇન્ટના દર ઘટાડાને પગલે સ્થાનિક બજારોમાં વ્યાપકપણે સુધારો જોવા મળ્યો હતો. યુએસ ૧૦-વર્ષના ટ્રેઝરી બિલની યિલ્ડમાં ઘટાડો ભવિષ્યમાં એફઆઇઆઇના બાહ્યપ્રવાહમાં ઘટાડો દર્શાવે છે, જેનાથી સેન્ટિમેન્ટને પ્રોત્સાહન મળ્યું છે. અપેક્ષિત મજબૂત માગને કારણે ઓટો સેક્ટરે સારી કામગીરી કરી છે, જ્યારે ખર્ચમાં વધારો થવાની સંભાવનાને કારણે આઇટી શેરોએ આકર્ષણ મેળવ્યું છે. તેનાથી વિપરીત, અન્ય એશિયન બજારોમાં એઆઇ આધારિત મૂલ્યાંકન અને વધતી જાપાની ઉપજ અંગેની ચિંતાઓને કારણે વેચાણનું દબાણ અનુભવાયું હતું, જેણે એકંદર સ્થાનિક સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર કરી હતી.

આઇટી, ઓટો, મેટલ્સ, રિયલ્ટી અને બેંકિંગમાં ખરીદીએ તાજેતરની નબળાઈને સરભર કરવામાં મદદ કરી હતી અને ભારત વીઆઇએક્સમાં ઘટાડો થવાથી સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. નવેમ્બરમાં રૂ. ૨૯,૮૯૪ કરોડના મજબૂત ઇક્વિટી પ્રવાહથી બજારને આગળ વધવામાં માનસિક ટેકો મળી રહ્યો હતો, જોકે, રૂપિયામાં સતત નબળાઈએ ગતિને મર્યાદિત કરી હતી.

# નવેમ્બરમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડનાં આંતરપ્રવાહમાં ૨૧ ટકાની વૃદ્ધિ

નવી દિલ્હીઃ ગત નવેમ્બર મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ આગલા ઑક્ટોબર મહિનાની સરખામણીમાં ૨૧ ટકા વધીને રૂ. ૨૯,૯૧૧ કરોડની સપાટીએ રહ્યો હોવાનું ઔદ્યોગિક સંસ્થા એસોશિએશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)એ તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે સતત ત્રણ મહિનાના ઘટાડા પશ્ચાત્ આંતરપ્રવાહમાં વધારો થયો છે જે રોકાણકારોનાં વલણમાં સુધારો આવ્યો હોવાના સંકેત આપે છે. તેમ જ ઈક્વિટી ફંડોના આંતરપ્રવાહમાં વધારો થવાથી ઉદ્યોગની કુલ અસ્ક્યામતો અથવા તો એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (ઑમ)જે આગલા ઑક્ટોબર મહિનાના અંતે રૂ. ૭૯.૮૭ લાખ કરોડ હતી તે વધીને ૮૦.૮૦ લાખ કરોડની સપાટીએ રહી છે. એકંદરે ગત મહિનામાં સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)માં રિટેલ રોકાણકારોની સહભાગીતા ધીમી પડતાં એસઆઈપી મારફતે આંતરપ્રવાહ આગલા ઑક્ટોબર મહિનાના રૂ. ૨૯,૬૩૧ કરોડ સામે ઘટીને રૂ. ૨૯,૪૪૫ કરોડના સ્તરે રહ્યો હતો.

એસોસિએશનની આંકડાકીય માહિતી અનુસાર ગત નવેમ્બર મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ આગલા ઑક્ટોબર મહિનાના રૂ. ૨૪,૬૯૦ કરોડ સામે વધીને રૂ. ૨૯,૯૧૧ કરોડની સપાટીએ રહ્યો હતો. આ પૂર્વે ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં ચોખ્ખો આંતરપ્રવાહ અનુક્રમે રૂ. ૩૩,૪૩૦ કરોડ અને રૂ. ૩૦,૪૨૧ કરોડની સપાટીએ રહ્યો હતો.

સમીક્ષા હેઠળના મહિનામાં માત્ર ડિવિડન્ડ યિલ્ડ અને ઈએલએસએસને બાદ કરતાં ઘણીખરી પેટા શ્રેણીમાં સકારાત્મક પ્રવાહ જોવા મળ્યો હતો. જેમાં મુખ્યત્વે ફ્લેક્સિકેપ ફંડ રોકાણકારોની મુખ્ય પસંદગી રહેતા સૌથી વધુ રૂ. ૮૧૩૫ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. જોકે, આગલા ઑક્ટોબર મહિનાના રૂ. ૮૯૨૯ કરોડના આંતરપ્રવાહની સરખામણીમાં નવ ટકા ઘટાડો દર્શાવે છે. તેનાથી વિપરીત ગત નવેમ્બર મહિનામાં ડેબ્ટ મ્યુચ્યુઅલ ફંડમાં રૂ. ૨૫,૬૯૨ કરોડનો બાહ્ય પ્રવાહ રહ્યો હતો, જ્યારે આગલા ઑક્ટોબર મહિનામાં રૂ. ૧.૬ લાખ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. વધુમાં ગત નવેમ્બર મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોનાં આંતરપ્રવાહ જે આગલા ઑક્ટોબર મહિનામાં રૂ. ૭૭૪૩ કરોડનો હતો તે તીવ્રપણે ઘટીને રૂ. ૩૭૪૨ કરોડની સપાટીએ રહ્યો હોવાનું એસોશિયેશને આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# તંગ પુરવઠે કોપરમાં જળવાતી આગેકૂચ, ટીન અને નિકલમાં નફારૂપી વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે કોપરમાં પ્રવર્તી રહેલી પુરવઠાખેંચ વચ્ચે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની અન્ય ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકમાત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. બેના ઘટાડાને બાદ કરતાં કોપરની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે નિકલ અને ટીનમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. નવ ઘટી આવ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. કોપરનું ખનન કરતી વિશ્વની સૌથી મોટી બીએચપી એસ્કોનડિડા કંપનીનું ગત ઑક્ટોબર મહિનાનું ઉત્પાદન ૧૧.૭ ટકા ઘટીને ૧,૨૦,૬૦૦ ટનની સપાટીએ, ચીલીની કોડેલ્કો કંપનીનું ઑક્ટોબરનું ઉત્પાદન ૧૪.૩ ટકા ઘટીને ૧,૧૧,૦૦૦ ટન અને ગ્લેન્કોર તથા એંગ્લોઅમેરિકન દ્વારા સંયુક્તપણે ચલાવવામાં આવતી કંપની કોલોહૉઝીનું ઉત્પાદન ૨૯.૩ ટકા ઘટીને ૩૫,૦૦૦ ટનની સપાટીએ રહ્યું હોવાના નિર્દેશો સાથે કોપરમાં પુરવઠો તંગ રહે તેવી ભીતિ સપાટી પર આવતાં કોપરમાં તેજીની આગેકૂચ જળવાઈ રહી હતી.

# મથકો પાછળ ખાંડમાં વધુ ₹ ૮થી ૧૮નો ઘટાડો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે વેચવાલીના દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૪૦થી ૩૬૯૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. આઠથી ૧૮નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પરના નિરુત્સાહી અહેવાલ સાથે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૨થી ૩૯૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮ અને ઉપલા મથાળેથી રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૯૪૨થી ૪૦૨૨માં થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે મધ્ય રેલવેનું માલ લોડિંગ ૫૦.૧૨ મિલિયન ટન રહ્યું

મુંબઈઃ મધ્ય રેલવેએ આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં ૫૦.૧૨ મિલિયન ટનનું પ્રભાવશાળી માલ લોડિંગ નોંધાવ્યું છે, જેમાં નવેમ્બર ૨૦૨૫ના મહિના માટે ૬.૫૮ મિલિયન ટનનું નોંધપાત્ર લોડિંગ થયું છે. મધ્ય રેલવેએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ડુંગળી, આયર્ન ઓર, ક્લિંકર વગેરેના લોડિંગમાં શ્રેષ્ઠ વધારો દર્શાવ્યો છે.

## રેટ કટ માટે મત વિભાજિત થતાં વૈશ્વિક સોનામાં નરમાઈ, ચાંદી નવી ટોચે

# રૂપિયો નબળો પડતાં વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૮૦૮નો સુધારો, ચાંદી ₹ ૨૭૯૩ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો, પરંતુ આ કપાત માટે પણ મત વિભાજિત થયાના અહેવાલ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં એકતરફી તેજી આગળ હોવાના નિર્દેશો હતા. આમ વૈશ્વિક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ચાંદીમાં વધુ કિલોદીઠ રૂ. ૨૭૯૩નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૩૬ પૈસાનું ધોવાણ થવાથી સોનાની આયાત પડતરો વધી આવતા ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૦૫થી ૮૦૮નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૭૯૩ વધીને રૂ. ૧,૮૮,૨૮૧ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકોની અને રિટેલ સ્તરની માગ મર્યાદિત રહી હતી.

વધુમાં આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં રૂપિયામાં જોવા મળેલા ધોવાણને કારણે આયાત પડતરો વધી આવતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ભાવ રૂ. ૮૦૫ વધીને રૂ. ૧,૨૮,૦૮૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૦૮ વધીને રૂ. ૧,૨૮,૫૯૬ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી ભાવસપાટીએથી માત્ર સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં હાજર અને વાયદામાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં હાજરમાં ભાવ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૪૨૧૭.૦૯ ડૉલર અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૦.૫ ટકા વધીને ૪૨૪૪.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જોકે, આજે ચાંદીમાં પુરવઠાખેંચ સામે ઔદ્યોગિક માગ પ્રબળ રહેતાં ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૬૨.૮૮ ડૉલરની નવી ટોચ દાખવ્યા બાદ એક ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૬૨.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો, પરંતુ આ નિર્ણયમાં મત વિભાજિત થયાના નિર્દેશ તેમ જ ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલે ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતને સ્થગિત રાખવાનો સંકેત આપ્યો હતો અને કપાતનો આધાર રોજગારી તથા ફુગાવાના ડેટા પર અવલંબિત રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું. જોકે, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ફેડરલ હજુ મોટી માત્રામાં વ્યાજદરમાં કાપ મૂકી શકત.

# શિકાગો પાછળ આયાતી તેલમાં સુધારો, વેપાર છૂટાછવાયા

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૬ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં એક રિંગિટનો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ ખાસ કરીને આયાતી તેલમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

# સાર્વત્રિક લેવાલીના માહોલમાં બજારમૂલ્યમાં ₹ ૨.૫૦ લાખ કરોડનો ઉમેરો

મુંબઇઃ સાર્વત્રિક લેવાલીના માહોલમાં શેરબજારમાં ગુરુવારે ત્રણ દિવસની પીછેહઠ બાદ સુધારો જોવા મળ્યો હતો અને ઓઈલ એન્ડ ગેસ સિવાયના બ્રોડ બેઝ્ડ સહિત બધા સેકટરલ ઈન્ડેક્સના સુધારા સાથે માર્કેટ કેપમાં રૂ.૨.૫૦ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી. સેક્ટરલ ઈન્ડેક્સમાં એક માત્ર ઓઈલ એન્ડ ગેસ એકમાત્ર ૦.૧૪ ટકા ઘટ્યો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૯ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૧ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૫૭ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૮ ટકા ઘટ્યો હતો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

સેન્ટ્રલ ખરીદી વિભાગ

મેડિસિન ટેન્ડર સેકશન, મુંબઈ-૪૦૦૦૧૧

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

નં. CPD/ડે. ડીન/Advt./MT S/ ૩૫૬૨/તા. ૧૦.૧૨.૨૦૨૫

| | |
|---|---|
| વિભાગ | ડે. ડીન મેડિસિન ટેન્ડર સેકશન, ૫૬૬, N.M. જોષી માર્ગ, ભાયખલા (પૂ), મુંબઈ-૪૦૦૦૧૧. |
| સેકશન | મેડિસિન ટેન્ડર સેકશન |
| બીડ નં. | ૨૦૨૫_MCGM_૧૨૫૬૭૮૫ |
| વિષય | મેડિસિન શેડયૂલ નં. XI (ગ્લોવ્સની સપ્લાય) |
| ટેન્ડર તારીખ | પ્રારંભ તારીખ ૧૨.૧૨.૨૦૨૫થી<br>અંતિમ તારીખ ૦૨.૦૧.૨૦૨૫ સાં. ૪.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://www.mahatenders.gov.in<br>નોંધઃ ટેન્ડરમાં કોઈપણ ફેરફાર માટે કૃપા કરીને મહાટેન્ડર પોર્ટલ પર અપલોડ કરેલા સુધારાનો સંદર્ભ લો. |
| સંપર્ક વ્યક્તિ | નામઃ ડૉ. મનીષા મેસ્ત્રી ડે. ડીન (C.P.D.)<br>ડાયરેક્ટ નં.: (૦૨૨) ૨૩૦૮ ૩૧૬૧/૬૨/૬૩ |

સહી/-
ડે. ડીન (CPD) i/c

PRO/2606/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(ચીફ એન્જીનીયર, બિલ્ડીંગ મેન્ટેનન્સ)

નં. Ch.E/B.M./૦૧૬૨૧૦/II તા. ૧૦.૧૨.૨૦૨૫ના

ટૂંકી ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| સબ-ડીપાર્ટમેન્ટ | ડે. ચી. એ. (બિલ્ડીંગ મેન્ટેનન્સ) શહેર |
| ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૨૫૭૭૦૯ |
| વિષય | G/નોર્થ વોર્ડ, મુંબઈમાં ભાગોજી કીર હિન્દુ સ્મશાનભૂમિ, શિવાજી પાર્કમાં વિવિધ સ્ટ્રક્ચરનું મેજર રિપેર્સ. |
| કુલ અંદાજીત ખર્ચ | રૂા. ૫,૧૯,૪૮,૨૮૭.૦૦/- |
| બા.ર.ડી. | રૂ. ૫,૧૯,૫૦૦.૦૦/- (''બારડી'')<br>URL https://mahatenders.gov.in પર GOMના પેમેન્ટ ગેટવે દ્વારા. |
| ટેન્ડર વેચાણ | ૧૨.૧૨.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. થી ૨૨.૧૨.૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ નામ | શ્રી. સુમિત યુ. જોગદંડે |
| ટેલિફોન નં. | ૯૦૮૨૩૦૨૪૪૨ |
| ઈ-મેઈલ- id | se1civil.bm@mcgm.gov.in |

સહી/-
એક્ષિક્યૂટિવ એન્જિનિયર
(B.M.) શહેર-II

PRO/2603/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (સ્ટોર્મ વોટર ડ્રેઈન્સ) પશ્ચિમ ઉપનગર

ગ્રીનવુડ CHSL, ચકાલા, અંધેરી (પૂ), મુંબઈ-૪૦૦ ૦૯૩.

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિષય | WS-827 W.S.ના એચ/વેસ્ટ વોર્ડમાં સાઉથ એવન્યુ નાળા ખાતે નાળાની દિવાલનું કંસ્ટ્રક્શન |
| ટેન્ડર દસ્તાવેજ નં. | e-T નં. 2025_MCGM_1257837 |
| ટેન્ડરની કુલ કિંમત | રૂા. ૨,૪૦,૧૭,૧૧૦/- |
| બાના રકમ ડીપોજીટ (બારડી) | રૂા. ૨,૪૦,૨૦૦/- |
| ટેન્ડર ફી | રૂા. ૨૧,૪૧૭/- (રૂા. ૧૮,૧૫૦ + ૧૮% GST) |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૧૨.૧૨.૨૦૨૫ના ૧૧.૦૦ કલાકથી |
| ટેન્ડરના વેચાણની છેલ્લી તારીખ | ૧૯.૧૨.૨૦૨૫ના ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) અને બીડ સુરક્ષા ડિપોઝિટ / બારડી ઓનલાઈનની પ્રાપ્તિની સુપ્રતિ | ૧૯.૧૨.૨૦૨૫ના ૧૬.૦૦ કલાક સુધી |
| ઈ-પેકેટ A ખૂલશે | ડે.ચી.એ. (SWD) W.S.ની ઓફિસમાં ૨૨.૧૨.૨૦૨૫ના ૧૬.૦૧ કલાક પછી |
| ઈ-પેકેટ B ખૂલશે | ડે.ચી.એ. (SWD) W.S.ની ઓફિસમાં ૨૨.૧૨.૨૦૨૫ના ૧૬.૧૫ કલાક પછી |
| ઈ-પેકેટ C ખૂલશે | ડે. ચી. એ. (SWD) W.S.ની ઓફિસમાં ૨૯.૧૨.૨૦૨૫ના ૧૫.૦૦ કલાક પછી |
| સંપર્ક વ્યક્તિ | શ્રી મયુર પાટીલ, A.E. (SWD) H/W મો. નં. ૮૮૭૯૪૬૦૦૦૪ |

સહી/-
ડેપ્યુટી ચીફ એન્જીનિયર (સ્ટોર્મ વોટર ડ્રેઈન્સ)
પશ્ચિમ ઉપનગર

PRO/2601/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાયડ્રોલિક એન્જિનિયરનો વિભાગ)

નં. EEHW/૧૮૦૧/ww તારીખઃ ૧૧.૧૨.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય મહાટેન્ડર પોર્ટલ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

બીડ નં.- ૨૦૨૫_MCGM_૧૨૫૬૭૯૭_૧

કામનું નામ - A.E.O.C. (T.M.) ડિવિઝન હેઠળ વૃક્ષોનું રક્ષણ અને જાળવણી અને મૃત અને ખતરનાક વૃક્ષો/ ડાળીઓ દૂર કરવા.

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે https://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લેવી.

સહી/-
એક્ષિક્યૂટિવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ

PRO/2593/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

E.E./ગાર્ડન સેલ/Gen/૨૩૮૫ તા. ૧૧.૧૨.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિભાગ નામ | એક્ઝિક્યુટિવ એન્જીનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ) |
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_૧૨૫૭૯૩૮_૧ |
| વિષય | 'T' વોર્ડ ખાતે મુલુંડ ગામના CTS નં. ૩૦ (ભાગ) અને CTS નં. ૨૯/૪ ખાતે રિક્રિએશન ગ્રાઉન્ડનું સૂચિત રિપેર્સ. |
| વેબસાઈટ | મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ http://mahatenders.gov.in |
| ટેન્ડરની કિંમત | રૂા. ૧૮૧૫૦ + ૧૮% GST (૯% CGST + ૯% SGST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદા. કિંમત) | રૂ. ૩,૬૮,૫૫,૪૨૨.૦૦ (GST સિવાય) |
| બિડ સિક્યુરિટી ડિપોઝીટ/બારડી | રૂા. ૩,૬૮,૬૦૦/- |
| ટેન્ડર વેચાણ અને ઈશ્યુ કરવાની તારીખ | ૧૨/૧૨/૨૦૨૫ના ૧૧:૦૦ ક.થી |
| ટેન્ડર વેચાણની અંતિમ તારીખ અને સમય | ૨૨/૧૨/૨૫ના ૧૨:૦૦ ક. સુધી. |
| પેકેટ એ, બી અને સીની સુપ્રતિ (ઓનલાઈન) અને બીડ સિક્યુરિટી ડિપોઝીટની સ્વીકૃતિ | ૨૨/૧૨/૨૫ના ૧૬:૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૨૩/૧૨/૨૫ના ૧૬:૦૧ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૨૬/૧૨/૨૫ના ૧૬:૦૧ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૩૧/૧૨/૨૫ના ૧૫:૦૦ ક. પછી |
| સંદેશ વ્યવહારનું સરનામું | એક્ષીક્યૂટીવ એન્જિનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ), ૪થો માળ, હોકર્સ પ્લાઝા બિલ્ડીંગ, જનતા માર્કેટ, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પ), મુંબઈ-૪૦૦૦૨૮ની ઓફિસ. |
| બિડ ખોલવા માટેનું સ્થળ | N.A. |
| સંપર્ક વ્યક્તિ નામ | શ્રી. નિલેશ બાંદેકર, સબ એન્જિનિયર (ગાર્ડન સેલ) |
| A) નામ | શ્રી. મનોજ કરાટે, આસીસ્ટન્ટ એન્જિનિયર (ગાર્ડન સેલ) |
| B) મોબાઈલ નં. | ૯૯૨૦૧૭૬૬૫૧/ ૯૦૦૪૮૯૭૭૦૨ |
| C) ઈમેલ સરનામું | 3987618@mcgm.gov.in |

સહી/-
(શ્રી. બી. ટી. સાવંત)
એક્ષિક્યૂટિવ એન્જિનિયર
(ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ) I/C

PRO/2614/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

## પબ્લિક નોટિસ

આથી ખબર આપવામાં આવે છે કે અમો, અમારા અસીલના વતીથી, (i) અહીં નીચે લખેલ પ્રથમ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ જમીન (''સદર જમીન'') તથા (ii) અહીં નીચે લખેલ દ્વિતીય પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ ડેવલપમેન્ટ પોટેન્શીયલ / ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ ("FSI")માં હક્ક, ટાઈટલ અને હિતમાં કે જે અહીં નીચે લખેલ તૃતીય પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ વિશાળ જમીન (''સદર વિશાળ જમીન'')માંથી ઉદ્ભવતા / ઉદ્ભવ થઈ શકતા હોય તે અંગેના સી-૩૦૨, ૩જો માળ, વોટરફોર્ડ બિલ્ડિંગ, જુહુ ગલી, નવનીત મોટર્સ ઉપર, અંધેરી (પ), મુંબઈ-૫૮ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવનાર CIN: U45200MH1986PTC039984 ધરાવતા કંપની ધારા, ૨૦૧૩ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ એક પ્રા. લિ. કંપની, **ટ્રાન્સકોન શેઠ ક્રીએટર્સ પ્રા. લિ. ("TSCPL")** નું ટાઈટલ તપાસી રહ્યા છીએ.

**તમામ શખ્સો** જેમાં વ્યક્તિ, હિન્દુ અવિભક્ત પરિવાર, કંપની, બેન્કો, નાણાકીય સંસ્થા/ઓ, નોન-બેન્કિંગ નાણાકીય સંસ્થા/ઓ, હાઉસીંગ ફાયનાન્સ કંપનીઓ, એસેટ રીકંસ્ટ્રક્શન કંપનીઓ, કોઈપણ ટ્રસ્ટ, પેઢી, વ્યક્તિઓનું એસોસીએશન કે વ્યક્તિઓની સંસ્થા સ્થપાયેલ હોય કે ના હોય, લેન્ડર્સ અને/કે લેણદારોનો સમાવેશ છે જે સદર જમીન અને/અથવા સદર વિશાળ જમીન કે તેના કોઈપણ ભાગ કે હિસ્સામાંથી ઉદ્ભવતી FSI ની બાબતમાં વેચાણ, અદલાબદલી, એસાઈનમેન્ટ, ભેટ, બીક્વેસ્ટ, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીવ & લાયસન્સ, લાયસન્સ, કોવેનન્ટ, ગીરો, બોજા, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, સક્સેસન, કરાર, કોન્ટ્રાક્ટ, સમજૂતિના કરાર, ઇઝમેન્ટ, રાઈટ ઓફ વે, ભોગવટો, કબજો, પારિવારિક વ્યવસ્થા, પતાવટ, નિભાવ, કાયદાની કોઈપણ કોર્ટના ડીક્રી કે ઓર્ડર, લીસપેન્ડન્સ, જપ્તી, આરક્ષણ, વિકાસ હક્ક, FSI કન્ઝમ્પશન કે કોઈપણ જવાબદારી કે કમીટમેન્ટ કે કોઈપણ પ્રકારની માંગણી કે બીજી કોઈ રીતે કોઈપણ વાંધો, દાવો, હક્ક, ટાઈટલ, હિસ્સો અને/કે હિત TSCPLની સામે ધરાવતા હોય તો સદરની જાણ લેખિતમાં સમર્થનમાં અસલ દસ્તાવેજો સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ શાર્દુલ અમરચંદ મંગલદાસ & કાં., એક્સપ્રેસ ટાવર્સ, ૨૪મો માળ, નરીમન પોઇન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧ ખાતે આ નોટિસ છપાયાની તા.થી ૧૪ કેલેન્ડર દિવસની મુદતમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સ કે શખ્સોના કંઈ દાવા હશે તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**અહીં ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટઃ**
*(સદર જમીનનું વર્ણન)*

અહીં નીચે લખેલ તૃતીય પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ સદર વિશાળ જમીનનો ભાગ રચતા ગુરિયા પાડા, લીન્ક રોડ, માલાડ (પ), મુંબઈ-૬૪, ગામ વલનાઈ, તા. બોરીવલી, મુંબઈ પરા જીલ્લા ખાતે આવેલ વિશાળ જમીનનો ભાગ રચતા અને CTS નં. ૩૮૨/એ (ભાગ) ધરાવતા ભરતમાં ૨૬૩૬ ચો.મી. જમીનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયલ છે :

ઉત્તરે કે તે તરફઃ CTS નં. ૩૮૩ દ્વારા
દક્ષિણે કે તે તરફઃ CTS નં. ૩૮૨/એ ધરાવતા ટાવર ૩ સેલ બિલ્ડિંગ નં. ૧ થી
પૂર્વે કે તે તરફઃ ૧૮.૩૦ મી. પહોળા ડીપી રોડથી
પશ્ચિમે કે તે તરફઃ CTS નં. ૩૮૨/એ ધરાવતા સેલ બિલ્ડિંગ નં. ૧ની અડીને આવેલ વીંગ ઈ થી

**અહીં ઉપર ઉલ્લેખેલ દ્વિતીય પરિશિષ્ટઃ**

સદર જમીન પર નોંધણી નં. P51800055982 હેઠળ મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ ઓથોરીટી જોડે નોંધાયેલ "Auris નેક્ષસ ટાવર ૪" તરીકે જાણીતા ટાવર ૪ ના કોમર્સીયલ કોમ્પોનન્ટ તથા નોંધણી નં. P51800055792 હેઠળ મહારાષ્ટ્ર રીયલ એસ્ટેટ ઓથોરીટી જોડે નોંધાયેલ "Auris Serenity ટાવર-૪" તરીકે જાણીતા ટાવર ૪ ના રહેણાંક કોમ્પોનન્ટના કંસટ્રક્શન માટે વિશાળ જમીનમાંથી ઉદ્ભવતા/અથવા જે ઉદ્ભવ થઈ શકે છે તે ૫૭,૧૮૯.૭૮ ચો.મી.ની એક્ષ્ટેન્ટની ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ.

**અહીં ઉપર ઉલ્લેખેલ તૃતીય પરિશિષ્ટઃ**
*(સદર વિશાળ જમીનનું વર્ણન)*

ગુરિયા પાડા, લીન્ક રોડ, માલાડ (પ), મુંબઈ-૬૪, ગામ વલનાઇ, તા. બોરીવલી, મુંબઈ પરા જીલ્લા ખાતે આવેલ C.T.S. નં. ૩૨૨/સી, ૩૨૩/એ, ૩૨૫/એ (ભાગ), ૩૨૬, ૩૨૭, ૩૨૮, ૩૨૯, ૩૩૦, ૩૩૦/૧-૨, ૩૩૧, ૩૩૨, ૩૩૩, ૩૬૩ (ભાગ), ૩૬૫, ૩૬૫/૧ થી ૪, ૩૬૬, ૩૬૭, ૩૬૮, ૩૬૯, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૩૭૩, ૩૭૪, ૩૭૫, ૩૭૬/એ, ૩૭૬/૧-૫, ૩૭૭, ૩૭૮, ૩૭૯, ૩૮૦, ૩૮૧, ૩૮૨/એ, ૪૧૬, ૪૨૨, ૪૨૪, ૪૨૫, ૪૨૬ અને ૪૨૭ ધરાવતા કુલ મળી ભરતમાં ૭૦,૫૩૮.૫૯ ચો.મી. કે તે સુમારે જમીનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ

ઉત્તરે કે તે તરફઃ CST નં. ૩૮૩, ૩૮૪, ૪૧૫, ૪૧૯, ૪૨૧, ૪૨૩, ૪૨૮ અને ૪૨૯ દ્વારા.
દક્ષિણે કે તે તરફઃ CTS નં. ૩૬૩ (ભાગ), ૩૬૨ દ્વારા અને અંશતઃ રીતે ૧૮.૩૦મી. પહોળા ડી. પી. રોડથી
પૂર્વે કે તે તરફઃ CTS નં. ૩૨૫/એ/૪, ૩૨૫/એ/૩, ૩૨૩/બી, ૩૨૨/બી, ૩૨૫/સી, ૩૭૬/બી અને ૩૮૨/બી દ્વારા
પશ્ચિમે કે તે તરફઃ CTS નં. ૪૩૦, ૪૩૨, ૪૩૩ દ્વારા અને અંશતઃ રીતે મોજૂદ રોડથી.

આજ તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૫

શાર્દુલ અમરચંદ મંગલદાસ & કાં.
સહી/-
(ભૌમિક એસ. વૈદ્ય)
પાર્ટનર

# મરીન ડ્રાઈવમાં ગુજરાતીના ફ્લેટમાંથી ૩.૫૬ કરોડના સોના-હીરાજડિત ઘરેણાં ચોરનારી નોકરાણી ઝડપાઇ

## કલ્યાણના પોતાના ઘરે આરોપીએ છુપાવી રાખેલા ૧.૨૭ કરોડના ઘરેણાં જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના મરીન ડ્રાઇવ વિસ્તારમાં ગુજરાતીના ફ્લેટમાંથી ૩.૫૬ કરોડ રૂપિયાના સોના-હીરાજડિત ઘરેણાં ચોરનારી ૪૪ વર્ષની નોકરાણીની પોલીસે ધરપકડ કરી હતી. કલ્યાણના કોલસેવાડી વિસ્તારમાં નોકરાણીએ પોતાના ઘરમાં છુપાવી રાખેલા ૧.૨૭ કરોડ રૂપિયાનાં ઘરેણાં જપ્ત કરવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

મરીન ડ્રાઇવ પોલીસે આ કેસમાં ધરપકડ કરેલી નોકરાણીની ઓળખ અર્ચના સુનીલ સાળવી તરીકે થઇ હતી. પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

સિનિયર ઇન્સ્પેક્ટર નીલેશ બાગુલે જણાવ્યું હતું કે મરીન ડ્રાઇવ વિસ્તારમાં ભારતી ભુવન ખાતે રહેતા હર્ષ દલાલ (૬૫)ના ફ્લેટમાં ૨૭ એપ્રિલ, ૨૦૨૫થી ૨૬ જુલાઇ, ૨૦૨૫ દરમિયાન ચોરી થઇ હતી. ડાયમંડની કંપનીમાં કામ કરનારા હર્ષ દલાલ દુબઇમાં રહે છે અને તેઓ દર બે મહિને પોતાની વૃદ્ધ માતાને મળવા માટે

(જુઓ પાનું ૪) ▶▶

# પડઘા આઇએસઆઇએસ સાથે કડી ધરાવતા કટ્ટરવાદના કેસમાં ઇડીના ચાર રાજ્યમાં દરોડા

મુંબઈઃ થાણે જિલ્લાના ભિવંડીના પડઘા ગામમાં બેઝ ધરાવતા પ્રતિબંધિત વૈશ્વિક આતંકવાદી સંગઠન આઇએસઆઇએસના ‘ઉચ્ચ કટ્ટરવાદી’ મોડ્યુલ વિરુદ્ધ ટેરર ફન્ડિંગ સાથે જોડાયેલા મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) દ્વારા ગુરુવારે ચાર રાજ્યમાં દરોડા પાડવામાં આવ્યા હતા. ઇડી દ્વારા ગુરુવારે વહેલી સવારે સાગમટે ૪૦ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં મહારાષ્ટ્રના થાણેમાં

(જુઓ પાનું ૪) ▶▶

# ‘ઓસી’ વિનાની બિલ્ડિંગ્સને રાહત

નાગપુરઃ મુંબઈમાં વરસો સુધી ફરજિયાત દસ્તાવેજો વિનાની રહેલી ૨૦,૦૦૦ જેટલી ઈમારતોને નિયમિત કરવા મહારાષ્ટ્ર સરકાર ઑક્યુપન્સી સર્ટિફિકેટ (ઓસી) ઍમ્નિસ્ટિ સ્કીમ લાવશે, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગુરુવારે કહ્યું હતું.

હાલ નાગપુરમાં ચાલી રહેલા વિધાનસભાના શિયાળુ સત્રમાં બોલતા શહેરી વિકાસ અને હાઉસિંગ ખાતાના પ્રધાન શિંદેએ જાહેરાત કરી હતી કે ઓસી ન હોવાને કારણે કાયદાકીય

(જુઓ પાનું ૪) ▶▶













"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**